વર્ષ : ૪૨ ♦ અંક : ૧૦
ઓક્ટોબર - ૨૦૧૮

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર




શ્રી મહાવીર ભગવાન

## ભજીને ભગવંત ભવંત લહો...

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

# સંસ્થામાં પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વની ઉજવણી વેળાની તસવીરો
(તા. ૬-૯-૨૦૧૮ થી તા. ૧૩-૯-૨૦૧૮)



પૂજ્યશ્રીની નિશ્રા



બા.બ્ર.પં.સુમતપ્રકાશજી



જિનાભિષેક




બા.બ્ર.શ્રી સુરેશજી



બા.બ્ર. નિખિલભૈયા



ભક્તિસંગીત - આદ.ડો. મોનિકાબેન




પૂ.ભાનુવિજયજી મ.સા. વિરચિત
'અપૂર્વ અવસર' પુસ્તકનું વિમોચન



ધાર્મિક ક્વીઝ







સાંસ્કૃતિક કાર્યક્રમો

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) સાધનામાં જાગૃતિની આવશ્યકતા ............
...................... પૂજ્યશ્રી આત્માનંદજી ..... ૬

(૩) આસક્તિ એટલે જીવનનું અંધત્વ ............
...................... ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૯

(૪) શ્રી સમાધિતંત્ર અમૃતરસપાન ...............
..................... પ્રા. ચંદાબહેન પંચાલી .... ૧૨

(૫) શ્રી સામાયિક પાઠ ........... પૂજ્ય બહેનશ્રી .... ૧૪

(૬) શ્રી દેવચંદ્રજી ચોવીશી..શ્રી અશોકભાઈ પી. શાહ .... ૧૬

(૭) મુન્યાચાર ...............બા.બ્ર. શ્રી સુરેશજી .... ૨૦

(૮) ધર્મદુર્લભ ભાવના ......શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૩

(૯) આત્માની ભાવભાવશક્તિ....શ્રી વલભજી હીરજી .... ૨૯

(૧૦) મનમાં રહેલા રાવણને મારો... શ્રી પારુલબેન ગાંધી .... ૩૦

(૧૧) પુસ્તક સમાલોચના ......શ્રી મિતેશભાઈ શાહ .... ૩૨

(૧૨) જીવનસૌંદર્ય : દિવાળી પુસ્તિકા .................. ૩૩

(૧૩) સમાજ-સંસ્થા દર્શન ......................... ૩૫



**વર્ષ : ૪૨ ઓક્ટોબર, ૨૦૧૮ અંક - ૧૦**



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**
**કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)**
**ફોન: (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪**
mail@shrimadkoba.org, www.shrimadkoba.org


**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**
**Name of Bank :** Kotak Mahindra Bank
**Branch :** Chandkheda, Ahmedabad - 382424.
**A/c. No. :** 08390020000044 • **IFS Code :** KKBK0000839


**-: પ્રેરક :-**
**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

**-: તંત્રી - સંપાદક :-**
**શ્રી મિતેશ એ. શાહ**
ફોન : (૦૭૯) ૨૭૫૦૩૬૫૬

**-: સ્વત્વાધિકારી :-**
**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

**-: મુદ્રક-પ્રકાશક :-**
**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

**-: પ્રકાશન સ્થળ :-**
**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
કોબા - ૩૮૨ ૦૦૭
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯
૨૩૨૭૬૪૮૩/૮૪
ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

**-: લવાજમ શ્રેણી :-**
**ભારતમાં**
ત્રિવાર્ષિક રૂા. ૪૦૦
આજીવન રૂા. ૨૦૦૦
**પરદેશમાં**
By Air Mail
ત્રિ-વાર્ષિક : Rs. 4000
$-80, £-60
આજીવન : Rs. 15000
$-300, £-220

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

હે પરમકૃપાળુદેવ !

ભગવાન મહાવીરે કહ્યું છે કે, આરોગ્ય-માંદગી, શાંતિ-અશાંતિ, કીર્તિ-બદનામી, સુખ-દુઃખ, મનુષ્યપણું-પ્રાણીપણું, આ સર્વનું કારણ પોતાના કર્મો જ હોય છે અને દરેક આત્મા કર્મોથી મુક્ત બનીને પરમાત્મસ્વરૂપને પ્રાપ્ત કરી શકે છે.


હે પ્રભુ ! અત્યાર સુધી આવી વાતો અમે જાણતા ન હતા ત્યાં સુધી જીવનમાં જે સારું બને તે અમે કર્યું, અને નઠારું બને તે માટે બીજાને દોષ દેતા હતા. ઉદયમાં આવેલા કર્મો ભોગવતા તો હતા પણ ભોગવતી વખતે સમભાવ રહેતો ન હતો. તેથી ફરીથી નવા કર્મો બંધાતા જ રહેતા હતા. આપ મળ્યા, સદ્ગુરુદેવનું શરણ મળ્યું. આપના અમૃતવચનોએ તો કોઈ અલૌકિક અસર કરી-કરવા માંડી ! અનાદિકાળથી આત્મા ઉપર ચોંટેલી માન્યતાઓના પાયા હચમચી ઉઠ્યા છે. આપે કહ્યું છે કે કોઈનો દોષ નથી ! અમે કર્મ બાંધ્યા છે, એટલે અમારો જ દોષ છે. વળી કહ્યું છે કે તારો દોષ એટલો જ છે કે પોતે પોતાને ભૂલી જવું અને પરને પોતાનું માનવું. 'ક્ષમાપના'ના પાઠમાં આપે આ વાત સ્પષ્ટપણે સમજાવી છે. તેમાં જીવના દોષોનું વર્ણન વાંચતા અમને ખ્યાલ આવી ગયો છે, છતાં પણ કોઈવાર મન ડગી જાય છે ત્યારે આપનું બોધવચન સ્મરણમાં આવે છે કે, સર્વ કાર્યમાં કર્તવ્ય માત્ર આત્માર્થ છે એ સંભાવના નિત્ય મુમુક્ષુ જીવે કરવી યોગ્ય છે. આ બધું જાણીને કહેવાનું મન થાય છે -

"બંધન ગાઢા અતિ બાંધ્યા મેં, વગર વિચાર્યે હે ગુરુરાજ !
કેમ કરીને છૂટું હું તો, શક્તિ નથી કંઈ મુજમાં આજ,
નિર્બળ ને પામર છું હું તો, તું છો સમજણનો ભંડાર,
ભવસાગરને પાર કરું હું, એવી સમજણ દો દાતાર.
અનંતવાર આતમને ગાળ્યો, દેહને અર્થે મેં ગુરુરાજ,
શક્તિ એવી આપજો મુજને, દેહને ગાળું આતમ કાજ !"

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી



### પત્રાંક ૮૪

**વિ. સં. ૧૯૪૬**

ભાઈ, આટલું તારે અવશ્ય કરવા જેવું છે :-

૧. દેહમાં વિચાર કરનાર બેઠો છે તે દેહથી ભિન્ન છે ? તે સુખી છે કે દુઃખી ? એ સંભારી લે.

૨. દુઃખ લાગશે જ, અને દુઃખનાં કારણો પણ તને દૃષ્ટિગોચર થશે, તેમ છતાં કદાપિ ન થાય તો મારા કોઈ ભાગને વાંચી જા, એટલે સિદ્ધ થશે. તે ટાળવા માટે જે ઉપાય છે તે એટલો જ કે તેથી બાહ્યાભ્યંતરરહિત થવું.

૩. રહિત થવાય છે, ઓર દશા અનુભવાય છે એ પ્રતિજ્ઞાપૂર્વક કહું છું.

૪. તે સાધન માટે સર્વસંગપરિત્યાગી થવાની આવશ્યકતા છે. નિર્ગ્રંથ સદ્ગુરુના ચરણમાં જઈને પડવું યોગ્ય છે.

૫. જેવા ભાવથી પડાય તેવા ભાવથી સર્વકાળ રહેવા માટેની વિચારણા પ્રથમ કરી લે. જો તને પૂર્વકર્મ બળવાન લાગતાં હોય તો અત્યાગી, દેશત્યાગી રહીને પણ તે વસ્તુને વિસારીશ નહીં.

૬. પ્રથમ ગમે તેમ કરી તું તારું જીવન જાણ. જાણવું શા માટે કે ભવિષ્યસમાધિ થવા. અત્યારે અપ્રમાદી થવું.

૭. તે આયુષ્યનો માનસિક આત્મોપયોગ તો નિર્વેદમાં રાખ.

૮. જીવન બહુ ટૂંકું છે, ઉપાધિ બહુ છે, અને ત્યાગ થઈ શકે તેમ નથી તો, નીચેની વાત પુનઃ પુનઃ લક્ષમાં રાખ.

૧. જિજ્ઞાસા તે વસ્તુની રાખવી.

૨. સંસારને બંધન માનવું.

૩. પૂર્વ કર્મ નથી એમ ગણી પ્રત્યેક ધર્મ સેવ્યા જવો. તેમ છતાં પૂર્વ કર્મ નડે તો શોક કરવો નહીં.

૪. દેહની જેટલી ચિંતા રાખે છે તેટલી નહીં પણ એથી અનંત ગણી ચિંતા આત્માની રાખ, કારણ અનંત ભવ એક ભવમાં ટાળવા છે.

૫. ન ચાલે તો પ્રતિશ્રોતી થા.

૬. જેમાંથી જેટલું થાય તેટલું કર.

૭. પારિણામિક વિચારવાળો થા.

૮. અનુત્તરવાસી થઈને વર્ત.

૯. છેવટનું સમયે સમયે ચૂકીશ નહીં. એ જ ભલામણ અને એ જ ધર્મ.

### પત્રાંક ૮૫

**મુંબઈ, વિ. સં. ૧૯૪૬**

સમજીને અલ્પભાષી થનારને પશ્ચાત્તાપ કરવાનો થોડો જ અવસર સંભવે છે.

હે નાથ ! સાતમી તમતમપ્રભા નરકની વેદના મળી હોત તો વખતે સમ્મત કરત, પણ જગતની મોહિની સમ્મત થતી નથી.

પૂર્વનાં અશુભ કર્મ ઉદય આવ્યે વેદતાં જો શોચ કરો છો તો હવે એ પણ ધ્યાન રાખો કે નવાં બાંધતાં પરિણામે તેવાં તો બંધાતા નથી ?

આત્માને ઓળખવો હોય તો આત્માના પરિચયી થવું, પરવસ્તુના ત્યાગી થવું.

જેટલા પોતાની પુદ્ગલિક મોટાઇ ઇચ્છે છે તેટલા હલકા સંભવે.

પ્રશસ્ત પુરુષની ભક્તિ કરો, તેનું સ્મરણ કરો; ગુણચિંતન કરો.

■ ■ ■

# સાધનામાં જાગૃતિની આવશ્યકતા

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



**ભૂમિકા :** અધ્યાત્મજગતમાં જાગૃતિ એ જીવન છે. જો સાધક અસાવધાન રહે તો તેની અવગતિ થાય. જીવનમાં જેટલી જાગૃતિ રાખીએ તેટલો પ્રમાદ ટળી શકે. આત્મા જાગ્રત રહે તે માટે આપણે સર્વાંગ પ્રયત્નો કરવા જોઈએ; કારણ કે પૂર્વસંચિત કુસંસ્કારોનો ધક્કો આપણને પ્રમાદ કરાવે છે. પૂર્વકર્મોને આધીન થઈને વર્તવું તે પતિત પરિણામી મનની નિશાની છે. સાધનામાં જો આપણે વિશેષ પુરુષાર્થ ન કરીએ - જાગૃતિ ન રાખીએ - તો આપણી પડતી થાય છે. સામાન્ય માણસનું મન તો પતિત પરિણામી હોય છે. જેમ પાણી નીચેની તરફ વહે છે તેવી રીતે કુસંસ્કારોને વશ થયેલું મન જીવને અધોગતિમાં લઈ જાય છે. શ્રીમદ્ રાજચંદ્રજી શ્રી મોક્ષમાળા શિક્ષાપાઠ - ૬૮ 'જિતેન્દ્રિયતા'માં જણાવે છે, "મનને વશ કરવું એ સર્વોત્તમ છે. એના વડે સઘળી ઇંદ્રિયો વશ કરી શકાય છે. મન જીતવું બહુ બહુ દુર્ઘટ છે. એક સમયમાં અસંખ્યાતા યોજન ચાલનાર અશ્વ તે મન છે. એને થકાવવું બહુ દુર્લભ છે... મહાજ્ઞાનીઓએ જ્ઞાનરૂપી લગામ વડે કરીને એને સ્તંભિત રાખી સર્વ જય કર્યો છે." ભગવાન મહાવીર ગણધર ગૌતમ સ્વામીને કહેતા કે समयं गोयम् मा पमाए – અર્થાત્ એક સમય માત્ર પણ પ્રમાદ ન કર. આપણો કેટલો સમય પ્રમાદમાં જાય છે તેનું આપણે નિરીક્ષણ કરવું જોઈએ.

**● જગતના સામાન્ય મનુષ્યોની સ્થિતિ :**

જગતના મોટા ભાગના લોકોનું જીવન પ્રમાદ અને પૂર્વકર્મને વશ થઈને વ્યતીત થઈ જાય છે. તેમનું જીવન પશુ સમાન હોય છે. શ્રીમદ્ રાજચંદ્ર શ્રી મોક્ષમાળા શિક્ષાપાઠ - ૫૦ 'પ્રમાદ'માં જણાવે છે, "મૂઢ પુરુષો નિદ્રા, આહાર, મોજશોખ અને વિકથા તેમજ રંગરાગમાં આયુ વ્યતીત કરી નાખે છે. એનું પરિણામ તેઓ અધોગતિરૂપ પામે છે."

આવા જીવોને ભવિષ્યમાં ઘણું જ દુ:ખ પડે છે. શ્રીમદ્ શંકરાચાર્યજી મહારાજ જણાવે છે. તેમ -

**पुनरपि जननं पुनरपि मरणं**
**पुनरपि जननी जठरे शयनम् ।**

જગતના મનુષ્યો મોહમાં મસ્ત બની પોતાને સુખી માને છે ! આવા જીવો ધન - સત્તા આદિ બાહ્ય વૈભવથી જ પોતાને મોટા માને છે ! કબીરજી જણાવે છે -

"તીસ વરસ કી અબ મતિ ઊપજી,
દિન દિન લોભ નયો,
સાધુકી સંગત કબહુ ન કીની,
બિરથા જનમ ગયો,
જનમ તેરો બાતો મેં બીત ગયો."

શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૨૧૩માં જણાવે છે-

"આ લોક ત્રિવિધ તાપથી આકુળવ્યાકુળ છે. ઝાંઝવાનાં પાણીને લેવા દોડી તૃષા છીપાવવા ઇચ્છે છે, એવો દીન છે. અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થઈ જવાથી ભયંકર પરિભ્રમણ તેને પ્રાપ્ત થયું છે. સમયે સમયે અતુલ ખેદ, જ્વરાદિક રોગ, મરણાદિક ભય, વિયોગાદિક દુ:ખને તે અનુભવે છે."

**● કક્ષા અનુસાર જાગૃતિ :**

સામાન્ય મનુષ્ય જઘન્ય કક્ષાની, મુમુક્ષુ મધ્યમ કક્ષાની અને જ્ઞાની ધર્માત્મા તેમજ સાચા મુનિ ઉત્તમ

કક્ષાની જાગૃતિ રાખી શકે. આપણે જીવન અને સાધનાને અલગ પાડવાના નથી. આપણું જીવન જ સાધનામય હોવું જોઈએ. સાધના તો થોડા વિવેકી મનુષ્યો કરી શકે છે. ગુણસ્થાનક અનુસાર જાગૃતિ રાખી શકાય. ચોથા ગુણસ્થાનકવાળા અવિરત સમ્યક્દૃષ્ટિ જીવોની જાગૃતિ મુમુક્ષુ કરતા વધારે હોય છે. આવા સમ્યક્દૃષ્ટિ ધર્માત્મા મોક્ષમાર્ગમાં જેમ જેમ આગળ વધે તેમ તેમ તેમની જાગૃતિ વધતી જાય. આપણે જેટલો સત્પુરુષાર્થ કરીએ તેટલી જાગૃતિ વધતી જાય અને આત્મોન્નતિ થાય એટલે કે સાચી શાંતિ અને આનંદની વૃદ્ધિ થાય.

"જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ."

**- શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર**

**● જાગૃતિ રાખવા શું કરવું ?**

સાધના કરતી વખતે જાગૃતિ રાખવી સહેલી છે, પણ દુનિયાના કાર્યો કરતાં જાગૃતિ રાખવી અઘરી છે. જીવનમાં કામ અને અર્થરૂપી પુરુષાર્થ પર કાપ મૂકીને ધર્મ અને મોક્ષરૂપી પુરુષાર્થ વધારવો. દુનિયાના કાર્યો કરતી વખતે 'મુંઝાઈ' જવું નહિ અર્થાત્ મોહાસક્ત ન થવું. મોટા પુરુષો તો સર્વ જંજાળને છોડીને પૂર્ણ સાધનામય જીવન વીતાવે છે, પણ આપણા જેવાઓને દુનિયાના કાર્યો કરવાં પડતાં હોય તો શું કરવું ?

"કરતાં જઈએ ઘરનું કામ ને
લેતા જઈએ પ્રભુનું નામ."

સતત પ્રભુનામસ્મરણ એ જાગૃતિનો આ કાળે શ્રેષ્ઠ ઉપાય છે. પરમાત્માનું અને સદ્ગુરુનું પ્રેમપૂર્વક સ્મરણ કરવાથી આપણા અબજો પાપકર્મો નાશ પામે છે. અંતરના પ્રેમપૂર્વક ભગવાનને ભજે છે તેનું અવશ્ય કલ્યાણ છે.

'શુભ ભાવ વડે મન શુદ્ધ કરો,
નવકાર મહાપદને સમરો,
નહિ એહ સમાન સુમંત્ર કહો;
ભજીને ભગવંત ભવંત લહો.'

**- શ્રીમદ્ રાજચંદ્ર**

મહાપુરુષોનું તો સમગ્ર જીવન સાધનામય હોય છે.

"લાખ વિનાના લેખા નહિ ને પાર વિનાની પૂંજી
વહોરવું હોય તો વહોરી લેજો કસ્તૂરી છે સોંઘી;
અમે તો રામનામના વેપારી"

આત્મ-જાગૃતિ વિશેષપણે વર્ધમાન કરવા માટે જગતના પ્રપંચમય કાર્યો ઘટાડવાં જરૂરી છે. જાગૃતિ વધારવા માટે જેમનો આત્મા નિર્મળ થયો છે તેવા સત્પુરુષનો સમાગમ અને બોધ વારંવાર પ્રાપ્ત કરવો. મિથ્યા આગ્રહ, સ્વચ્છંદ, પ્રમાદ અને વિષય-લોલુપતાનો ત્યાગ કરીને સત્સંગની ઉપાસના કરવી. જે વારંવાર આત્માનો અનુભવ કરે તે મહાન ધર્માત્મા છે. આવા મહાન ધર્માત્માનો સમાગમ થાય તો આપણું અહોભાગ્ય ગણાય. યથા -

"ગુરુ કે ઉપદેશ સમાગમસે
જિસને અપને ઘટ ભીતર મેં,
બ્રહ્માનંદ સ્વરૂપ કો જાન લિયા,
ઉન સાધન ઔર ક્રિયા ન કિયા,
નામ લિયા પ્રભુકા જિસને...."

આપણે થોડા દિવસ સાધના કરીએ છીએ અને થોડા દિવસ નથી કરતા, એટલે સાધનાનું સાતત્ય જળવાતું નથી. પરિણામે જાગૃતિ રહેતી નથી. જેમ જેમ આપણામાં સત્પાત્રતા વધે તેમ તેમ જાગૃતિ વધે. સત્પુરુષાર્થ કરવાથી તત્ક્ષણ યોગ્યતા અને પાપકાર્યો કાયમી ધોરણે ઘટાડવાથી સમુચ્ચય યોગ્યતા વધે છે.

"દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય."

**- શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર**

પાત્રતા કેળવવા માટેના અન્ય ગુણો મધ્યે લોભ ઘટાડવા માટે દાનની ખાસ આવશ્યકતા છે. મનુષ્ય પોતાના 'ભાવ' અને સંપત્તિને અનુરૂપ દાન આપી શકે છે. જેમ પૈસો વધતો જાય છે તેમ લોભ પણ વધતો જાય છે ! 'जथा जथा लाहो तथा तथा लोहो ।' દાન આપવામાં ભગવાનના વચનનો વિશ્વાસ વધારે કામ કરે છે. ભગવાને કહેલા પાપ અને પુણ્ય તત્ત્વનો વિશ્વાસ નથી એટલે જ મનુષ્ય માને છે કે આપવાથી ધન ખલાસ થઈ જશે ! માટે તે દાન કરતો નથી, પરંતુ આપવાથી ખલાસ નહિ થાય, પુણ્ય ખલાસ થવાથી ધન ખલાસ થશે !

'દેનેવાલા દેતા હૈ તો છપ્પર ફાડ કે દેતા હૈ'

'દાને દાને પે લિખા હુઆ હૈ ખાનેવાલેકા નામ.'

ગૃહસ્થધર્મના બે પાયા છે : (૧) ભક્તિ અને (૨) દાન. માટે આપણે લોભને ઘટાડવાં અવશ્ય દાન કરવું. આરંભ - પરિગ્રહ ઘટાડવાથી આત્મા મોક્ષમાર્ગમાં આગળ વધી શકે છે.

"આરંભ અને પરિગ્રહનો જેમ જેમ મોહ મટે છે, જેમ જેમ તેને વિષેથી પોતાપણાનું અભિમાન મંદપરિણામને પામે છે; તેમ તેમ મુમુક્ષુતા વર્ધમાન થયા કરે છે." - **વચનામૃત પત્રાંક ૩૩૨**

ચિત્તશુદ્ધિ માટે સત્સંગ, ભક્તિ, સત્શાસ્ત્રોનું મનન-ચિંતન, સદ્‌બોધની પ્રબળતા વગેરેની આવશ્યકતા છે. જાગૃતિ માટે સાદું જીવન, ઉચ્ચ વિચારોને વળગી રહો, સંતોષ ગુણને કેળવો. અનીતિની કમાણીથી બહુ દુઃખ પડશે. ગજસુકુમાર, પાંડવો, સીતામાતા, ઋષભદેવ, પાર્શ્વનાથ, મહાવીર સ્વામી જેવા મહાન પુરુષોને પણ પાપકર્મોનો ઉદય આવ્યો હતો, તો આપણા જેવાની તો વાત જ શી ? માટે દુઃખના પ્રસંગોમાં સમતા - જાગૃતિ રાખવી. જેના મન, વચન, અને વર્તનમાં સમરસીપણું ન હોય તેને કલ્યાણમાર્ગની પ્રાપ્તિ થઈ શકે નહિ, કારણ કે સરળતાનો ગુણ પાયારૂપ છે. ઉચ્ચ કક્ષાની આત્મ-જાગૃતિ માટે જિજ્ઞાસાબળ, વિચારબળ, વૈરાગ્યબળ, ધ્યાનબળ અને જ્ઞાનબળ વધારવાની અને તેને માટે સત્સમાગમની ઉપાસના કરવાની જ્ઞાની પુરુષોએ આજ્ઞા કરી છે. શ્રદ્ધા, સબૂરી અને સહનશીલતા - સાધક માટે આ ત્રણ ગુણો કેળવવા અતિ આવશ્યક છે.

જ્યારે કોઈ અયોગ્ય કાર્ય કરવાનો પ્રસંગ આવે ત્યારે મુમુક્ષુએ વિચારવું કે હું ભગવાનનું નામ લઉં છું અને ખોટું કામ કરું છું ! આત્મનિરીક્ષણ કરવાથી અને અધ્યાત્મ-ડાયરી લખવાથી સાધકમાં આત્મ-જાગૃતિની વૃદ્ધિ થતી જાય છે.

**આત્મજાગૃતિ માટે મહાપુરુષોની પ્રેરણા :**

(૧) "માનુષકી દેહ પાઈ, પ્રભુ સે ન પ્રીત લાઈ;
વિષયોંકે જાલમાંહિ ફસિયા નિકામ હૈ,
જિંદગી સુધાર બંદે યહી તેરો કામ હૈ."

(૨) "ઊઠ જાગ મુસાફિર ભોર ભઈ,
અબ રૈન કહાં જો સોવત હૈ,
જો સોવત હૈ સો ખોવત હૈ,
જો જાગત હૈ સો પાવત હૈ."

(૩) "જનમ જનમ કે સોએ અભાગી,
જાગત જાગત જાગેગા,
રંગ લાગત લાગત લાગેગા,
ભ્રમ ભાગત ભાગત ભાગેગા,
પ્રભુ કી ભક્તિ ગુરુજીકી સેવા
પાવત પાવત પાવેગા.."

(૪) "જગત આત્મરૂપ માનવામાં આવે; જે થાય તે યોગ્ય જ માનવામાં આવે; પરના દોષ જોવામાં ન આવે; પોતાના ગુણનું ઉત્કૃષ્ટપણું સહન કરવામાં આવે તો જ આ સંસારમાં રહેવું યોગ્ય છે; બીજી રીતે નહીં."

(૬) "હું તો હાલું ચાલું ને હરિ સાંભરે રે,
મારું હાલવું તે અટકી જાય રે;
હરિ મને સાંભરે રે."

(૭) "આત્માની મસ્તી નથી કાંઈ સસ્તી,
જાગૃતિ વિનાનું જીવન છે પસ્તી."

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

પરમનો સ્પર્શ - ૧૦૧

# આસક્તિ એટલે જીવનનું અંધત્વ

**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

શબ્દોનું જગત પણ કેવું રમણીય, અર્થપૂર્ણ અને વૈવિધ્યમય છે ! એક જ શબ્દ કેટકેટલાં અર્થો ધારણ કરે છે અને એ પ્રત્યેક અર્થ માર્મિક રીતે સાર્થક લાગે છે ! એક 'મોહ' શબ્દનો જ વિચાર કરીએ તો એનાં ત્રણ અર્થો પ્રાપ્ત થાય છે. એનો પહેલો અર્થ એ છે મોહ એટલે આસક્તિ. બીજો અર્થ છે મૂર્ચ્છા અને ત્રીજો અર્થ છે ભ્રમ અથવા અજ્ઞાન. આ અર્થોની આંગળીએ ચાલીએ તો પ્રથમ આસક્તિ વિશે વિચારીએ. આસક્તિ એટલે અંધત્વ. વ્યક્તિ જેમાં આસક્ત બને છે, તેમાં એ મોહાંધ થઈ જાય છે. સમગ્ર જગતમાં એને તો જેના પ્રત્યે આસક્તિ હોય છે, તે જ નજરે પડે છે, એ વિશેની જ વાત સંભળાય છે અને એ જ એની દુનિયા બની રહે છે.

મહાકવિ ભારવિએ સંસ્કૃત મહાકાવ્ય 'કિરાતાર્જુનીયમ્'માં કહ્યું છે કે વિષયો પ્રત્યેની આસક્તિ મોહ ઉત્પન્ન કરે છે અને વ્યક્તિના ચિત્તમાં આવી કોઈ આસક્તિ જાગે તો એનું સમગ્ર જીવન એ આસક્તિની પાછળ પસાર કે ખુવાર થઈ જાય છે. મોહના આ રૂપને જાણવાની જરૂર છે, કારણ કે એ મોહ વ્યક્તિને વધુને વધુ આકર્ષતો રહે છે.

કોઈ વ્યક્તિ વાસના કે વ્યસનમાં પડે, ત્યારે પ્રારંભે એને એમાંથી આનંદ આવતો નથી. શરૂઆતની ક્ષણોમાં બેસ્વાદ કે અણગમતું લાગે છે. મનમાં થોડી આનાકાની પણ થાય. આ રસ્તે જઉં કે નહીં, એની દ્વિધા ય હોય. કિંતુ એ પછીની ક્ષણે એ આવો વિચાર કરવાને બદલે જરા વધુ વ્યસન કરી લઉં કે સહેજ વધુ વાસના ભોગવી લઉં તો આનંદ મળશે એમ માનીએ એ અજ્ઞાત ને અંધારી દુનિયામાં આગળ પગલું ભરે છે. જે કદી પ્રાપ્ત થયું નથી, તે મને ચોક્કસ મળવાનું છે એમ માનીને મોહગ્રસ્ત માનવી દોડતો રહે છે. આ મોહ એને આસક્તિનાં બંધનોમાં બાંધી રાખે છે.

'મહાભારત'ના 'શાંતિપર્વ'માં સ્વયં ઋષિ વેદવ્યાસે કહ્યું છે, 'બુદ્ધિનો નાશ એ જ મોહ છે, એ ધર્મ અને અર્થ બંનેને નષ્ટ કરે છે. એનાથી મનુષ્યમાં નાસ્તિકતા આવે છે અને એ દુરાચારમાં પ્રવૃત્ત થાય છે.'

મોહને પરિણામે સર્જાતી ચાર બાબતોનો 'મહાભારત'ના રચયિતા ઋષિ વેદવ્યાસે કેવો માર્મિક ખ્યાલ આપ્યો છે. એ કહે છે કે મોહ જાગે એટલે બુદ્ધિ નાશ પામે. માણસને મોહ વળગે એટલે સારાસારના વિવેકનો દીપક બૂઝાઈ જાય. મોહ એક એવી બાબત છે કે જે ભ્રમ હોવા છતાં સત્ય લાગે છે. મોહ-બુદ્ધિ સાથે તર્ક જોડાયેલો હોય છે અને મોહ કરનારો માણસ જે કંઈ તર્ક કરે છે, તે કુતર્ક હોય છે. સારા વિચારો કરવાને બદલે એ મલિન કે વિપરીત વિચારો કરે છે. એને પરિણામે એની વિવેકબુદ્ધિ નષ્ટ થાય છે.

મહર્ષિ વ્યાસ બીજી વાત એ કરે છે, 'મોહને કારણે ધર્મ અને અર્થ બંનેનો નાશ થાય છે.' આસક્તિ અને આરાધના સામસામે છેડે રહે છે. જેનું મન ભૌતિક કે વ્યક્તિલક્ષી આસક્તિમાં ખૂંપેલું છે, તેનું મન ઈશ્વરની આરાધનામાં ક્યારેય પરોવાતું નથી. એ આસક્તિની ભ્રમજાળ ભેદી શકતો નથી. પરિણામે ધર્મની ભાવનાઓ એના ભીતરમાં પ્રવેશતી નથી અને સદાચારને એ જીવન-વટો આપે છે.

આસક્તિવાન ઈશ્વરની નહીં, કિંતુ માયાને

ઈચ્છે છે. ભગવાન શ્રીકૃષ્ણએ કુરુક્ષેત્રના યુદ્ધ પૂર્વે સહાય માગવા આવેલા દુર્યોધન અને અર્જુનને એક વાત કહી. શ્રીકૃષ્ણએ એમને કહ્યું, 'મારી પાસે તમને આપી શકાય એવી બે બાબત છે. એક મારી વિરાટ અને શક્તિશાળી સાત અક્ષૌહિણી સેના છે, જે તમને કુરુક્ષેત્રનું યુદ્ધ ખેલવામાં ઉપયોગી બને. બીજો હું છું, પરંતુ મેં નિયમ લીધો છે કે મારે શસ્ત્ર ઊઠાવવું નથી. એટલે કાં તો સાત અક્ષૌહિણી સેના લો અથવા તો નિઃશસ્ત્ર એવા મને સ્વીકારો.'

દુર્યોધનને શ્રીકૃષ્ણનો મહિમા ક્યાંથી દેખાય ? એમની સાત્ત્વિક શક્તિનો ખ્યાલ કઈ રીતે આવે ? આથી મોહવશ દુર્યોધને સાત અક્ષૌહિણી સેના લેવાનું પસંદ કરી, જ્યારે એની સામે પક્ષે અર્જુને શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થતાં સહજઆનંદ ને પરમ પ્રસન્નતા થઈ. એને થયું કે આવી મહાન વિભૂતિ એના પક્ષે રહે, તો પછી બીજું જોઈએ શું ? મોહવશ દુર્યોધને વિચાર્યું કે અર્જુને કેવી મોટી ભૂલ કરી ! વિશાળ યાદવ સેનાને બદલે એકલા શ્રીકૃષ્ણનો સ્વીકાર કર્યો અને તે પણ નિઃશસ્ત્ર ! મોહગ્રસ્ત દુર્યોધન મનોમન ફૂલાય છે કે પોતે બાજી મારી ગયો.

મોહની આંખે જોનાર બુદ્ધિથી વિચારતો નથી, સદ્ધર્મ એને દેખાતો નથી અને છતાં પોતાને 'ફાવી ગયેલો' માને છે. મોહમાં ડૂબેલો માનવી અર્થનો પણ નાશ કરે છે. કોઈને દારૂ કે જુગારના વ્યસનનો મોહ લાગે તો એ એ મોહની પાછળ નાણાં, સ્વાસ્થ્ય અને કુટુંબની શાંતિની બરબાદી કરશે. દૈહિક સુખનાં મોહક આકર્ષણોને પોષવા માટે આંખો મીંચીને અઢળક સંપત્તિ ખર્ચી નાખશે. એના મોહનું બંધન એને વિચારવાની મોકળાશ જ આપતું નથી કે આમ કરવા જતાં એનું સઘળું ધન વેડફાઇ જશે અને એ સાવ નિર્ધન અને બરબાદ થઈ જશે.

ક્યારેક વ્યક્તિનો સંપત્તિ માટેનો મોહ એના જીવનને તબાહ કરી નાખતો હોય છે. આજના યુગમાં ધનની બોલબાલા જોવા મળે છે, ત્યારે એ ધનના મોહને કારણે ભાઈ-ભાઈ સામસામે યુદ્ધે ચડે છે અને એકબીજાની હત્યા કરતા પણ સહેજે થડકારો અનુભવતા નથી.

ધન પ્રત્યેના આવા અદમ્ય આકર્ષણનું એક ઉદાહરણ છે જેક્વેલિન કૅનેડી. અમેરિકાના લોકપ્રિય પ્રમુખ જ્હોન કૅનેડીની સૌંદર્યવાન પત્ની જેક્વેલિને પતિના અવસાન પછી ગ્રીસના વહાણવટા ઉદ્યોગના માલેતુજાર ઓનાસિસ સાથે લગ્ન કર્યા. એ પછી થોડા સમય બાદ અમેરિકાના બૉસ્ટન શહેરમાં ન્યૂજર્સીના ગવર્નર જિમ ફ્લોરિયાની ઉપસ્થિતિમાં જ્હોન એફ. કૅનેડીની સ્મૃતિમાં અપાતા 'પ્રોફાઈલ ઈન કરેજ' ઍવોર્ડનો સમારોહ યોજાયો હતો. આ સમયે કેન્સરગ્રસ્ત જેક્વેલિન ઓનાસિસ ઉપસ્થિત હતા. આ સમારંભમાં એમની બાજુમાં જ જ્હોન કૅનેડીનો પુત્ર જ્હોન કૅનેડી (જુનિયર) બેઠો હતો. એણે એમના તરફથી મુખ ફેરવી લીધું અને એમની સાથે બોલવાનો ઈન્કાર કર્યો. જેક્વેલિને એની પુત્રીને મળવા પ્રયાસ કર્યો, તો એણે વાત કરવાની સ્પષ્ટપણે ના પાડી દીધી. જેક્વેલિન ભાંગી પડી, ધ્રૂસકે ને ધ્રૂસકે રડતાં એ બોલી,

"હા, આમાં વાંક મારો જ છે. મેં આંખ મીંચીને સંપત્તિ અને મોજશોખના મોહની પાછળ આંધળી દોટ મૂકી હતી. વળી 'પૈસા હોય તો જગત જખ મારે છે' એમ માનીને વૃદ્ધ ઓનાસિસ સાથે લગ્ન કર્યા અને અબજોપતિ ઓનાસિસે જેક્વેલિન પર જર-ઝવેરાત અને સમૃદ્ધિનો વરસાદ વરસાવ્યો, પરંતુ એ સમૃદ્ધિથી સંતુષ્ટ થવાને બદલે જેક્વેલિન સતત તડપતી રહી. એને ખબર પડી કે આ તો ઝાંઝવાનાં નીર કરતાંય વધારે ભ્રામક અને છેતરામણું છે."

એ પછી જેક્વેલિન ઓનાસીસે પોતાની પ્રિય સખી એમીલી સ્ટુઅર્ટનને પત્રમાં હૃદયની વેદના

ઠાલવતા લખ્યું, "અત્યારે હું સાવ નિરાશ, હતાશ અને વ્યથાથી ભરપૂર છું. મારા પુત્ર, પુત્રી કે મારા પોતીકાં સ્વજનો જ મારા નથી. હું લાંબા વખત સુધી માથું પકડીને બેસી રહું છું અને વિચારું છું કે હું શું પામી ?"

"હે સખી, મારા વતી પ્રભુને પ્રાર્થના કરે તો એટલું કહેજે કે ધનકુબેર બનવા ચાહતી હું સાવ ખાલી હાથે તારી પાસે આવી છું. હે કરુણાના સાગર ! તેનો તું સ્વીકાર કરજે. કોઈપણ મૅકઅપ વગર, કોઈપણ ઠાઠ વગર, પત્રકારો, પબ્લિસિટી, ફોટોગ્રાફર વગર તારી સમીપ આવી છું. આજે જેવી છું તેવી મને તું અપનાવજે."

આ છે માનવીના મોહનું પરિણામ. અઢળક ધનસંપત્તિના મોહને પરિણામે જેક્વેલિન ઓનાસિસ પોતે હૃદયથી સાવ નિર્ધન બની ગઈ. જે ધનવૈભવ મેળવવા માટે વ્યક્તિએ અથાગ પુરુષાર્થ કર્યો હોય અને એ ધનવૈભવ મેળવ્યા પછી એનો પુત્ર કે પુત્રી એનું અપમાન કે અવજ્ઞા કરે, ત્યારે સ્વાભાવિક રીતે જ એ ધનવાનના મનમાં સવાલ જાગે કે ધનના મોહની પાછળ સઘળું ખોયું એનું પરિણામ આજે ભોગવવાનું આવ્યું. છ દિવસ બાવળ વાવનાર સાતમા દિવસે આંબાની કેરીની કઈ રીતે અપેક્ષા રાખી શકે ?

મોહ વ્યક્તિને ક્યાંથી ક્યાં લઈ જાય છે ! પુત્રમોહને કારણે રાજા દશરથનું મૃત્યુ થયું હતું અને એ દશરથે રાણી કૈકેયી પ્રત્યેના કામને કારણે પોતાના આજ્ઞાપાલક અતિ પ્રિય પુત્ર રામને વનવાસ આપ્યો હતો. હજારો વર્ષ પહેલાં મહર્ષિ વેદવ્યાસે કહ્યું, 'મોહ પામનારો માનવી અધર્મી બને છે અને એનું ધન એની પાછળ વેડફી નાખે છે.'

એક ત્રીજી બાબત મહર્ષિ વ્યાસે એ કહી કે મોહને કારણે મનુષ્યમાં નાસ્તિકતા આવે છે. આસ્તિક માનવીમાં ઈશ્વરશ્રદ્ધા હોય છે. મોહગ્રસ્તને માત્ર આસક્તિ પર આસ્થા હોય છે. એનું સમગ્ર જીવન એ આસક્તિની આસપાસ ઘૂમતું હોવાથી એને ક્યારેય એમ થતું નથી કે મારે આ બધાં દૂષિત કર્મો કે કૃત્યોનો ઈશ્વરને જવાબ આપવો પડશે. આ કર્મ-બંધનમાંથી કઈ દશા થશે અને કયા ભવે છૂટીશ ? એને માટે આસક્તિ એ જ ઈશ્વર હોય છે અને તેથી એ અહર્નિશ આસક્તિની પ્રાપ્તિ માટે વણથંભી 'રેસ' લગાવતો હોય છે.

ધનની આસક્તિ ધરાવતો ધનિક કદાચ ધર્મક્ષેત્રે થોડું દાન કરશે, પણ એના હૃદયમાં ધર્મને માટે કોઈ સાચી ભાવના હોતી નથી. રૂપની આસક્તિ પાછળ ઘેલો બનેલો માનવી સ્વરૂપવાન સુંદરીઓને જોશે, ફિલ્મની અભિનેત્રીઓને નિરખશે, પણ એ ક્યારેય ઈશ્વરના સ્વરૂપનો વિચાર નહીં કરે. આથી આવી વ્યક્તિ નાસ્તિક બની જાય છે અને તેથી હંમેશાં દુરાચારમાં પ્રવૃત્ત રહેતો હોય છે. **(ક્રમશઃ)**

• • •

---

**પુસ્તક સમાલોચના** (પાના નં. ૩૨ પરથી ચાલુ...)

**[૪] પુસ્તકનું નામ : समाधान**

**લેખિકા :** શ્રી બેન પ્રભુ ● પૃષ્ઠ : ૧૦૧ ● આવૃત્તિ : પ્રથમ, ૨૦૧૮ ● મૂલ્ય : લખેલ નથી.

**પ્રકાશક :** શ્રીમદ્ રાજચંદ્ર મિશન, દિલ્હી. srmdelhi.comconnect@srmdelhi.com

આ પુસ્તકમાં પૂ. બેન પ્રભુના मुमुक्षुता की भूमिका, स्वतंत्रता की खोज, संबंधो का गणित વગેરે ૧૬ જેટલા લેખોનું સુંદર સંકલન કરવામાં આવ્યું છે. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને સરળ અભિવ્યક્તિના સમન્વયથી સંદેહ તથા દુવિધાઓમાંથી સાધકને બહાર કાઢીને સાધનાના ચરમ શિખરમાં પહોંચાડવાનો માર્ગ પ્રશસ્ત કર્યો છે.

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૬૦)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

'સત્ સ્વભાવનો જન્મ અપાવનાર માતા, સત્ સ્વભાવને પોષનાર પિતા, સત્ સ્વભાવમાં રહેવાને પ્રેરનાર બન્ધુ તથા સત્ સ્વભાવને સાથી બનાવનાર સખા પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની અધ્યાત્મગિરામાં આવ્યું કે "મન અકસ્માત્ કોઈથી જ જીતી શકાય છે, નહીં તો અભ્યાસ કરીને જ જિતાય છે. એ અભ્યાસ નિર્ગ્રંથતામાં બહુ થઈ શકે છે; છતાં ગૃહસ્થાશ્રમે સામાન્ય પરિચય કરવા માગીએ તો તેનો મુખ્ય માર્ગ આ છે કે, તે જે દુરિચ્છા કરે તેને ભૂલી જવી; તેમ કરવું નહીં. તે જ્યારે શબ્દસ્પર્શાદિ વિલાસ ઇચ્છે ત્યારે આપવાં નહીં. ટૂંકામાં આપણે એથી દોરાવું નહીં પણ આપણે એને દોરવું; અને દોરવું તે પણ મોક્ષમાર્ગમાં. જિતેન્દ્રિયતા વિના સર્વ પ્રકારની ઉપાધિ ઊભી જ રહી છે. ત્યાગે ન ત્યાગ્યા જેવો થાય છે, લોક-લજ્જાએ તેને સેવવો પડે છે. માટે અભ્યાસે કરીને પણ મનને જીતીને સ્વાધીનતામાં લઈ અવશ્ય આત્મહિત કરવું. વ્યવસ્થિત મન એ સર્વશુચિનું કારણ છે... મનને વશ કરવું એ સર્વોત્તમ છે." સન્માર્ગનો બોધ આપતો રાજમાર્ગ આ દિવ્યવાણીમાં અંકિત થયો છે.

ગત લેખાંકમાં શ્લોક ૩૬ના ભાવાર્થમાં મન વિષે અભ્યાસ કર્યો. અહીં આ શ્લોકનાં વિશેષાર્થનો અભ્યાસ કરીએ.

**(૧) अविक्षिप्तं मनः आत्मनः तत्त्वं :** અવિક્ષિપ્ત મન આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે.

શ્રી પૂજ્યપાદ આચાર્યે **'तत्त्वं शब्देन किं'** માટે આ શ્લોક લખાયો છે. સદાચરણ રૂપ પુણ્ય અનુષ્ઠાન તત્ત્વ છે. ચરણાનુયોગના શાસ્ત્રથી વિચારીએ તો પરમાર્થભૂત આપ્ત, આગમ અને તપસ્વીઓનું શ્રદ્ધાન તે તત્ત્વ છે. કરણાનુયોગથી વિચારીએ તો લોક અને અલોક પદાર્થોનું જાણવું તે તત્ત્વ છે. દ્રવ્યાનુયોગ પ્રમાણે વિચારીએ તો જીવ, અજીવ, આસ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ તે તત્ત્વ છે. અધ્યાત્મ ગ્રંથમાં અવિક્ષિપ્ત મન તે તત્ત્વ છે.

રાગ-દ્વેષ આદિના તરંગોનું અસ્તિત્વ નથી, વિકલ્પોની વણજાર નથી, કષાયોની કાલિમા નથી, ઉપયોગ સ્વભાવમાં સ્થિત છે તે અવિક્ષિપ્ત મન છે, જે આત્માનું યથાર્થ સ્વરૂપ છે.

**(૨) विक्षिप्तं आत्मनः भ्रान्तिः** - વિક્ષિપ્ત મન આત્મભ્રાન્તિ છે. **भ्रान्तिः आत्मस्वरूपं न भवति** ભ્રાન્તિ આત્મસ્વરૂપ થઈ શકે નહિ. સ્વ સ્વરૂપથી દૂર રહે તે વિક્ષિપ્ત મન છે. રાગ-દ્વેષ આદિ કષાયોમાં ભ્રમણ કરે તે વિક્ષિપ્ત મન છે. વિક્ષિપ્ત મન સંસાર સન્મુખ છે.

સાધક જીવે શું કરવું તેનું ઉત્તમ માર્ગદર્શન અહીં જોવા મળે છે. પ્રથમ સ્વ-પરનું ભેદજ્ઞાન કરી પર પદાર્થોમાં ઈષ્ટ-અનિષ્ટપણાની કલ્પનાનો ત્યાગ કરવો. રાગદ્વેષાદિના કારણો તરફ ઉપેક્ષા-બુદ્ધિ કરવી અને ભાવશ્રુતજ્ઞાનને અંતર્મુખ કરવું. આથી પર પદાર્થ સંબંધીના સંકલ્પ-વિકલ્પો શમવા લાગશે. મન અવિક્ષિપ્ત બનશે અને આત્મસ્વરૂપમાં સ્થિર થશે. અવિક્ષિપ્ત મન વાસ્તવિક આત્મસ્વરૂપ છે. જે ઉપયોગ રાગદ્વેષ આદિ વિષયોમાં રોકાય રહે છે તે પર ઉપયોગ છે. તેનાથી સંસાર વૃદ્ધિ પામે છે. ચાર ગતિના ભ્રમણ વધી જાય છે. જે ઉપયોગ ઉપયોગ

સ્વરૂપ આત્મામાં અભેદ થાય ને મોક્ષ પ્રતિ ગતિ કરાવે છે. ગ્રહણ કરવા યોગ્ય, ઉપાદેય એ છે.

(૩) **ततः तत् अविक्षिप्तं धारयेत् :** તેથી અવિક્ષિપ્ત મનને ધારણ કરવું. અવિક્ષિપ્ત મનને ધારણ કરવું કારણ નિજ સ્વરૂપ છે અને વિક્ષિપ્ત મનને સંસારમાં ભ્રમણ કરાવનાર હોવાથી હેય ગણ્યું.

અહીં દ્રવ્ય-ભાવ મનની વિચારણા કરીએ. આંખ, કાન, નાક ઈત્યાદિ પુદ્ગલ વર્ગણાથી બનેલી બાહ્ય ઈન્દ્રિય છે. તેમાં આત્માનો ઉપયોગ જોવાનું, સાંભળવાનું, સુંઘવાનું કામ કરે છે તે ભાવ ઈન્દ્રિય છે. તેમ જ મન પણ ઈન્દ્રિય છે. પુદ્ગલ-વર્ગણાની મદદથી મનન, સંકલ્પ-વિકલ્પનું કામ કરે છે. આત્માનો ઉપયોગ જે પુદ્ગલ વર્ગણાઓની મદદથી મનન કરવાનું કામ કરે છે તે દ્રવ્ય મન છે. આત્માનો મનન કરનાર ઉપયોગ ભાવમન છે. સંકલ્પ-વિકલ્પનું કામ ન કરે અને આત્મામાં ઉપયોગ રહે તે પોતાના સ્વ સ્વરૂપે રહે છે તે આત્મતત્ત્વ છે. પુદ્ગલ વર્ગણાઓ જડ છે. તેથી દ્રવ્ય મનને જડ પણ કહેવાય છે. આત્માનો ઉપયોગ ચેતન સ્વરૂપ છે.

ભક્તિમાર્ગથી પરમકૃપાળુદેવે સ્પષ્ટતા કરી છે - "માટે જ્ઞાનીપુરુષનો આશ્રય કરવા રૂપ ભક્તિમાર્ગ જિને નિરૂપણ કર્યો છે, કે જે માર્ગ આરાધવાથી સુલભપણે જ્ઞાનદશા ઉત્પન્ન થાય છે. જ્ઞાની પુરુષના ચરણ વિષે મન સ્થાપ્યા વિના એ ભક્તિમાર્ગ સિદ્ધ થતો નથી, જેથી ફરી ફરી જ્ઞાનીની આજ્ઞા આરાધવાનું જિનાગમમાં ઠેકાણે ઠેકાણે કથન કર્યું છે. જ્ઞાની પુરુષના ચરણમાં મનનું સ્થાપન થવું પ્રથમ કઠણ પડે છે, પણ વચનની અપૂર્વતાથી, તે વચનનો વિચાર કરવાથી, તથા જ્ઞાની પ્રત્યે અપૂર્વ દૃષ્ટિએ જોવાથી, મનનું સ્થાપન થવું સુલભ થાય છે." આ રીતે ભક્તિમાર્ગથી અવિક્ષિપ્ત મન થતાં સ્વરૂપમાં જામી જવાય છે.

(૪) **विक्षिप्तं न आश्रयेत् :** વિક્ષિપ્ત મનનો આશ્રય કરવો નહિ.

સંકલ્પવિકલ્પની વરગણાવાળું મન છે. જે મન સંસારમાં પ્રવેશ કરાવે તે મન હેય છે. તેનો આશ્રય કરવો અયોગ્ય છે. જે મન રાગદ્વેષાદિથી વિક્ષિપ્ત થાય છે તેનો આશ્રય કરવો નહિ. જે મન દેહાદિમાં આત્મબુદ્ધિ કરતું નથી અને આત્મ સ્વરૂપમાં નિશ્ચલ રહે છે તે આત્મતત્ત્વ છે. તે આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે. જે મન રાગદ્વેષ આદિ રૂપે પરિણમે છે, તેનાથી વિક્ષિપ્ત થાય છે. દેહ અને આત્માના ભેદજ્ઞાનથી રહિત છે અને આત્મ સ્વરૂપમાં સ્થિર થતું નથી તે આત્મભ્રાન્તિ છે. આત્માનું નિજરૂપ નથી. માટે તે આશ્રય કરવા યોગ્ય નથી. અવિક્ષિપ્ત મન આત્મતત્ત્વ હોવાથી પ્રગટ કરવા યોગ્ય છે અને વિક્ષિપ્ત મન આત્મતત્ત્વ નહિ હોવાથી હેય છે. આશ્રય કરવા યોગ્ય નથી.

જ્ઞાન સ્વરૂપ ભાવ મન રાગાદિ વિભાવ-ભાવોથી છૂટી આત્માને શરીરાદિ બાહ્ય પદાર્થોથી ભિન્ન, ચૈતન્યમય, એક ટંકોત્કીર્ણ જ્ઞાયક સ્વભાવ રૂપ અનુભવ કરવા લાગે છે તથા તેમાં તન્મય થઈ જાય છે ત્યારે તે અવિક્ષિપ્ત મનને આત્મતત્ત્વ કહે છે માટે આત્માર્થીએ સ્વસન્મુખ થઈને નિર્વિકલ્પ મનને જ - અવિક્ષિપ્ત મનને ધારણ કરવું તેનાથી આત્મલાભ છે. પૂ. આચાર્યે મનની ભૂમિકાને સરળ રીતે ભિન્ન કરીને સમજાવી છે.

પૂ. બેનશ્રી ચંપાબહેનની અમૃતભારતીમાં લખા છે કે આત્મારૂપી પરમ પવિત્ર તીર્થ છે. તેમાં સ્નાન કર. આત્મા પવિત્રતાથી ભરેલો છે. તેની અંદર ઉપયોગ મૂક. આત્માના ગુણોમાં તરબોળ થઈ જા. આત્મતીર્થોમાં એવું સ્નાન કર કે પર્યાય શુદ્ધ થઈ જાય - મલિનતા ટળી જાય. ત્રિકાળી ધ્રુવ કદી બંધાયું નથી. મુક્ત છે કે બંધાયું છે તે વ્યવહાર નયથી છે. તે પર્યાય છે. જેમ કરોળિયો લાળમાં

**(અનુસંધાન પાના નં. ૪૨ પર...)**

### પરમ પૂજ્ય શ્રી અમિતગતિ આચાર્ય વિરચિત
# સામાયિક પાઠ (દ્વાત્રિંશતિકા)
### એક અનુચિંતન

**પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી**

**(આધાર : પ.પૂ. ગણાચાર્યશ્રી ૧૦૮ વિરાગસાગરજી મહારાજની પુસ્તિકા તથા પૂજ્યશ્રીના સ્વાધ્યાય)**

ઑગસ્ટના અંકમાં પ્રથમ ગાથાનો વિશેષાર્થ વિચાર્યો હતો. આ અંકમાં બીજી ગાથાની વિચારણા કરીશું.

**(ગાથા - ૨)**

**शरीरतः कर्त्तु मनन्तशक्तिम्**
**विभिन्नमात्मानमपास्त दोषम् ।**
**जिनेन्द्र ! कोषादिव खड्गयष्टिम्,**
**तव प्रसादेन ममास्तुं शक्तिः ॥२॥**

**अन्वयार्थ :** जिनेन्द्र = હે જિનેન્દ્ર, હે ભગવાન; कोषात् = મ્યાનથી; खड्गयष्टि इव = તલવારની જેમ; अनन्तशक्तिम् = અનંત શક્તિવાળા; अपास्त दोषम् = સંપૂર્ણ દોષોથી રહિત; आत्मानम् = મારા આત્માને, शरीरतः विभिन्नम् = શરીરથી ભિન્ન; कर्त्तुम् = કરવા માટે; तव = આપની; प्रसादेन = કૃપા પ્રસાદથી; मम = મારી; शक्तिः = શક્તિ; अस्तु = હો.

**● ગુજરાતી પદ્યાનુવાદ :**

અતિ જ્ઞાનવંત અનંતશક્તિ, દોષહીન આ આત્મ છે,
એ મ્યાનથી તરવાર પેઠે શરીરથી વિભિન્ન છે;
હું શરીરથી જુદો ગણું એ, જ્ઞાનબળ મુજને મળો,
ને ભીષણ જે અજ્ઞાન મારું, નાથ ! તે સત્વર ટળો.

**● ગુજરાતી ગદ્યાનુવાદ :**

હે જિનેન્દ્ર ભગવાન ! આ શરીરથી ભિન્ન આત્મા કે જે અનંત શક્તિવાળો અને દોષરહિત છે તે મ્યાનથી તલવારની જેમ અલગ અનુભવી શકાય છે. તેમ કરવામાં તમારા કૃપાપ્રસાદ વડે મારામાં જ્ઞાનબળ - શક્તિ પ્રગટો.

**● વિશેષાર્થ :**

હે પ્રભુ ! સર્વ આત્મામાં અનંત જ્ઞાન અને અનંત શક્તિ ભરેલા છે એમ આપનું વચન છે. યથા :

૧. **जारिस सिद्धसहावो तारिस सहावो सव्वजीवाण ।**
**- સિદ્ધપ્રાભૃત**

૨. અહો ! આ આત્મા અનંતવીર્યવાળો અને (સમસ્ત) વિશ્વનો (જ્ઞાનથી) પ્રકાશ કરનારો છે. ધ્યાનશક્તિના પ્રભાવથી તે ત્રણ લોકને ચળાવી શકે છે. **- શ્રી જ્ઞાનાર્ણવ**

૩. સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય;
સદ્‌ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય.
**- શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર**

સાધક જીવ ઉત્તમ સત્પાત્ર છે. તેણે પોતાના આત્માને શ્રી સદ્‌ગુરુના બોધ દ્વારા શરીરથી ભિન્ન અને શુદ્ધનયની દૃષ્ટિથી (૧) અનંત જ્ઞાન, (૨) અનંત દર્શન, (૩) અનંત સુખ, (૪) અનંત વીર્ય સહિત અને સર્વ વિકારો (દોષો)થી રહિત જાણ્યો છે.

**અનંત જ્ઞાન :** જ્ઞાન એ આત્માનો (મારો) સ્વ-પરને પ્રકાશનારો સ્વાભાવિક ગુણ છે, પણ જ્ઞાનાવરણીય કર્મોના આવરણ અને તેના નિમિત્તથી મારી વર્તમાન વિભાવપરિણતિને લીધે જ્ઞાન યથાર્થપણે પ્રકાશ્યું નથી.

**અનંત શક્તિ :** અનંત વીર્ય એ પણ મારો સ્વાભાવિક ગુણ છે. મારી આ શક્તિ અંતરાય કર્મથી

આવરિત થઈ ગઈ છે. શ્રી પ્રભુની કૃપાથી હું આ શક્તિને પ્રગટાવી શરીરાદિ નોકર્મ, જ્ઞાનાવરણીય આદિ દ્રવ્યકર્મ અને અશુદ્ધ ભાવોરૂપી ભાવકર્મથી રહિત એવા મારા શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરીશ.

**દોષહીન :** શુદ્ધ દષ્ટિથી મારો આત્મા (હું) સર્વ દોષોથી રહિત છે, પણ વર્તમાન અવસ્થામાં અનંત દોષો - વિકારો છે. તેનું કારણ મારું અજ્ઞાન, વિભાવભાવો અને અસંયમ - જે કર્મોના નિમિત્તે કરીને છે. તે દોષોનો નાશ કરવા નિર્દોષ પરમાત્મા-સદ્‌ગુરુ-સદ્‌ધર્મનું શરણ લઈ મારા આત્માની શુદ્ધિનો પુરુષાર્થ કરવાની ભાવના કરું છું.

**દેહથી જુદાપણું :** શ્રી સદ્‌ગુરુના બોધથી - તેનો અર્થ યથાર્થપણે સમજવાથી હું અને આ દેહ જુદાં છે એવો મારો નિર્ણય થયો છે. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર ગાથા ૪૯-૫૦માં પરમકૃપાળુદેવ કહે છે :

"ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન.
ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન."

બન્નેના લક્ષણની ભિન્નતા છે. આત્મા જ્ઞાન, દર્શન રૂપ અમૂર્તિક ચૈતન્ય તત્ત્વ છે.

**શરીર :** પુદ્‌ગલ દ્રવ્ય છે; જે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ સહિત મૂર્તિક તત્ત્વ છે.

આપણે આત્માને દેહમાં રહેવા છતાં દેહથી ભિન્ન જાણવો, શ્રદ્ધવો અને સ્વસંવેદન દ્વારા અનુભવવો એ જ સમ્યગ્‌દર્શન છે - મોક્ષમાર્ગની પ્રથમ સીડી છે. **(શ્રી છહ ઢાળા)**

**જીવ અને દેહની ભિન્નતાના અવતરણો :**

- દેહ અચેતન પ્રેત દરી, રજ રેત ભરી,
  મલ ખેતકી ક્યારી.
  વ્યાધિ કી પોટ અરાધિ કી ઓટ,
  સમાધિ સો ન્યારી;
  રે જીવ દેહ કરે સુખહાનિ,
  ઈત પર તોહિ તો લાગત પ્યારી,
  દેહ તો તોહી ત્યજેગી નિદાન પૈ,
  તૂ હી ત્યજે ક્યોં ન દેહ કી યારી.
  **- ભક્ત કવિવર બનારસીદાસજી**

- દેહ તારી નથી, જો તું જુગતે કરી,
  રાખતાં નવ રહે નિશ્ચે જાયે;
  દેહ સંબંધ ત્યજે, અવનવા બહુ થશે,
  પુત્ર કલત્ર પરિવાર વ્હાયે.
  **- ભક્તકવિ નરસિંહ મહેતા**

- દેહ જીવ એકરૂપે ભાસે છે અજ્ઞાન વડે,
  ક્રિયાની પ્રવૃત્તિ પણ તેથી તેમ થાય છે;
  જીવની ઉત્પત્તિ અને રોગ, શોક, દુઃખ, મૃત્યુ,
  દેહનો સ્વભાવ જીવપદમાં જણાય છે;
  એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વભાવ,
  જ્ઞાનીનાં વચન વડે દૂર થઈ જાય છે;
  ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન,
  બન્ને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે.
  **- શ્રીમદ્‌ રાજચંદ્ર વચનામૃત પત્રાંક-૯૦૨**

પરમાગમ શ્રી સમયસારજી (આચાર્યપ્રવર કુંદકુંદાચાર્ય વિરચિત)ની નીચેની ગાથાઓ આપણને ભેદજ્ઞાનની સાધના માટે બહુ ઉપકારી છે :

- હું એક શુદ્ધ સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે,
  કંઇ અન્ય તે મારું જરી, પરમાણુ માત્ર નથી ખરે.
  **ગાથા - ૩૮**

- જીવ બંધ જ્યાં છેદાય એ રીત, નિયત નિજ નિજ લક્ષણે,
  ત્યાં છોડવો એ બંધને, જીવ ગ્રહણ કરવો શુદ્ધને.
  **ગાથા - ૨૯૫**

- એ જીવ કેમ ગ્રહાય ? જીવ ગ્રહાય છે પ્રજ્ઞા વડે,
  પ્રજ્ઞાથી જેમ જુદો કર્યો તેમ ગ્રહણ પણ પ્રજ્ઞા વડે.
  **ગાથા - ૨૯૬**

(ક્રમશઃ)

• • •

# શ્રી દેવચંદ્રજી ચોવીશી

અશોકભાઈ પી. શાહ

**શ્રી શીતલનાથ સ્તવન** (ગતાંકથી ચાલુ...)

શ્રી શીતલનાથ પ્રભુની અનંત પ્રભુતાનું વર્ણન કરીને ગણિશ્રી દેવચંદ્રજી હવે પ્રભુના આવા ગુણગાનથી ભક્તને કેવું અપૂર્વ ફળ મળે છે તે દર્શાવતાં કહે છે :

**શુદ્ધાશય થિર પ્રભુ ઉપયોગે, જે સમરે તુજ નામજી;**
**અવ્યાબાધ અનંતું પામે, પરમ અમૃત સુખધામજી.**
**- શીતલ૦ ૬**

**શબ્દાર્થ :** હે પ્રભુ ! જે સાધક શુદ્ધ આશયથી ઉપયોગને સ્થિર કરી તારું નામસ્મરણ કરે છે, તે પરમ અમૃત સુખના ધામરૂપ અનંત અવ્યાબાધ સુખને પામે છે. (શુદ્ધાશય = શુદ્ધ આશય; થિર = સ્થિર; સમરે = સ્મરણ કરે; અવ્યાબાધ = બાધા રહિત)

**વિશેષાર્થ :** ઉપયોગને સ્થિર કરી એકાગ્રતાપૂર્વક પ્રભુનું નામસ્મરણ અને ગુણસ્મરણ આપણી સાધનાનું એક મહત્ત્વનું અંગ બનવું જોઈએ. સર્વ સંતોએ નામસ્મરણનો મહિમા ગાયો છે. પરંતુ તેની પાછળનો આપણો આશય, આપણો હેતુ શુદ્ધ હોવો જોઈએ. અને તે એ કે *''જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું''* (શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક - ૨૯૯). ઘણીવાર એવું બને છે કે આપણે પ્રભુનામની માળા તો જપીએ છીએ પણ ઉપયોગની એકાગ્રતા અને શુદ્ધ આશયના અભાવમાં થોડી જ વારમાં મન બહાર ભટકવા લાગે છે. સંત કબીર કહે છે તેમ :

*''માલા તો કરમેં ફીરે, જીભ ફીરે મુખમાંહી;*
*મનવા તો ચહું દિસી ફીરૈ, યહ તો સુમિરન નાંહી.''*

પ્રભુનામસ્મરણ યંત્રવત્ થાય અથવા તો રોગનિવારણ, ધનલાભ આદિ લૌકિક ઇચ્છાથી થાય તો તે અશુદ્ધ આશય કહેવાય. અહીં તો શ્રી દેવચંદ્રજી કહે છે કે પોતાના કષાય આદિ દોષોને તજીને ઉપયોગને પ્રભુના સ્વરૂપ પ્રત્યે સ્થિર કરી ''મારે પ્રભુ જેવા ગુણો પ્રગટાવવા છે'' એવા શુદ્ધ આશયથી **''જે સમરે તુજ નામજી''** તો તે સાધકનો આત્મા નિર્મળ થતાં થતાં થોડા જ ભવોમાં પ્રભુ જેવા જ અમૃતમય અનંત અવ્યાબાધ સુખના ધામરૂપ મોક્ષપદને પામે છે. આશ્ચર્ય થાય કે માત્ર નામસ્મરણથી આવું મહાન ફળ ? હા, પણ 'શુદ્ધાશય' અને 'સ્થિર ઉપયોગ' આ બે મોટી શરત મૂકી છે ને ? તેનાથી ઉત્તમ ભાવ-સંવર અને અનંત કર્મોની નિર્જરા થાય છે અને પછી મોક્ષનું અનંત અવ્યાબાધ સુખ દૂર નથી. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ મોક્ષમાળા શિક્ષાપાઠ-૧૪ 'જિનેશ્વરની ભક્તિ'માં નામસ્મરણનો સુંદર મહિમા ગાયો છે તે વાંચવો, વિચારવો ઘણો લાભદાયક થશે. શ્રી દેવચંદ્રજી હવે પ્રભુના કેટલાક વિશિષ્ટ ગુણોનું દર્શન કરાવે છે :

**આણા ઈશ્વરતા નિર્ભયતા, નિર્વાંછકતા રૂપજી;**
**ભાવ સ્વાધીન તે અવ્યય રીતે, ઈમ અનંત ગુણરાયજી.**
**- શીતલ૦ ૭**

**શબ્દાર્થ :** આજ્ઞા, ઐશ્વર્ય, નિર્ભયતા, નિષ્કામતા, સ્વાધીનતા, અવિનાશીપણું આદિ અનંત ગુણોના સ્વામી શ્રી શીતલનાથ પરમાત્મા છે. (આણા = આજ્ઞા; નિર્વાંછકતા = વાંછનારહિતપણું, નિષ્કામતા; અવ્યય = અવિનાશીપણું)

**વિશેષાર્થ :** ગણિશ્રી દેવચંદ્રજી પ્રભુની પ્રભુતા કેવી અલૌકિક છે તે પ્રભુના છ ગુણો દ્વારા દર્શાવે છે. તે છ ગુણો આ પ્રમાણે : (૧) **આણા :** એટલે આજ્ઞા. તીર્થંકર પરમાત્માની આજ્ઞા સમસ્ત વિશ્વમાં પ્રવર્તી રહી છે તેની વાત ગાથા-૫માં થઈ હતી. વિશેષમાં શ્રી આચારાંગસૂત્રમાં તો એમ કહ્યું કે ''आणाए धम्मो आणाए तवो ।'' આમ, ધર્મ અને તપ પ્રભુની આજ્ઞા-આરાધનથી જ યથાર્થતાને પામે છે. આવું છે પ્રભુની

આજ્ઞાનું માહાત્મ્ય. (૨) **ઈશ્વરતા :** પ્રભુનું ઐશ્વર્ય ઈન્દ્ર, નરેન્દ્રની જેમ પૌદ્‌ગલિક, સાંયોગિક, નાશવંત નથી. અનંત શુદ્ધ ગુણોરૂપી નિજસંપદાનું સ્વામીપણું અને તેના ભોગવટારૂપ પ્રભુનું ઐશ્વર્ય પણ અનંતું છે. (૩) **નિર્ભયતા :** પ્રભુની નિર્ભયતાની શરૂઆત તો સાધકદશામાં જ થઈ ગઈ હતી કે જ્યારે આત્મજ્ઞાન થતાં તેઓ સાત ભયથી રહિત થયા હતા. હવે તો સર્વ કર્મોનો ક્ષય થયો હોવાથી પ્રભુના જ્ઞાનાનંદ સ્વભાવને રોકનારું કોઈ કારણ રહ્યું ન હોવાથી પ્રભુ સહજપણે સ્વભાવગત સર્વથા નિર્ભય છે. (૪) **નિર્વાંછકતા :** સ્વરૂપાનંદ અને અનંત ચતુષ્ટયના ભોગવટામાં પ્રભુને એટલું પરિતૃપ્તપણું વર્તે છે કે પરવસ્તુમાંથી સુખ લેવાની કોઈ વાંછા જ રહી નથી એવી નિર્વાંછકતા, નિષ્કામતા છે. (૫) **સ્વાધીનતા :** પ્રભુની પ્રભુતા અને સુખ પોતાના સ્વભાવમાંથી આવે છે, સ્વાત્મોત્પન્ન છે. તે માટે તેમને હવે કોઈ પરાધીનતા સેવવી પડતી નથી, એવી સ્વાધીનતા પ્રભુને છે. (૬) **અવ્યયતા :** પ્રભુનું આવું ઐશ્વર્ય અનંતાનંત કાળ સુધી એકસરખું રહેશે, કદાપિ વ્યય નહીં પામે એવી અવ્યયતા છે. **''ઈમ અનંત ગુણભૂપજી''** - આવા અનંત ગુણોના ભૂપ, સ્વામી મારા શીતલનાથ ભગવાન છે.

પ્રભુની આવી પ્રભુતાનો અનુભવ કોણ કરી શકે તે દર્શાવતાં ગણિશ્રી કહે છે :

**અવ્યાબાધ સુખ નિર્મળ તે તો, કરણજ્ઞાને ન જણાયજી;**
**તેહ જ એહનો જાણંગ ભોક્તા, જે તુમ સમ ગુણરાયજી.**
**- શીતલ૦ ૮**

**શબ્દાર્થ :** હે પ્રભુ ! આપનું અવ્યાબાધ નિર્મળ સુખ તે પરોક્ષ જ્ઞાનથી જણાય તેવું નથી. જે તમારા જેવા ગુણો પ્રાપ્ત કરે તે જ તેનો જ્ઞાતા અને ભોક્તા બની શકે છે. (કરણજ્ઞાન = પરોક્ષ જ્ઞાન, સાધનરૂપ જ્ઞાન; જાણંગ = જાણનાર)

**વિશેષાર્થ :** આ સ્તવનના શબ્દો દ્વારા કે સત્સંગ આદિ દ્વારા જ્યારે આપણે પ્રભુના સ્વરૂપને જાણવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે માત્ર આપણા મતિ-શ્રુતજ્ઞાન વડે મન અને ઇન્દ્રિયોના માધ્યમથી જ જાણી શકીએ છીએ કે જે મર્યાદિત અને પરોક્ષ જ્ઞાન છે. તેને અહીં 'કરણજ્ઞાન' કહ્યું છે કારણકે મતિ-શ્રુતજ્ઞાનને સાધન બનાવી જાણીએ છીએ. (કરણ = સાધન) પણ પ્રભુનું **''અવ્યાબાધ નિર્મળ સુખ''** અતીન્દ્રિય અને અનંત હોવાથી આવા પરોક્ષ સાધનરૂપ કરણજ્ઞાનની પહોંચથી બહાર છે અને તેથી તે **''કરણજ્ઞાને ન જણાયજી''** એમ દેવચંદ્રજી યથાર્થ વસ્તુસ્વરૂપ બતાવે છે. ઇન્દ્રિયજ્ઞાનથી અતીન્દ્રિય સુખ કઇ રીતે જાણી શકાય ? નિર્વિકલ્પ અવ્યાબાધ સુખને વિકલ્પાત્મક મન ક્યાંથી સમજી શકે ? ક્ષાયોપશમિક કરણજ્ઞાન ક્ષાયિક સુખને કઇ રીતે જાણી શકે ? ઇન્દ્રિયસુખના ક્ષુદ્ર અનુભવવાળા આપણે પ્રભુના સુખની અનંતતા કઇ રીતે માપી શકીએ ? અસંભવ. આ વાતને ગણિશ્રીએ ગાથા - ૨માં પણ દૃષ્ટાંતો વડે સમજાવી હતી. પ્રભુના આવા નિર્મળ અવ્યાબાધ સુખને માત્ર તે જ વ્યક્તિ જાણી શકે કે જે **''તુમ સમ ગુણરાયજી''** - જે સ્વયં પ્રભુ સમ, પ્રભુ જેવો જ ગુણરાય, ગુણોનો સ્વામી બની જાય, અર્થાત્ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી સ્વયં પરમાત્મા બને, કારણ કે પ્રભુના સુખનો પ્રત્યક્ષ અનુભવ કોઈ પરોક્ષ જ્ઞાનથી નહીં, પણ કેવળજ્ઞાનરૂપી પ્રત્યક્ષજ્ઞાનથી જ જાણી શકાય. અરે, તે અવધિ-મનઃપર્યય જ્ઞાનથી પણ ન જાણી શકાય, કારણ કે તે જ્ઞાન પણ એકદેશ પ્રત્યક્ષ છે, કેવળજ્ઞાનની જેમ સર્વથા પ્રત્યક્ષ નથી. આમ, જીવ જ્યારે સ્વયં પ્રભુ જેવો થાય ત્યારે જ તે સુખનો **''જાણંગ ભોક્તા''** બને છે અર્થાત્ તે સુખને જાણે પણ છે અને માણે પણ છે ! એક રીતે દેવચંદ્રજી આહ્વાન પણ કરે છે કે પ્રભુના સુખનો જો તમને મહિમા આવ્યો હોય અને તેના સ્વરૂપને પ્રત્યક્ષ જાણવું અને માણવું હોય તો તમે પણ કેવળજ્ઞાન લઈ લો !

પ્રભુના ગુણગાન કરતાં ભક્તને પોતાની પામરતાનો પણ અહેસાસ થવા લાગે છે તે દર્શાવતાં ગણિશ્રી કહે છે :

**એમ અનંત દાનાદિક નિજ ગુણ, વચનાતીત પંડુરજી;**
**વાસન ભાસન ભાવે દુર્લભ, પ્રાપ્તિ તો અતિ દૂરજી.**
**- શીતલ૦ ૯**

**શબ્દાર્થ :** એમ દાન આદિ પ્રભુના અનંત ગુણો વાણીમાં ન આવી શકે એટલાં મહાન છે. તેની શ્રદ્ધા અને જ્ઞાન થવાં દુર્લભ છે તો પછી તેની પ્રાપ્તિની વાત તો ઘણી દૂરની છે. (દાનાદિક = દાન આદિ; પંડુરજી = મોટા, મહાન, ગહન; વાસન = શ્રદ્ધા; ભાસન = જ્ઞાન)

**વિશેષાર્થ :** શ્રી દેવચંદ્રજીએ પ્રભુના અનેક ગુણોનું સ્તવનમાં વર્ણન કર્યું અને એ જ રીતે **"અનંત દાનાદિક"** કહેતાં અનંત દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય આદિ પ્રભુના અનંત ગુણો છે. તે સર્વે **"પંડુરજી"** અર્થાત્ એટલા મહાન અને ગહન છે કે વાણીમાં તેનું વર્ણન થઈ શકે નહીં એવા **'વચનાતીત'** છે. 'મુજથી કહીય ન જાયજી' એમ પહેલી જ ગાથામાં દેવચંદ્રજીએ પોતાની અસમર્થતા બતાવી દીધી હતી. એટલું જ નહિ, પણ પ્રભુના એ ગુણોની શ્રદ્ધા, જ્ઞાન અને મારા ભાવોમાં તેનું ભાવભાસન અત્યંત દુર્લભ લાગે છે તો પછી તેની સાક્ષાત્ પ્રાપ્તિની વાત તો ઘણી દૂરની છે એ સ્વાભાવિક છે, એમ કહી દેવચંદ્રજી અત્યંત લઘુત્વભાવે પોતાની અપાત્રતા દર્શાવવા માગે છે. પોતે પ્રજ્ઞાવંત સમ્યક્જ્ઞાની હોવા છતાં આવી લઘુતા દર્શાવવી તે ખરેખર તો ગણિશ્રીનો ઉત્કૃષ્ટ વિનય ગુણ સૂચવે છે. શ્રદ્ધા, જ્ઞાન અને પ્રાપ્તિની આવી દુર્લભતાને ગણિશ્રી દેવચંદ્રજી પ્રભુને પ્રાર્થના વડે કઇ રીતે સુલભ કરી પોતાનો પરમાર્થ સાધે છે તે હવે જોઈએ :

**સકલ પ્રત્યક્ષપણે ત્રિભુવન-ગુરુ, જાણું તુજ ગુણગ્રામજી;**
**બીજું કાંઇ ન માંગુ સ્વામી, એહિ જ છે મુજ કામજી.**
**- શીતલ૦ ૧૦**

**શબ્દાર્થ :** હે સ્વામી ! હવે મારે એક જ કામ છે કે આપની પાસે બીજું કાંઈ ન માંગતાં આપ જેવા ત્રિભુવનગુરુ, ત્રિલોકનાથ પાસે એટલું જ માંગું છું કે આપના સર્વ ગુણોને હું પ્રત્યક્ષપણે જાણીને તેના ગુણગ્રામ કરું.

**વિશેષાર્થ :** ગણિશ્રી દેવચંદ્રજી કેવા ચતુર વિવેકસંપન્ન ભક્ત છે તેના અહીં દર્શન થાય છે. વિનયપૂર્વકની પ્રાર્થના સાથે ભોળાભાવે "બીજું કાંઈ ન માંગું", માત્ર આટલું જ માંગું છું એમ કહીને કેવળજ્ઞાન સુધીનું બધું અહીં માંગી લીધું !

પ્રભુ જેવા ત્રિભુવન-ગુરુ, ત્રિલોકનાથ પાસે માંગતાં પણ આવડવું જોઈએ ને ? આપણે તો તેમાં પણ ભૂલ કરી બેસીએ છીએ. પ્રભુસેવાથી પુણ્ય બંધાય ને તેનાથી ધનસંપત્તિ, શરીર, કુટુંબ આદિ લૌકિક સુખાકારી માંગીએ છીએ. કહ્યું છે ને કે :

*"તમ કને શું માંગવું, એ ન અમે જાણીએ;*
*તમે જેનો ત્યાગ કર્યો, એ જ અમે માંગીએ!"*

જેમ કોઈ રાજા કોઈ ભિખારીને માંગવાનું કહે તો કંઇ એક-બે દિવસ પૂરતા રોટલા ન મંગાય, પણ જીવનભરની રોજી-રોટી જ માંગી લેવાય ને ?

એક અંધ દરિદ્ર વ્યક્તિને દેવે વરદાન આપ્યું કે જે જોઈએ તે એક જ વખતમાં માંગી લે. માંગ્યા પછી ફરીથી બીજી વાર નહીં માંગી શકાય. સામાન્ય રીતે અંધ વ્યક્તિ તો દૃષ્ટિ જ માંગે ને ? પણ આ ચતુર હતો. કહે છે, "મારી સાતમી પેઢીના દીકરાની વહુ સાત માળની હવેલીની અગાશી પર બેસી સોનાની થાળીમાં મને જમાડતી હું 'જોઉં' એવું વરદાન આપો !" જુઓ, લૌકિક દૃષ્ટિએ તો તેણે આંખની સાથે લાંબુ આયુષ્ય, સંપત્તિ, મહેલ વગેરે બધું જ માંગી લીધું કહેવાય ને ?

એ જ રીતે દેવચંદ્રજી પારમાર્થિક દૃષ્ટિએ એક જ વાક્યમાં બધું માંગી લે છે. કહે છે, હે સ્વામી ! આપના **'સકલ'** ગુણો, સમસ્ત ગુણોના ગુણગ્રામ કરતાં કરતાં હું તે ગુણોને **'પ્રત્યક્ષપણે'** જાણી શકું એટલું જ માંગું છું ! આ કંઇ ઓછું માંગ્યું કહેવાય ? જુઓ, પ્રત્યક્ષપણે પ્રભુના ગુણોને ક્યારે જાણી શકાય ? કેવળજ્ઞાન થાય ત્યારે જ ને ? પ્રભુ જેવા સ્વયં થાય ત્યારે ! આ વાત ગાથા - ૮માં પણ આવી હતી. ધીંગધણી જેવા ત્રિભુવનનાથ માથે કર્યા પછી

સંસારનું ક્ષુલ્લક, નાશવંત સુખ દેવચંદ્રજી જેવા જ્ઞાનીપુરુષ શા માટે માંગે ? આવું સનાથપણું પ્રાપ્ત થયા પછી સર્વોત્કૃષ્ટ પરમાત્મદશા જ માંગવાની હોય ને ? એટલે પ્રભુને કહે છે, હું થોડું માંગું તેમાં તમે ઘણું સમજી લેજો ! ઉપાધ્યાય શ્રી યશોવિજયજી પણ શ્રી ઋષભજિન સ્તવનમાં માંગે છે ને કે :

*"ગુણ અનંતા સદા તુજ ખજાને ભર્યા;*
*એક ગુણ દેત મુજ શું વિમાસો ?"*

દેવચંદ્રજીની આ માંગમાં પ્રભુ પ્રત્યેની અચળ શ્રદ્ધાના દર્શન થાય છે કે મારા સ્વામી અનંત અખૂટ આત્મિક ગુણોના ભંડાર છે અને તેમની ભક્તિથી મારામાં પણ આવો આત્મવૈભવ પ્રગટી શકે. વળી **"બીજું કાંઈ ન માંગું"** કહેતાં તેમના ઝળહળતા જ્ઞાનગર્ભિત વૈરાગ્યના પણ દર્શન થાય છે. પ્રભુ તો વીતરાગી હોવાથી ખરેખર કંઈ આપતા નથી. પરંતુ આવી ભાવવાહી ભક્તિથી ભાવોની એવી નિર્મળતા થાય છે કે પ્રભુના જેવા ગુણોનો સાગર ભક્તના હૃદયમાં ઉછળવા લાગે છે અને તે ભક્તિસાગરમાં ભરતી આવતાં ભક્ત સ્વયં ભગવાન બને છે તે વાત અંતિમ ગાથામાં કરી દેવચંદ્રજી ઉપસંહાર કરે છે :

**એમ અનંત પ્રભુતા સદ્દહતાં, અર્ચે જે પ્રભુરૂપજી;**
**દેવચંદ્ર પ્રભુતા તે પામે, પરમાનંદ સ્વરૂપજી.**
**- શીતલ૦ ૧૧**

**શબ્દાર્થ :** આમ, પરમાત્માની અનંત પ્રભુતાની શ્રદ્ધા કરીને જે પ્રભુના સ્વરૂપની પૂજા, અર્ચના કરે છે તે દેવોમાં ચંદ્ર સમાન ઉજ્જવલ અને પરમાનંદ સ્વરૂપ એવી પ્રભુતાને પામે છે. (સદ્દહતાં = શ્રદ્ધા કરતાં; અર્ચે = પૂજા કરે)

**વિશેષાર્થ :** ગણિશ્રી દેવચંદ્રજીએ પ્રભુના અનેક ગુણો દ્વારા પ્રભુની પ્રભુતાનું દર્શન કરાવ્યું, મોક્ષાર્થી સાધક તે **"અનંત પ્રભુતા સદ્દહતાં"**, અર્થાત્ પ્રભુના સ્વરૂપની અંતરંગ એકનિષ્ઠ શ્રદ્ધા કરીને મોક્ષમાર્ગની પ્રથમ સીડીરૂપ વ્યવહાર સમકિતમાં પ્રવેશ કરે છે, જેમાં સત્દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા ગર્ભિત છે. પ્રભુ જેવું જ મારું સ્વરૂપ જે સત્તાગતપણે છે તે પ્રગટ કરી શકાય છે એવી સમજ સદ્ગુરુ દ્વારા મળતાં તે અત્યંત બહુમાનપૂર્વક **"અર્ચે પ્રભુરૂપજી"** પ્રભુના સ્વરૂપની પૂજા-અર્ચના, ગુણગાન, પ્રભુ-ગુરુની આજ્ઞા-આરાધન અને તે દ્વારા નિજસ્વરૂપના ચિંતનમાં નિરંતર લાગી પડે છે. પ્રભુઅર્ચનામાં, પ્રભુગુણચિંતનમાં વારંવાર લીન થતાં આ નિષ્ઠાવાન સાધકમાં ભાવોની એટલી નિર્મળતા, શુદ્ધિ અને એકાગ્રતા થાય છે કે પ્રભુ જેવા જ પોતાના ગુણોનું ભાવભાસન તેને થવા લાગે છે, ઉપયોગ શાંત અને અંતર્મુખ થતો જાય છે અને કોઈ ધન્ય પળે તે નિજસ્વરૂપમાં લીન થઈ આત્માનુભૂતિનો આસ્વાદ માણે છે. આવી સ્વરૂપસમાધિ વધતાં વધતાં, આગળના ગુણસ્થાનો ચઢતાં કાળાંતરે *"કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન"* એવી અસ્ખલિત આત્મસ્થિરતા પામી તે સ્વયં શીતલનાથ જેવી શીતળતા આપનાર દેવોમાં ચંદ્ર સમાન દેવચંદ્ર પદ, અનંત અવ્યાબાધ પરમાનંદ સ્વરૂપ પ્રભુતાને પામે છે.

ગણિશ્રી દેવચંદ્રજીએ પ્રભુના ગુણોને ભલે વચનાતીત કહ્યાં પરંતુ આપણા માટે તો પ્રભુની નિર્મલતા, પૂર્ણતા, કેવળજ્ઞાન, કેવળદર્શન, નિર્ભયતા, નિર્વાંછકતા, અવ્યયતા આદિ અનેક ગુણોને વચનબદ્ધ કરી, પ્રભુની અનંત પ્રભુતાની ઓળખાણ કરાવી, ભક્તિમાર્ગ દ્વારા મોક્ષમાર્ગમાં બે ડગલા આગળ મંડાવ્યા તે માટે તેમનો અનંત ઉપકાર માની કોટિ કોટિ વંદન કરીએ છીએ. તેમની જેમ પ્રભુ-ગુણગાનમાં નિરંતર પ્રવર્તીને તે ગુણોને હૃદયસ્થ અને આત્મસ્થ કરીને થોડા ભવોમાં દેવચંદ્રરૂપ, પરમાનંદસ્વરૂપ પ્રભુતાને પામીએ એ જ મંગળ ભાવના સહિત વિરમીએ છીએ. આ સ્તવનના અર્થ, ભાવાર્થ, પરમાર્થમાં શ્રી દેવચંદ્રજીના આશયથી કંઈપણ વિપરીત લખાયું હોય તો સર્વ જ્ઞાની ભગવંતોની સાક્ષીએ ક્ષમાયાચના કરું છું.

**'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.'**

● ● ●

# મુન્યાચાર (સકલચારિત્ર)

(ક્રમાંક - ૩)

બા.બ્ર. સુરેશજી

## મુનિજીવનની અવિનાભાવી - ચતુર્વિધ આરાધનાઓ

જેવી રીતે શરીરમાંથી આત્મા નીકળી જતા શરીર નિષ્પ્રાણ થઈ જાય છે, તેવી જ રીતે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપ; આ ચાર આરાધનાઓ વિના મુનિજીવન નિષ્પ્રાણ થઈ જાય છે. મહાવ્રતાદિ ૨૮ ગુણ બહિરંગ અર્થાત્ વ્યવહાર ચારિત્રના મૂળગુણ છે તથા સમ્યગ્દર્શનાદિ ચાર આરાધનાઓ અંતરંગ અર્થાત્ નિશ્ચય ચારિત્રના મૂળગુણ છે. ઉપરોક્ત ચાર આરાધના પ્રત્યેક મુનિ માટે અવશ્ય સેવનીય છે. તેમની સિદ્ધિ પરિપૂર્ણતારૂપ મુક્તિ છે.

(૧) **સમ્યગ્દર્શનારાધના :** નિઃશંકિત્વ આદિ આઠ અંગ સહિત, શંકાદિ ૨૫ દોષ રહિત, જીવાદિતત્ત્વોનું વિપરીતાભિનિવેશ રહિત યથાર્થ શ્રદ્ધાન કરવું સમ્યગ્દર્શન કહેવાય છે. ઉપરોક્ત લક્ષણવાળા સમ્યગ્દર્શનને સર્વજ્ઞપ્રણીત સત્યાર્થ આગમના અભ્યાસથી, નય, નિક્ષેપ, પ્રમાણ, સ્યાદ્વાદ અને અનેકાંતદષ્ટિની સમ્યક્ સમજથી પ્રાપ્ત નિર્મળ બુદ્ધિના આશ્રયથી, શ્રી સર્વજ્ઞશાસનથી ઉદ્ભૂત (નીકળેલી) ગુરુ પરંપરાના અનુગ્રહરૂપ કૃપાપ્રસાદથી તથા આ ત્રણેની સમ્યક્ આરાધનાથી પ્રાપ્ત સ્વસંવેદનજ્ઞાનથી નિરંતર દઢ તથા નિર્મળ બનાવવાના ઉદ્યમમાં લાગ્યા રહેવું સમ્યગ્-દર્શનારાધના છે.

(૨) **સમ્યગ્જ્ઞાનારાધના :** અર્થશુદ્ધિ આદિ આઠ અંગોથી સહિત, દ્વંદ્વરૂપ સંશય, અનિર્ણયરૂપ વિમોહ અને વિપરીત નિર્ણયરૂપ વિપર્યાસ (વિભ્રમ) આ ત્રણે દોષોથી રહિત જીવાદિ તત્ત્વોને યથાવસ્થિત જાણવા સમ્યગ્જ્ઞાન કહેવાય છે. ઉક્ત લક્ષણવાળા સમ્યગ્જ્ઞાનને શ્રી સર્વજ્ઞપ્રણીત સત્યાર્થ આગમના સમ્યક્ અભ્યાસથી, નય, નિક્ષેપ, પ્રમાણ, સ્યાદ્વાદ અને અનેકાન્તદષ્ટિની સમ્યક્ સમજથી પ્રાપ્ત નિર્મળ બુદ્ધિના આશ્રયથી, સમ્યક્જ્ઞાનીઓની ચરણસેવાથી પ્રાપ્ત ગુરુકૃપા પ્રસાદીથી તથા ઉક્ત ત્રણેની સમ્યક્ આરાધનાથી પ્રાપ્ત પોતાના સ્વસંવેદન જ્ઞાનથી નિરંતર દઢ તથા નિર્મળ બનાવવાના ઉદ્યમમાં લાગ્યા રહેવું સમ્યગ્જ્ઞાનારાધના છે.

(૩) **સમ્યક્ચારિત્રારાધના :** મહાવ્રતાદિ ૧૩ અંગો સહિત, સર્વ પાપક્રિયાઓરૂપ દોષોથી રહિત થઈ પોતાના સહજ જ્ઞાનાનંદ સ્વરૂપમાં વિકલ્પરહિત થઈને સ્થિર રહેવું સમ્યક્ચારિત્ર કહેવાય છે. ઉક્ત લક્ષણવાળા સમ્યક્ચારિત્રમાં પૂર્વમાં વર્ણીત સમ્યગ્દર્શનાચાર અને સમ્યગ્જ્ઞાનાચારની સહાયતાથી પોતાના નિજ પરમપારિમાણિક ભાવરૂપ કારણસમયસારના આશ્રયથી નિરંતર પ્રવૃત્તિ કરવાના ઉદ્યમમાં લાગ્યા રહેવું તે સમ્યક્-ચારિત્રારાધના છે.

(૪) **સમ્યક્તપારાધના :** અનશનાદિ ૧૨ અંગોની સહાયતાથી ભૂતકાલીન, વર્તમાનકાલીન અને ભવિષ્યકાલીન વાસનાઓના (ઇચ્છાઓ) સંસ્કારોનો નિરોધ કરીને પોતાના નિજ-ચૈતન્યને ઉક્ત ઈચ્છાઓના તરંગોથી રહિત કરીને ક્ષોભરહિત શાંત - નિરાકુળ બનાવવો સમ્યક્તપ કહેવાય છે. ઉક્ત લક્ષણવાળા તપમાં અનશનાદિ બહિરભ્યંતર સાધનોના અવલંબનથી, મહત્પુરુષોના તપસ્વી-ચરિત્રોની પ્રેરણાના આશ્રયથી, શીઘ્ર કર્મક્ષયના ભાવની અનુપ્રેરણાથી પોતાના આત્મવીર્યને ગોપવ્યા

(છુપાયા) વિના નિરંતર શાંતભાવથી લાગ્યા રહેવું સમ્યક્તપારાધના છે.

વિશેષ એ કે સમ્યગ્દર્શનારાધના અને સમ્યગ્જ્ઞાનારાધનાથી પૂર્વબદ્ધ તથા નવીન કર્મબંધ શિથિલ થઈ જાય છે, સમ્યક્ચારિત્રારાધનાથી કર્મોનો સંવર થઈ જાય છે તથા સમ્યક્તપારાધનાથી પૂર્વબદ્ધ કર્મ ઉદીરણા દ્વારા નીરસીભૂત થઈને નિર્જરિત થઈ જાય છે. આ પ્રકારે સાધુ આ ચતુર્વિધ આરાધનાઓની આરાધનાથી ક્રમશઃ કર્મમુક્ત થઈ પોતાના મૂળ શાશ્વત સ્વરૂપને પામે છે.

## મુનિજીવનના વિશિષ્ટ ઉત્તરગુણ

**"જે ગુણ મૂળગુણોની સાથે - સાથે સહજ જ પ્રગટ થાય છે કે જોવામાં આવે છે તેને ઉત્તર ગુણ કહે છે."** આ ઉત્તરગુણ મુનિજીવનને વિશેષ શોભાયમાન કરે છે. જેવી રીતે પોતાના પરિજનોથી રહિત ઘરનો મોભી (મુખિયો) એકલો શોભા તથા પ્રસન્નતાને પ્રાપ્ત નથી થતો; તેવી રીતે ઉત્તરગુણો વિના મૂળગુણ માત્રથી મુનિજીવન શોભા અને પ્રસન્નતાને પ્રાપ્ત થતું નથી. મૂળગુણોના અભાવમાં મુનિજીવન નષ્ટ થઈ જાય છે અને ઉત્તરગુણોના અભાવમાં મુનિજીવન ભ્રષ્ટ થઈ જાય છે. મુનિજીવનના ઉત્તરગુણ અનેક છે, જેમાં પ્રધાન તથા પ્રયોજનભૂત ગુણોનો સંક્ષેપમાં પરિચય કરીશું.

### દશધર્મ

ઉત્તમ ક્ષમા , ઉત્તમ માર્દવ, ઉત્તમ આર્જવ, ઉત્તમ શૌચ, ઉત્તમ સત્ય, ઉત્તમ સંયમ, ઉત્તમ તપ, ઉત્તમ ત્યાગ, ઉત્તમ આકિંચન્ય અને ઉત્તમ બ્રહ્મચર્ય આ દશ ધર્મ મુનિજીવનના રક્ષક અને શિરતાજ છે. અહીં બધાના આગળ ઉત્તમ લગાડવાનો હેતુ અનન્તાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય તથા પ્રત્યાખ્યાનાવરણીય મોહપ્રકૃતિઓના અનુદયથી ઉત્પન્ન અન્ય સાંસારિક પ્રયોજનથી રહિત, પ્રવૃત્તિના સમયમાં માત્ર પોતાના આત્મધર્મની રક્ષા હેતુ તેના પાલનનો છે. જોકે ક્ષમાદિ ગુણ આત્માના જ આત્મધર્મ છે, જેથી પ્રવૃત્તિ અને નિવૃત્તિ બંને સમયે તેમનું પાલન અપેક્ષિત છે. પરંતુ મુનિને નિવૃત્તિ અર્થાત્ સામાયિકાદિ કાળમાં તો તેમનું પાલન સહજ જ થાય છે. આહાર, વિહારાદિ પ્રવૃત્તિના સમયે તેનાથી વિપરીત ક્રોધ, અહંભાવ આદિ થવાના નિમિત્ત વિશેષરૂપે ઉપસ્થિત થાય છે, તે સમયે મુનિ પોતાના સમત્વભાવને જાળવી રાખવા માટે આ દશ ધર્મોનું વિશેષરૂપે અવલંબન લે છે — પાલન કરે છે.

**(૧) ઉત્તમ ક્ષમાધર્મ :** આહાર - વિહાર આદિ પર નીકળતા સમયે મુનિને જગતના બાળ, અજ્ઞાની, મૂઢ જીવો અજ્ઞાનતા કે દ્વેષવશ નિંદ્ય વચન કહે, અપશબ્દ દ્વારા ઉપહાસ કરે, શરીરને મારે, વધ કરવાનો પ્રયત્ન કરે કે પોતાના નિયત સ્થાનથી કાઢી મૂકે એવી પરિસ્થિતિમાં પણ તેમના પ્રત્યે કિંચિત્માત્ર પણ વૈરભાવ (બદલાની ભાવના) ન રાખીને **"એમનો કોઈ દોષ નથી, મારા જ પૂર્વ પાપકર્મનો ઉદય છે"** એમ તત્ત્વચિંતન કરતા કરતા, **'હું સહજ શાંત ક્ષમાસ્વરૂપી આત્મા છું'** એવો વિચાર કરીને શાંત રહે છે તે ઉત્તમ ક્ષમા છે અથવા અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય તથા પ્રત્યાખ્યાનાવરણીય મોહનીયકર્મ, આ ત્રણ કષાયના અનુદયથી આત્મામાં જે પ્રતિક્રિયારહિત શાંતભાવરૂપ ક્ષમાગુણની અભિવ્યક્તિ થાય છે તેને ઉત્તમ ક્ષમા કહે છે.

**(૨) ઉત્તમ માર્દવધર્મ :** વિશિષ્ટ બુદ્ધિ આદિ પોતાના ક્ષયોપશમજ્ઞાન પર, આચાર્ય આદિ પોતાના પૂજનીય પદ પર, ઉચ્ચકુલોત્પન્ન થતાં, સજ્જાતિત્વયુક્ત થતાં, મન-વચન-કાયનું વિશિષ્ટ બળ ઉત્પન્ન થતાં, રસ, વાક્ (વાણી), બુદ્ધિ આદિ વિશિષ્ટ ઋદ્ધિ ઉત્પન્ન થતાં, માસોપવાસ, દીર્ઘકાલીન સ્થિર આસન આદિ તપ શક્તિ ઉત્પન્ન

થતાં, સુડોળ, સૌષ્ઠવયુક્ત સુભગ દેહપ્રાપ્તિ પર મુનિને કિંચિત્‌માત્ર પણ અહંભાવ ઉત્પન્ન થવાની સંભાવના લાગે ત્યારે **આ જ્ઞાનનો ક્ષયોપશમ જ્ઞાનનો વિકાર છે, મારું મૂળ જ્ઞાન નથી. પદ-પ્રતિષ્ઠા, પૂજનીયતા પુણ્યનો વિપાક છે તે મારો નથી. ઉચ્ચકુળ અને જાતિ ગોત્રધર્મનો વિપાક છે, હું તેનાથી ભિન્ન છું. ત્રણે યોગબળ વીર્યાન્તરાયની દેન છે, સ્થાયી નથી, હું તો અનંત શક્તિયુક્ત છું. ઋદ્ધિઓ મળ સ્વરૂપ છે, આત્માની કાંઈ જ સહાયકારી નથી. વિશિષ્ટ તપાદિ પણ દેહાધીન છે. આ સુંદર દેહ ક્ષણભંગુર અને નામકર્મનો વિપાક છે, એમાં મારું કાંઈ પણ નથી. હું સહજ - સામાન્ય દર્શન-જ્ઞાન સ્વભાવી ચૈતન્ય પદાર્થ છું. કાંઈ પણ વિશિષ્ટ નથી. સહજ - સામાન્ય થવું તે જ સુખનો ઉપાય છે. વિશિષ્ટ, અહંભાવયુક્ત થવું તે દુઃખનું કારણ છે, કઠોરતાનું પરિચાયક છે. સહજ - સામાન્ય થવું કોમળતાનું દ્યોતક છે** એવું તત્ત્વચિંતન કરતાં કઠોર અહંવૃત્તિનો પરિત્યાગ કરી સદૈવ કોમળ નમ્રવૃત્તિયુક્ત રહેવું તે મુનિનો ઉત્તમ માર્દવધર્મ છે અથવા અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય તથા પ્રત્યાખ્યાનાવરણીય મોહનીયકર્મ; આ ત્રણ કષાયના અનુદયથી આત્મામાં જે સ્વાભાવિક કોમળતારૂપ વિનયગુણની અભિવ્યક્તિ થાય છે તેને ઉત્તમ માર્દવ કહે છે.

**(૩) ઉત્તમ આર્જવધર્મ : મારો મૂળ સ્વભાવ અત્યંત સરળ અને પારદર્શી છે.** એવો તત્ત્વનિર્ણય કરીને ગુરુ સામે પોતાના દોષ કહેવામાં કે અન્ય કોઈ અવસરે મન, વચન, કાયથી કોઈ કપટભાવ ઉત્પન્ન થાય એવા સમયમાં પોતાના મનને નિશ્છલ રાખવું, વચનથી સત્ય, હિત, મિત, પ્રિય બોલવું અને કાયને અન્ય બનાવટી વેષોથી રહિત યથાજાતરૂપધર રાખવું અર્થાત્ મન, વચન, કાય ત્રણેને સ્વભાવ અનુરૂપ નિર્દોષ અને સરળ રાખવા તે મુનિ માટે ઉત્તમ આર્જવધર્મ છે અથવા અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય તથા પ્રત્યાખ્યાનાવરણીય મોહનીયકર્મ, આ ત્રણ કષાયના અનુદયથી આત્મામાં જે યોગ અને ઉપયોગની એકતારૂપ સરલતાગુણની અભિવ્યક્તિ થાય છે તેને ઉત્તમ આર્જવ કહે છે. **(ક્રમશઃ)**

● ● ●

## ફટાકડાં ફોડવાથી થતાં વિવિધ નુકસાનો

**(૧) ફટાકડાં ફોડવાથી ૫ સ્થાવર + ૧ ત્રસ જીવોની હિંસા થાય છે.**

**(૨) બીજા જીવોને દુ:ખ થવાથી અશાતા વેદનીય કર્મ બંધાય છે.**

**(૩) ફટાકડાં ફોડવાથી દયા – કરુણાની ભાવનાનો લોપ થાય છે.**

**(૪) પૈસાનો બગાડ થાય છે અને પાપનું પોષણ થાય છે.**

**(૫) ફટાકડાંના તીવ્ર અવાજોથી કાનમાં બહેરાશ આવે છે અને નબળા હૃદયવાળાને હાર્ટએટેકની શક્યતા રહે છે.**

**(૬) વ્યક્તિ દાઝી જાય છે અને આગ લાગવાના બનાવો બને છે.**

**(૭) બિહામણા અવાજથી પશુ–પક્ષીઓ ફફડી ઊઠે છે.**

**(૮) ફટાકડાં ફોડતાં તેમાંથી નીકળતા ઝેરી ધુમાડાથી અનેકવિધ બીમારીઓ થાય છે.**

**(૯) પર્યાવરણને નુકસાન પહોંચે છે.**

**ફટાકડાં ફોડો નહીં, ફોડાવો નહીં અને તેની અનુમોદના ન કરો.**

# ધર્મદુર્લભ ભાવના

**મહેન્દ્રભાઈ કે. ખંધાર**

## (૧) પ્રસ્તાવના

આર્ય સંસ્કૃતિમાં ૪ આર્ય સત્ય છે કે, (૧) સર્વ જીવ સુખને ઇચ્છે છે, (૨) છતાં સર્વ જીવ દુઃખી છે, (૩) તે દુઃખ દૂર થઈ શકે છે, અને (૪) તે દુઃખ દૂર કરવાનો ઉપાય છે.

સર્વ જીવ દુઃખી કેમ છે ? કારણ કે તે સાચા (આત્મિક) સુખને સમજી શક્યા નથી. ધ્યેય અને સમજણ ખોટા હોવાથી માર્ગ પણ ખોટો મળેલ છે અને પરિણામે દુઃખી થાય છે.

તો સાચું સુખ કોને કહેવું ? પરમકૃપાળુદેવ કહે છે કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં અને સુખ (આભાસી સંસારનું, ઈન્દ્રિયજન્ય વિષયોનું) પ્રાપ્ત કરતાં સુખ (સાચું, આત્મિક) ટળે છે (મોક્ષમાળા - ૬૭).

શ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે કે સંસારનું કહેવાતું સુખ : પરયુક્ત, બાધાસહિત, ખંડિત, બંધકારણ, વિષમ છે. જ્યારે સાચું સુખ : અત્યંત, આત્મોત્પન્ન, વિષયાતીત, અનૂપ, અનંત, વિચ્છેદહીન છે (પ્રવચનસાર - ૭૬, ૧૩).

ભગવાન કહે છે કે નિરાકુળતા તે સુખ છે અને આકુળતા તે દુઃખ છે. જ્ઞાનીઓ કહે છે કે સાચું સુખ સ્વતંત્ર, આંતરિક, સ્વવશ હોય છે અને સુખાભાસ પરતંત્ર, બાહ્ય, પરવશ હોય છે.

સાચા સુખની સાચી સમજણના અભાવે જ અનંતાનંત જીવો અનંતકાળથી ચાર ગતિરૂપ સંસારમાં ભટકે છે. શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે જે સ્વરૂપ (સાચા સુખનું અને પોતાના સાચા સ્વરૂપનું) સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત (આત્મસિદ્ધિ - ૧).

સાચા સુખ વિષે કાંઈક સમજ્યા પછી હવે પ્રશ્ન થાય કે તેની પ્રાપ્તિ કેવી રીતે અને કયા સાધનથી કરવી ? ભગવાન કહે છે કે ધર્મથી જ સુખની પ્રાપ્તિ થાય છે, પછી તે સાંસારિક સુખ હોય કે આત્મિક સુખ હોય, અને ધર્મ વિના માનવી પશુ સમાન છે. ધર્મ આ ભવ અને પરભવમાં આપણું હિત કરનાર છે. જગતનું અને જીવોનું કલ્યાણ કરે છે, શાંતિ આપે છે. વ્યવહાર દૃષ્ટિએ ધર્મ ક્રિયા-કલાપ છે, નિશ્ચયથી આત્મસન્મુખતા છે. વિચાર કરીએ કે ધર્મ શું છે, એનો આત્મા સાથે કેવો સંબંધ છે, એનું વ્યવહાર અને પરમાર્થ સ્વરૂપ કેવું છે, તેની વિધિ અને પ્રકારો વગેરે.

આટલી પ્રસ્તાવના પછી હવે આપણે આ લેખ વિષે વિચારીએ. લેખનું શીર્ષક છે : ધર્મદુર્લભ ભાવના. તેમાં ત્રણ શબ્દો છે અને આપણે દરેક વિષે વિસ્તારથી જોઈશું - ભાવના, ધર્મ અને દુર્લભના ક્રમમાં.

## (૨) ભાવના

આપણો આત્મા ભાવસ્વરૂપ છે. તે માત્ર ભાવ જ કરી શકે, અન્ય કાંઈ નહીં. એક સળી (પર પદાર્થ)ના બે ટુકડા પણ તે કરી શકે નહીં.

જેના વડે મનને ભાવન કરવામાં આવે, સંસ્કારિત કરવામાં આવે તેને 'ભાવના' કહે છે (આચાર્ય હરિભદ્રસૂરિજી, આવશ્યક સૂત્ર ટીકા). મનને જે પ્રકારના ભાવોના રસમાં વારંવાર ડુબાડી રાખે, ધોળણ કરે તે ભાવોની, વિચારોની અસર મન પર દૃઢ થતી જાય છે. ભાવ ક્ષણિક છે અને તે લાંબો સમય રહેતા, વારંવાર વાગોળતાં, સ્થિર થતાં 'ભાવના' બને છે. તત્ત્વાર્થ સૂત્રમાં પૂ.ઉમાસ્વાતિજીએ ભાવનાને 'અનુપ્રેક્ષા' કહેલ છે. અનુપ્રેક્ષા એટલે ચારે

બાજુથી સારી રીતે જોવું (વિચારવું).

જ્ઞાની ભગવંતોએ જીવનના સર્વાંગી આધ્યાત્મિક વિકાસ માટે ૧૬ ભાવનાઓ ભાવવાનું કહેલ છે. તેમાં પાયાની ૪ ભાવના : (૧) મૈત્રી, (૨) ગુણપ્રમોદ, (૩) કરુણા અને (૪) મધ્યસ્થતાને 'પરા' (ઉત્કૃષ્ટ, પ્રકૃષ્ટ શુભ) ભાવના કહેલ છે. આ ચારેય ભાવના આત્મ-અનુસંધાનરૂપ છે. આ ચાર ભાવના ધર્મધ્યાનની સિદ્ધિ માટે છે.

પછીની **૧૨ ભાવનાઓ :** (૧) અનિત્ય, (૨) અશરણ, (૩) સંસાર, (૪) એકત્વ, (૫) અન્યત્વ, (૬) અશુચિ, (૭) આસ્રવ, (૮) સંવર, (૯) નિર્જરા, (૧૦) ધર્મદુર્લભ, (૧૧) લોકસ્વરૂપ અને (૧૨) બોધિદુર્લભ ભાવનાને અનુપ્રેક્ષા કહેલ છે.★ તેમાં :

- સંસાર ભાવના (૩) અને લોકસ્વરૂપ ભાવના (૧૧) વિશાળ નજરે બાહ્ય અવલોકન કરાવે છે (objective).
- અનિત્ય (૧), અશરણ (૨), એકત્વ (૪), અન્યત્વ (૫) અને અશુચિ (૬) ભાવનાઓ આંતરગ્રાહી છે (subjective).
- ધર્મદુર્લભ (૧૦) અને બોધિદુર્લભ (૧૨) ભાવનાઓ સ્વરૂપલક્ષી અને સાધનલક્ષી છે (instrumental)
- આસ્રવ (૭), સંવર (૮) અને નિર્જરા (૯) ભાવનાઓ આત્માના કર્મ સાથેના સંબંધ પરત્વે હોઈ એની વર્તમાન સ્થિતિને સમજાવે છે. (they show evolutionary stages of development)

આ ૧૨ ભાવના ધર્મનું અનુસંધાન કરે છે. એમાંની એક એક ભાવનાને નિરંતર ભાવવામાં આવે તો ભવચક્રના ફેરા મટી જાય. ભાવનાઓનો સાર (અને હેતુ) એ છે કે નિત્ય - અનિત્યનું ભાન થાય, સ્વ-પરને યથાર્થ જાણીને સ્વનો સ્વીકાર અને પરની ઉપેક્ષા, પરિણતિની નિર્મળતા કરવી અને વિષય - કષાય પર કાબૂ મેળવવો.

બીજી રીતે જોઈએ તો પહેલી ૬ ભાવનાઓ વૈરાગ્યની જનની છે અને છેલ્લી ૬ ભાવનાઓ આત્મવિકાસના સાધનરૂપ છે. આમ, આ ૧૬ ભાવનાઓ ભવનાશિનીરૂપ છે. આ ભાવનાઓની ફલશ્રુતિમાં કર્મ અટકાવવા, કર્મ ખપાવવા, સદ્‌ગતિ, ચક્રવર્તી - ઈન્દ્ર - તીર્થંકર પદ, ભવનો નાશ (મોક્ષ) વગેરે છે.

આપણો વિષય છે ધર્મભાવના. એટલે ધર્મ વિષે વારંવાર વિચાર કરવો, તેના સ્વરૂપનો અને ફળનો, પ્રકારોનો અને ઉપયોગિતાનો, જીવનમાં અને સાધનામાં તેનું સ્થાન... વગેરેના ઘોલનથી ધર્મભાવના સધાય છે. ભાવના વિષે ચિંતન-મનન પછી હવે આપણે ધર્મ વિષે વિચારીએ.

## (૩) ધર્મ

**ધૃ** - ધારી રાખવું, તે ધાતુ ઉપરથી ધર્મ શબ્દ બન્યો છે. આમ, જેના વડે ધારી રખાય તે ધર્મ. જે ધારણ કરી રાખે તે ધર્મ. આત્માને સદ્‌ગતિમાં ધારી રાખે અને દુર્ગતિમાં પડવા ન દે તે ધર્મ. **धारयति इति धर्म ।** તે જ રીતે આપણે જો ધર્મની રક્ષા કરીએ તો તે આપણી રક્ષા કરે છે. **धर्मो रक्षति रक्षितः ।** જુદી જુદી અપેક્ષાએ અનેક રીતે ધર્મની વ્યાખ્યાઓ શાસ્ત્રકારોએ કહી છે. તેનો કોઈ ક્રમ નથી.

(૧) **वत्थु सहावो धम्मो** (વસ્તુ સ્વભાવ તે ધર્મ) : આ જગતમાં અનંતાનંત વસ્તુઓ અનંત ધર્માત્મક છે. દરેક પોતાના સ્વભાવધર્મમાં રહે છે : સાકરનું ગળપણ, પાણીની શીતળતા, મીઠાની ખારાશ, અગ્નિની ઉષ્ણતા વગેરે વસ્તુઓમાં ત્રિકાળી ધર્મ છે. તેમ આત્માનો મુખ્ય ધર્મ જ્ઞાન છે, જ્ઞાયક ભાવ છે, જ્ઞાતા-દૃષ્ટા ભાવ છે.

(૨) **રત્નત્રયરૂપ ધર્મ :** દર્શન, જ્ઞાન,

**★ છેલ્લી ત્રણ ભાવનાનો ક્રમ અને શબ્દોમાં ક્યાંક ફેરફાર જોવામાં આવે છે, તે અગત્યનું નથી.**

ચારિત્રરૂપ ધર્મ.

(૩) **દશલક્ષણરૂપ ધર્મ :** ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય, બ્રહ્મચર્ય.

(૪) **પ્રાણીઓના રક્ષણરૂપ ધર્મ :** જીવદયા અને કોમળતારૂપ છે.

(૫) **ઉપયોગે ધર્મ (નિશ્ચયથી) અને જયણાએ ધર્મ (વહેવારથી) :** ક્રિયા એ કર્મ, પરિણામે બંધ. મનના ભાવ અને પરિણામ પર બંધ થાય છે. તેથી સતત આત્મજાગૃતિની જરૂર છે. મન-વચન-કાયા-ઉપયોગ એમ સર્વ પ્રવૃત્તિમાં પરહિંસા-સ્વહિંસાથી બચવું.

(૬) **आणाए धम्मो** : ભગવાન (અને ગુરુ)ની આજ્ઞાનું પાલન તે ધર્મ છે. સર્વજ્ઞ ભગવંતો અને વીતરાગી સંતો જીવના આત્મકલ્યાણ માટે જે આજ્ઞા કરે તેને પાળવી તે ધર્મ. જડ અને ચેતન સાથે કેવી રીતે વર્તવું અને સ્વ-પરનો વિવેક અનુસરવો તે મુખ્ય આજ્ઞા છે. તે વિધેયાત્મક અને નિષેધાત્મક હોય છે.

(૭) **માર્ગાનુસારીના ૩૫ ગુણો :** શાસ્ત્રોક્ત જૈન શ્રાવકના ૩૫ ગુણો અનુસરવા તે ધર્મ છે (કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય).

(૮) **શ્રાવકના ૨૧ લક્ષણો :** 'નાટક સમયસાર'માં વર્ણવેલ શ્રાવકના ૨૧ ગુણો અનુસરવા તે ધર્મ છે (શ્રી બનારસીદાસ).

(૯) **ચાર પુરુષાર્થ :** ધર્મ, અર્થ, કામ, મોક્ષ પુરુષાર્થને ધર્મ કહ્યો છે. સરવાળે ધર્મથી જ મોક્ષ મળે છે. મોક્ષનું મૂળ ધર્મમાં જ છે તેથી ધર્મને પ્રથમ મૂક્યો. અર્થ અને કામ ધર્મપૂર્વક થવા જોઈએ. મોક્ષ તો લક્ષ અને પરિણામ છે. ધર્મ એટલે ક્રિયા (બાહ્ય) અને આત્મસન્મુખતા (આંતરિક). અર્થ એટલે ધન અને સગવડોની પ્રાપ્તિ. કામ એટલે ઈચ્છાઓ અને ઈન્દ્રિયોના ભોગો. મોક્ષ એટલે શાશ્વત સુખ-આનંદની પ્રાપ્તિ.

(૧૦) **દાનાદિ ચતુર્વિધ ધર્મ :** આહારસંજ્ઞા ટાળવા તપ ધર્મ છે, ભયસંજ્ઞા ટાળવા (સ્વ)ભાવ ધર્મ છે, મૈથુન સંજ્ઞા ટાળવા શીલ ધર્મ છે, પરિગ્રહ સંજ્ઞા ટાળવા દાન ધર્મ છે. મહાભારતના 'શાંતિ પર્વ'માં કહે છે કે સત્ય વડે ધર્મ ઉત્પન્ન થાય છે, દયા-દાનથી ધર્મ વધે છે, ક્ષમા-સમતામાં ધર્મ સ્થિર થાય છે અને કષાયથી ધર્મ ચાલ્યો જાય છે. લોભવૃત્તિથી ધર્મ નાશ પામે છે (ભગવદ્‌ગીતા ૧૬-૨૧). અભયદાન શ્રેષ્ઠ દાન છે. ધનાદિની મૂર્છાનો ત્યાગ કરવા દાન ધર્મ છે. ભરવાડના ભવમાં સુપાત્ર (મુનિને) દાન આપવાના કારણે શાલિભદ્ર થયા. શ્રેયાંસકુમારનું આહારદાન તો વિખ્યાત છે (ઋષભદેવનું પારણું). શીલધર્મમાં વિજય શેઠ - વિજયા શેઠાણી, સુદર્શન શેઠ, સુભદ્રા સતી જાણીતા છે. નિર્જરા કરવા તપ સર્વોત્તમ ધર્મ છે. તેના આભ્યંતર-બાહ્ય ૧૨ પ્રકાર છે. ધન્ના અણગારને તો ખુદ મહાવીર પ્રભુએ પ્રસંશેલા. ભગવાનના ૧૪,૦૦૦ સાધુમાં તેમનો નંબર પહેલો હતો. ભાવ જ મુખ્ય છે, બાકીના ૩ સાધનો છે. દાનથી ધર્મની શરૂઆત થાય, શીલથી વિષયો અને શરીર પર અંકુશ આવે, તપથી શરીર અને મન પર કાબૂ આવે, ભાવથી આત્મવિશુદ્ધિ અને સિદ્ધિ થાય છે.

(૧૧) **સંયમ ધર્મ :** કર્મક્ષય માટે છે. શ્રુતધર્મ તે ૧૨ અંગ અને ચારિત્ર ધર્મમાં દેશવિરતિ (શ્રાવકના ૧૨ વ્રત) અને સર્વવિરતિ (૫ મહાવ્રત) છે.

(૧૨) **૬ દૈનિક કર્તવ્યરૂપ ધર્મ :** દેવપૂજા, ગુરુભક્તિ, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન.

(૧૩) **૬ આવશ્યકરૂપ ધર્મ :** સામાયિક, ચઉવીસંથ્થો, વંદણા, પ્રતિક્રમણ, કાઉસગ્ગ અને પચ્ચક્‌ખાણ.

(૧૪) **પંચાચારરૂપ ધર્મ :** પંચગુણાત્મક - જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર. જ્ઞાન ક્રિયાભ્યામ્ મોક્ષઃ (શ્રી નંદીસૂત્ર).

(૧૫) **અધર્મના ત્યાગરૂપ ધર્મ :** શ્રી હરિભદ્રસૂરિજી કહે છે કે હિંસાદિ પાંચ પાપો, મિથ્યાત્વ, ચાર કષાયો, પ્રમાદ, નિદ્રા, વિકથા

આદિનો સમજણપૂર્વક અને પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ કરવો તે ધર્મ છે.

(૧૬) **ધર્મની ચાર પરીક્ષા :** સુવર્ણના કાપ, છેદ, તાપ, તાડન જેમ ધર્મમાં (૧) ઉપદેશક વર્ગ - વર્તન (ત્યાગી, ભવભીરુ), (૨) જ્ઞાન અવિરોધ, (૩) આચાર અને (૪) સમાધિમાર્ગ (યોગ) વર્ણવેલ છે.

(૧૭) **નીતિધર્મ :** માર્ગાનુસારીના ૩૫ ગુણો અને શ્રાવકના ૨૧ લક્ષણોમાં ન્યાયઉપાર્જિત ધન (લક્ષ્મી) પ્રથમ નંબરે છે. નીતિથી જ સજ્જનતા, સદાચાર વગેરેનો પાયો નંખાય છે (વચનામૃત પત્રાંક ૧૨, ૪૮, ૪૯૬).

(૧૮) **કર્તવ્યધર્મ :** પિતૃધર્મ, પતિધર્મ, સતીધર્મ, એમ કર્તવ્ય, મર્યાદાપાલનને પણ ધર્મ કહ્યો છે. કૌટુંબિક, સામાજિક, રાષ્ટ્રીય ફરજ વગેરે આવે.

(૧૯) **ધર્મધ્યાનરૂપ :** આજ્ઞાવિચય, અપાય વિચય, વિપાકવિચય અને સંસ્થાન વિચય તથા ૧૬ પેટાભેદનો સમાવેશ છે.

(૨૦) **બાહ્ય લૌકિક વહેવાર ધર્મ :** વિધિ વિધાન, ક્રિયાવાળો ધર્મ. તેમાં નિયમાદિ મર્યાદા છે. લોક વહેવારમાં બહાર દેખાતો ધર્મ સમાજની વ્યવસ્થા, શિસ્ત, સંસ્કાર અને જિનશાસનની ગતિ-પ્રગતિરૂપ છે.

(૨૧) **આભ્યંતર લોકોત્તર નિશ્ચય ધર્મ :** આત્માની શુદ્ધિ કરનાર, કર્મની નિર્જરા કરનાર, પાપનિવૃત્તિપ્રધાન, ક્ષમા-નમ્રતા-સરળતા-નિર્લોભતા આદિ આત્મશુદ્ધિકારક આભ્યંતર પરમાર્થ ધર્મ છે.

(૨૨) **ધર્મ એટલે પુણ્ય-સુકૃતનો પરિપાક - સુખ :** સારા કાર્ય કરવાથી સારા કર્મ (પુણ્ય) બંધાય છે અને શાતા-અનુકૂળતા-સંયોગો મળે છે. તેમાં ઉત્તમ વર્તન અને સારું ચારિત્ર આવે. આ અર્થમાં 'ધર્મ' શબ્દ વપરાય છે.

(૨૩) **ધર્મનો પ્રભાવ :** બધા પાસા સવળા પડે, બધું અનુકૂળ થાય / મળે, હિત કરનાર, ઈષ્ટ પદાર્થોની સિદ્ધિ, સ્વર્ગ અને મોક્ષ આપે, વૈભવ વગેરે મળે છે. સદ્‌ગુણો, સદ્‌વર્તન, સજ્જનતા, સુબુદ્ધિ વગેરેથી ધર્મ થાય છે અને ધર્મથી તે બધું મળે છે. દશ દુર્લભ પણ પ્રાપ્ત થાય છે : ત્રસ, સંજ્ઞી, મનુષ્ય, પૂર્ણ પાંચ ઈન્દ્રિય, નીરોગી સુડોળ શરીર, આર્યક્ષેત્ર, આર્યકુળ, શુભ આજીવિકા, લાંબુ આયુષ્ય અને સત્સંગ.

(૨૪) **ઉત્કૃષ્ટ મંગળ :** અહિંસા, સંયમ અને તપ એ ધર્મ છે. ધર્મ પોતે મંગળમય છે, પ્રાણીને મંગળમય બનાવે છે, તે ઉત્કૃષ્ટ મંગળ છે (શ્રી દશવૈકાલિક સૂત્ર).

**(૨૫) ધર્મના પરિણામરૂપ ૧૨ વિશેષણો :**

૧. મંગળ સ્વરૂપ - મંગલ કમલાકેલિનિકેતન : માંગલિક, હિત કરે, આનંદ આપે, તારણહાર, લક્ષ્મીનું સ્થાન.

૨. કરુણાસ્વરૂપ - કરુણાકેતન : કરુણા, સર્વ જીવ પર દયાભાવ, અભયદાન.

૩. અવિચળ સ્વરૂપ - ધીર : અવિચળ, મજબૂત, વીર, પરોપકારી, વિવેક, વિચક્ષણતા.

૪. લક્ષ્ય - શિવસુખસાધન : મોક્ષસાધક.

૫. નિષેધાત્મક - ભવભયબાધન : ભયોને અટકાવનાર - હરનાર (ભક્તામર સ્તોત્ર - ૩૮ થી ૪૭).

૬. આધારરૂપ - જગત આધાર : આશ્રયદાતા, રક્ષક, શરણાગત વત્સલ.

૭. વિશાળતા - ગંભીર : સમુદ્ર જેવો વિશાળ, ઊંડો, અગાધ, સર્વગ્રાહી.

૮. પૂજ્ય-દેવાસુરનરપૂજિત : સુર, અસુર, મનુષ્ય પૂજિત.

૯. પ્રાધાન્ય - સર્વતંત્રનવનીત : તંત્ર એટલે ધર્મશાસ્ત્ર. અનેક પ્રકારના ક્રિયાકાંડોનો સાર - નવનીત આત્મિક દૃષ્ટિએ.

૧૦. ત્રિકાલત્વ - સનાતન : ત્રિકાલ અબાધિત (મૂળ મારગ - ૪)

૧૧. ક્રમઆરોહ - સિદ્ધિસદન સોપાન : મુક્તિમંદિરે પહોંચવાનો દાદરો. ગુણસ્થાન ક્રમ આરોહ.

૧૨. શાંતસુધારસ - પ્રતિલંભિત શાંત સુધારસપાન : સદ્ધર્મરુચિ અને વિનયથી શાંતસુધારસપાન કરાવનાર.

## (૪) દુર્લભ

સાચા સુખનું સ્વરૂપ અને ધર્મનું સ્વરૂપ જાણ્યા પછી પણ શાથી સંસારી જીવો માટે ધર્મ દુર્લભ રહ્યો છે તે કારણો હવે આપણે જોઈએ. આ કારણોનો કોઈ ક્રમ નથી અને ઘણા એકબીજાના પૂરક અને આનુષંગિક છે.

૧. ધર્મને ધર્મસ્થાનકોમાં જ રાખ્યો, પણ ધર્મને પોતાનું સ્વરૂપ સમજીને નિરંતર (૨૪ X ૭) સાથે ન રાખ્યો.

૨. મનના ઊંડાણમાં અજાગૃતિપૂર્વક (સુષુપ્ત મનમાં) ધર્મ અને તેનો ઉપદેશ 'બીજા' માટે છે, પોતા માટે નહીં - તેવો ખોટો ખ્યાલ. ધર્મને સ્વસન્મુખ ન કર્યો.

૩. અનાદિના કુસંસ્કારોને લીધે, જીવનમાં ધર્મ અપનાવવાના સમયે જાગૃતિ ન રહી અને ધર્મ (ઉપદેશ) ભુલાઈ ગયો.

૪. જીવનમાં ધર્મશૈલી અપનાવવામાં ત્યાગ અને સાહસના અભાવથી જીવ પાછો પડીને જૂની ઘરેડમાં જ રહે છે.

૫. ભવોભવના ખોટા સંસ્કારોથી ધર્મની રુચિ જ નથી.

૬. અનાદિના અગૃહિત મિથ્યાત્વને લીધે ધર્મમાં શ્રદ્ધા નથી.

૭. સાચા સુખ અને સાચા ધર્મના અજ્ઞાન, અજાણપણાને લીધે ધર્મનો ખ્યાલ જ નથી.

૮. ઓઘસંજ્ઞાના પરિણામે કુળધર્મ અને બાપદાદાનું જોઈને તે જ સાચું છે તેવા ભ્રમમાં રહે છે.

૯. લોકસંજ્ઞાને લીધે ગાડરિયા પ્રવાહની જેમ ખોટું કર્યા કરે છે.

૧૦. બાહ્યક્રિયાની પ્રધાનતા તથા બહારથી દેખાતા ઉત્સવોમાં રુચિ.

૧૧. પાઠશાળામાં માત્ર સૂત્રો ભણે પણ તત્ત્વનો અભ્યાસ નહિવત્.

૧૨. બાહ્ય ધર્મના સાધનોમાં સાધ્યપણું માની લેવું.

૧૩. બાહ્યક્રિયામાં મળતા માન-પાનથી તેમાં મમત્વ, આગ્રહ, સ્વાર્થબુદ્ધિ.

૧૪. પૂ. વિદ્વાનો, સ્વાધ્યાયકારો અને સાધુ-સાધ્વીના પ્રવચનોમાં સામાન્ય રીતે તત્ત્વ ઓછું અને તે પણ ગૌણપણે.

૧૫. ક્યાંક માત્ર જ્ઞાન (માહિતીરૂપે મુખ્યપણે, શુષ્ક જ્ઞાની) અને ક્યાંક માત્ર ક્રિયા (ક્રિયાજડ). જીવનમાં કે દૃષ્ટિમાં 'જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષઃ' ઉતારેલ નથી.

૧૬. જ્ઞાની અનુભવી સદ્ગુરુ પાસેથી સમજણપૂર્વકના ક્રમિક વિકાસને બદલે સ્વચ્છંદપણે ધર્મપ્રવૃત્તિ.

૧૭. અધ્યાત્મમાર્ગમાં સજ્જનતા અને પ્રારંભિક (શરૂઆતની) પાત્રતાનું સ્થાન સમજ્યા વિના ઉપર ઉપરના ગુણસ્થાનો વિષે વાંચન-ધારણા-પ્રયાસ.

૧૮. અધ્યાત્મને અનુરૂપ બાહ્ય સદ્વ્યવહારની ઉપેક્ષા.

૧૯. ધર્મનો મર્મ જ્ઞાની પાસેથી જાણ્યા વિના ધરમ ધરમ કરે ને દોડ્યા કરે (શ્રી આનંદઘનજી 'ધર્મનાથ સ્તવન').

૨૦. ગભરુ લોકો (અજ્ઞાની બાળજીવો)ના ભોળપણનો લાભ લઈને સ્વાર્થ, અહંકાર, માન પોષે.

૨૧. ધર્મસ્થાનોમાં પણ સરખામણી, હરીફાઈ, માન કષાય વગેરે દૂષણો ઘુસી ગયા છે.

૨૨. જૈન ધર્મ (વીતરાગ દર્શન)ના મૂળ સિદ્ધાંતો સહુને માન્ય હોવા છતાં વ્યવહારના બાહ્ય,

નજીવા, ક્રિયાકાંડના ક્ષુલ્લક તફાવતોને મતભેદ અને મનભેદમાં પરિણમાવ્યા.

૨૩. કેટલાક જીવો, સમજીને યથાર્થ ધર્મ કરવાથી તેથી પ્રગટતી રિદ્ધિ-સિદ્ધિમાં અટવાઈ ગયા.

૨૪. શુદ્ધ આત્મધર્મથી પ્રગટતા ઐશ્વર્યને જ સાધ્ય, ઈતિ સિદ્ધમ્ ગણ્યું.

૨૫. ધર્મથી શુભભાવ અને પુણ્ય થતાં, મળતાં સાંસારિક વૈભવ-પદ-ભોગમાં તણાઈને જીવ ધર્મને જ અવગણે છે.

૨૬. નિર્બળતા, લાચારી, પરાણે, વેઠપૂર્વક ધર્મ (ક્રિયાઓ) આદરવાથી આત્મિક લાભ થતો નથી.

૨૭. ઉત્સાહ, ઉલ્લાસ, પ્રેમ, આત્મવીર્યપૂર્વક ધર્મ આરાધના નહીં કરવાથી યોગ્ય ફળ મળતું નથી.

૨૮. પૂર્વપુણ્યથી મળેલ અનુકૂળતાને અનુરૂપ ધર્મ (ક્રિયા) કરે છે, પણ પ્રતિકૂળતામાં ધર્મથી વિમુખ થઈ જાય છે.

૨૯. ધર્મથી મળતા પુણ્ય અને પુણ્યફળને જ ધર્મ માની લીધો.

૩૦. આધુનિક કેળવણી ધર્મવિમુખ કરે છે.

૩૧. આધુનિક સાધનો (ટીવી, લેપટોપ, મોબાઈલ ફોન આદિ) ધર્મ માટે સમય રહેવા દેતા નથી કે ધર્મરુચિ પોષતા નથી.

૩૨. વિજ્ઞાનના મૂળમાં રહેલી નાસ્તિકતા આસ્તિકતાને પાંગરવા દેતી નથી.

૩૩. આધુનિક ઉંચા જીવનધોરણ અને પૈસાની છૂટને લીધે ભવનો ભય કે દુર્ગતિનો ડર ન રહ્યા.

૩૪. આધુનિક તબીબીશાસ્ત્રને લીધે રોગોના ભયો ઓછા થતાં ધર્મની જરૂર ન લાગી.

૩૫. મોક્ષની અને મોક્ષસુખની સાચી જાણકારી તેમજ શ્રદ્ધા નહીં હોવાથી ધર્મની આવશ્યકતા નથી લાગતી.

૩૬. તાર્કિક નવી પેઢીને ધર્મના પાયામાં રહેલ શ્રદ્ધા સ્વીકાર્ય નથી. તેમને તો આંખે દેખાય અને સમજાય તેવી પ્રૂફ (પ્રમાણ, પુરાવા) જોઈએ છે.

૩૭. આ સંસારમાં ધર્મને જાણવાની સામગ્રી, ધર્મનું શ્રવણ, ધર્માત્માનો સમાગમ, ધર્મની શ્રદ્ધા-જ્ઞાન-આચરણ વગેરે દુર્લભ છે (શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યાય-૩).

## (૫) ઉપસંહાર

સાચા સુખનું યથાર્થ સ્વરૂપ જાણી, ધર્મનું યથાર્થ સ્વરૂપ જાણી અને ધર્મની દુર્લભતા જાણી-સમજી, આપણે આપણી શ્રદ્ધા (માન્યતા, વિશ્વાસ) દઢ કરવી. ધર્મની દુર્લભતાના ઉપર દર્શાવેલ ૩૭ કારણો સમજવા સરળ-સુગમ છે. તેને આપણા જીવનમાંથી યથાશક્તિ દૂર કરીને આત્મશ્રેય સાધવું તે જ આત્મકલ્યાણનો માર્ગ છે, તે જ ભગવાનની આજ્ઞા છે, તે જ જ્ઞાની ભગવંતોનો ઉપદેશ છે. સર્વ જીવનું તે રીતે આત્મકલ્યાણ થાય તેવી મંગળ ભાવના સાથે, જિનાજ્ઞાથી કાંઇ વિપરીત લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

## (૬) સંદર્ભસૂચિ


૧. 'શ્રી શાંતસુધારસ' : પૂ. મહોપાધ્યાય વિનયવિજયજી, મોતીચંદ કાપડિયા (વિવેચન)

૨. 'ભાવના ભવનાશિની' : પૂ. પંન્યાસ પ્રવર અરુણવિજયજી (હાલ આચાર્ય)

૩. 'સમાધિ સોપાન' : પૂ. બ્રહ્મચારીજી, અગાસ આશ્રમ

૪. 'That which is' (તત્ત્વાર્થ સૂત્ર) : પૂ. આચાર્ય ઉમાસ્વાતિ, નથમલ ટાટીયા (ભાષાંતર, વિવેચન)

૫. 'Tattvartha Sutra' : પૂ. આચાર્ય ઉમાસ્વાતિ, મનુભાઈ દોશી (ભાષાંતર, વિવેચન)


■ ■ ■

# આત્માની ભાવભાવશક્તિ (૩૭)

વલભજી હીરજી 'કેવલ'

આત્મા અનંતગુણોથી ભાવસ્વરૂપ વિદ્યમાન વસ્તુ છે. તેનું નિર્મળ પર્યાયરૂપ પરિણમન થાય છે - એવો તેનો ભાવ છે. જેવી વસ્તુ છે તેવું જ તેનું પરિણમન વર્તે છે. જ્ઞાનભાવનું પરિણમન સદા જ્ઞાન ભાવરૂપ રહેશે. ચેતન સદા ચેતનરૂપ રહેશે. આનંદ સદા આનંદરૂપ રહેશે. આ રીતે આત્માના સ્વભાવનો જેવો ભાવ છે તેવો જ ભાવ સદા રહેશે. આવી ભાવભાવ શક્તિ આત્મામાં છે. જેવું ત્રિકાળ તેવું તેનું વર્તન. જેવો ગુણ તેવી તેની પર્યાય. જેવો સ્વભાવ તેવું તેનું ભવન. આવી આત્મશક્તિને 'ભાવભાવ' શક્તિ કહે છે. ત્રિકાળ ભાવ છે તેવો વર્તમાન ભાવ વર્ત્યા કરશે. એમ ત્રિકાળ ને વર્તમાન બંનેની એક જાત રહેશે એવું ભાવભાવ શક્તિનું કાર્ય છે.

જે જાતનું ધ્રુવ હોય તે જાતના જ ઉત્પાદ-વ્યય હોય. જેમ ત્રિકાળી ધ્રુવ ચેતનરૂપ છે તો તેના ઉત્પાદ-વ્યય પણ ચેતનરૂપ જ છે. ભાવનું ભવન એટલે જેવી શક્તિ છે તેવો જ તેનો ભાવ પ્રગટે. વિપરીત ન પ્રગટે તે ભાવભાવ શક્તિનું કાર્ય છે. શ્રદ્ધાનું પરિણમન મિથ્યાત્વરૂપ થાય કે જ્ઞાનનું પરિણમન અજ્ઞાનરૂપ થાય એવો આત્માનો સ્વભાવ નથી. જ્ઞાનીનું જે જ્ઞાનભાવમય પરિણમન છે તેનાથી રાગપરિણમન જુદું જ વર્તે છે.

આત્માની ભાવભાવ શક્તિ એવી છે કે દ્રવ્ય-ગુણમાં જેવો ભાવ છે તેવો ભાવ પર્યાયમાં પણ વર્તે. જેમ દ્રવ્ય-ગુણ અપ્રતિહત છે, તેમાં અશુદ્ધતા આવતી નથી, તેમ તેના આશ્રયે વર્તતી નિર્મળ પર્યાય પણ અપ્રતિહત છે. જ્યાં શુદ્ધ સ્વભાવને દૃષ્ટિમાં લીધો છે ત્યાં પર્યાયમાં શુદ્ધ પરિણમન થયા કરે છે. જેવો ગુણ તેવી નિર્મળ પર્યાય થાય તેને ગુણનો ભાવ કહેવાય. આવું ભાવભાવપણું તે આત્માનો સ્વભાવ છે ને એવા અનંત સ્વભાવનો પિંડ આત્મા અનેકાન્ત સ્વરૂપ છે. સર્વજ્ઞ દેવે કહ્યો તેવો આત્મા સ્વાનુભવમાં લીધા વગર ધર્મ થાય નહીં. શુદ્ધ આત્માના અનુભવ વગર ભલે શુભભાવ કરે પણ તે શુભ ભાવ વડે ભવનો અભાવ ન થાય.

સાદિ-અનંતકાળ નિર્મળભાવ થયા જ કરે એવી અચિંત્ય તાકાત આત્મશક્તિમાં ભરી છે. દ્રવ્ય-ગુણ અને તેમાં તન્મય થયેલી પર્યાય એ ત્રણેમાં ક્યાંય રાગનો ભાવ નથી, પણ અભાવ છે. રાગ થાય છે તે દ્રવ્ય-ગુણની સીમાથી બહાર છે. પરભાવો ઉપર-ઉપર તરે છે પણ અંતર સ્વરૂપમાં પ્રવેશતા નથી. ધર્મીની પરિણતિમાં સ્પષ્ટ ભેદજ્ઞાન થઈ ગયું છે. સ્વભાવ અને પરભાવ જુદા જ વર્તે છે. જેમ જડ ને ચેતન જુદાં છે તેમ સ્વભાવ ને પરભાવ જુદાં છે. ભાવભાવમાં શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેય આવી જાય છે, પણ પરભાવનો અંશ પણ તેમાં આવતો નથી. આવા સ્વભાવને જાણ તો શુદ્ધતાનો મહાઆનંદ અનુભવમાં આવશે ને કેવળજ્ઞાન થશે.

• • • (ક્રમશઃ)

## સૌના સુખનું

**પ્રેષક : ગુલાબચંદ ધારશી રાંભિયા**

કલ્યાણ થાઓ વિશ્વનું, અનુકૂળ વૃષ્ટિ હો સદા,
ઘર ઘર વિષે ધન ધાન્યને, આરોગ્યની હો સંપદા.
રોગો, ગુના, અપરાધો ને હિંસાદિ પાપો દૂર હો,
સર્વત્ર શાંતિ, સુખ-સમૃદ્ધિ, ધર્મનો જયકાર હો.
જગતમાં જે જે દુર્જન છે, તે સઘળા સજ્જન થાઓ,
સજ્જન જનને મનસુખદાયી, શાંતિનો અનુભવ થાઓ.
શાંત જીવ આધિ, વ્યાધિ ને ઉપાધિથી મુક્ત બનો,
મુક્ત બનેલા પુરુષોત્તમ, આ સકલ વિશ્વને મુક્ત કરો.

# મનમાં રહેલા રાવણને મારો

પારૂલબેન ભરતભાઈ ગાંધી

વિજયાદશમી, દશેરા એટલે બુરાઈ ઉપર ભલાઈની જીત. વર્ષોથી આપણે ત્યાં એક પરંપરા ચાલી આવે છે કે આ દિવસે દશાનન રાવણના પુતળાને બાળવામાં આવે છે. આની સાથે બીજી એક પરંપરા પણ જોડાયેલી છે તે છે શસ્ત્રપૂજા, અસ્ત્રપૂજા. જે શસ્ત્રો લડાઈમાં વપરાય છે તે, મશીનો, વાહનો અને ત્રાજવાની પણ પૂજા આ દિવસે કરવામાં આવે છે.

દશહરાનો અર્થ છે દસનું હરણ અર્થાત્ દસનો નાશ. રાવણના દસ માથા એ વાસ્તવમાં દસ દુર્ગુણોનું પ્રતીક છે; જેનો નાશ કરી તેના પર સદ્‌ગુણોનો વાસ કરવાનો છે. આ દસ દુર્ગુણોમાં ગરીબાઈ, રોગ, દુઃખ, બંધન, બ્રહ્મહત્યા, શરાબનું સેવન, ગૌહત્યા, પરસ્ત્રીગમન, સ્વામી અર્થાત્ શેઠનો દ્રોહ અને દુષ્કર્મનો સમાવેશ થાય છે. એક પાપ બીજા પાપ માટેનો દરવાજો ખોલી નાખે છે. વળી, એક પાપ વારંવાર થાય ત્યારે તે પાપ મટી રોજિંદુ કાર્ય બની જાય છે. તે અપરાધ છે એવી લાગણી થતી નથી. આથી દિવસે દિવસે પતનની ગર્તામાં માનવી ધકેલાતો જાય છે. એમાંયે અંધકાર એ દુર્ગુણ અને દુર્જનોને ખૂબ ગમે છે. કારણ તેમાં તેનો ખૂબ વિકાસ થાય છે.

આજે વિકાસ-વિકાસના ખૂબ ગાણા ગવાય છે. બહાર તો બધું ઠીક-ઠાક લાગે છે પરંતુ મનમાં રહેલો રાવણ રોજ નિતનવા ખેલ કરતો રહે છે. વિષયોનો વિકાર, કષાયની કુટિલતા, લૂંટફાટ, ચોરી, બળાત્કાર, આતંકવાદ અને ભ્રષ્ટાચાર એ અર્વાચીન વિકસિત યુગના સાત વ્યસન છે. પાપોની પરંપરા પડદા પાછળ રહેલી જ છે, માત્ર મહોરા બદલાઈ જાય છે. નેતાઓ, વિદ્વાનો વગેરે રાવણનું દહન કર્યા પછી પણ તેના પર નિયંત્રણ નથી લાવી શકતાં. આ સાત વ્યસનોને દૂર કરવા નિયમિત રીતે ભલાઈ, સંયમિત જીવન તથા ઈન્દ્રિયોનું યોગ્ય પ્રમાણમાં નિયંત્રણ કરવાની જરૂર છે. પ્રત્યેક આત્માના અંતરમાં તો રામ જ બિરાજમાન છે. ''આત્મા એ પરમાત્મા'' એ વાક્યને સુપેરે સમજીને અંદરના આત્મિક શૌર્યને જગાડવાની જરૂર છે.

આ દસ દુર્ગુણોનો નાશ કરવો હોય તો શરૂઆત પોતાના ઘરથી કરવાની છે. મન જ રાવણ છે અને મન જ રામ છે. માટે જ કોઈકે કહ્યું છે,

''તું કૌરવ તું પાંડવ મનવા, તું રાવણ તું રામ,
હૈયાના આ કુરુક્ષેત્ર પર, પળપળનો સંગ્રામ''

એ માટે ગુણગ્રાહી દૃષ્ટિ વિકસાવવી પડશે, બાળકોને નાનપણથી જ સુસંસ્કારોની ગળથૂથી પાવી પડશે, અંતરમાં બેઠેલા રામને ભલાઈની ચકમકથી નિરંતર ઘસતા રહીશું તો તે ઘર્ષણથી ઉત્પન્ન થયેલો નાનકડો તણખો પણ ભલાઈની મશાલને સળગાવી શકશે. બાકી રાવણ તો પ્રાચીનકાળમાં હતાં, અર્વાચીનકાળમાં છે અને ભાવિ કાળમાં પણ રહેવાના જ છે. જોવાનું છે એ કે તે રામ પર વિજય ન મેળવી શકે.

વિપાકસૂત્રમાં જેનું વર્ણન આવે છે તેવા ઈકાઈ રાઠોડ, ઉજ્ઝિતકુમાર, અભગ્નસેન, શકટ, ઉંબરદત્ત અને શૌરિકદત્ત વગેરે સાત વ્યસનથી ભરપૂર હતા. સત્તા અને વૈભવના નશામાં ચૂર બની તેમણે કેટલાય પાપોને પલ્લવિત કર્યા હતાં. અંડવણિક અભગ્નસેને બગલા, તેતર, ઢેલ, મરઘી, ટિટોડી જેવા પક્ષીઓના ઈંડાનો વેપાર કરી ત્રીજી નરકની મહેમાનગતિ માણી હતી. વર્તમાને પોલ્ટ્રીફાર્મ, કતલખાના અને

મત્સ્યોદ્યોગ જેવા વેપાર દ્વારા માનવી દુર્ગતિ તરફ ધકેલાઈ રહ્યો છે. નવી પેઢીને આમલેટ, શાકાહારી ઈંડાના નામે નિરંતર અભક્ષ્ય પીરસવામાં આવી રહ્યા છે. આજે હિંસા અને ક્રૂરતાનું ઘોર તાંડવ આતંકવાદના નામે ખેલાઈ રહ્યું છે. ધર્મના નામે અનેક કૌભાંડો અને અકરણીય કાર્યો થઈ રહ્યા છે. પાપની લીલાઓ થઈ રહી છે. અનેક સમસ્યાઓ મોં ફાડીને ઊભી છે, જેનું સમાધાન આકાશ કુસુમવત્ છે. આ બધી પરિસ્થિતિઓ જે નિર્માણ થઈ છે તેને હકારાત્મક દિશામાં લઈ જવી હોય તો તેનો એક માત્ર ઉપાય જિનવાણી છે, જે આપણને અશાંતિમાંથી શાંતિ તરફ, અંધકારમાંથી પ્રકાશ તરફ, મૃત્યુમાંથી અમરત્વ તરફ લઈ જઈ શકે છે. ધર્મ એ જ ત્રાણ અને શરણરૂપ છે. ધર્મ જ આ લોકમાં પ્રેમ, કીર્તિ, ગુણાનુવાદ, યશ, અભય તેમજ નિવૃત્તિ દેવડાવવાને સમર્થ છે. વિદૂરનીતિ અનુસાર જેમના મનમાં રાવણવૃત્તિઓનો વાસ છે તેવી દસ પ્રકારની વ્યક્તિઓ ધર્મને જાણી શકતા નથી - શરાબી, આળસુ, રોગી, માનસિક તાણવાળા, ક્રોધી, ભૂખ્યા, અધીર, લોભી, ભયભીત અને કામી આસુરી વૃત્તિઓમાંથી બહાર નીકળી શકતાં નથી. જિનવાણી એ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનની વચ્ચે વહી રહેલી એવી સરિતા છે જે ચારિત્ર દ્વારા આત્મામાંથી પરમાત્મા બનાવવા સમર્થ છે. ચારિત્રરૂપી પ્રવાહ જો સૂકાઈ જાય તો જ્ઞાન-દર્શનની ઉચિતતા રહેતી નથી. સમ્યગ્જ્ઞાન જિનવાણીનું મગજ છે. સમ્યગ્દર્શન જિનવાણીનું હૃદય છે અને સમ્યક્ચારિત્ર જિનવાણીનો આત્મા છે.

દસ માથાવાળા રાવણને મારવા માટે દસ પ્રકારનો શ્રમણધર્મ વિજેતા બની શકે છે. માત્ર જૈનો જ નહિ, અજૈનો પણ આ દસ પ્રકારના ધર્મલક્ષણોને માને છે. -

खंती य मद्दव अज्जव, मुत्ति तव संज्मेय बोधव्वे ।<br>
सच्चं सोअं अकिंचण च, बंभ च जई धम्मो ॥

ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય. આ દશ પ્રકારનો ધર્મ માત્ર નૈતિકતાનું શિખર જ નથી, આધ્યાત્મિકતાનું ઉત્કૃષ્ટ ઓજસ પ્રાપ્ત કરીને સાધ્ય (મોક્ષ) સુધી પહોંચાડવા માટે પણ તે પૂર્ણરૂપે સમર્થ છે. રાવણ એ આસુરી શક્તિઓનું પ્રતીક છે તો રામ એ આપણી આદર્શ મર્યાદાઓનું પ્રતીક છે. આસુરી શક્તિ ધરાવતા દસ માથાનો નાશ એ વાસ્તવમાં તો આપણી અંદર રહેલી આસુરી શક્તિના નાશનું જ પ્રતીક છે. આસુરી શક્તિ જે મનમાં વસે છે તેનો નાશ કરવો એ જ સાચા અર્થમાં દશહરાનું પર્વ છે. દસવિધ ધર્મોની જાગૃતિ અને તેનું આચરણ ઉન્નતિની વિજયાદશમી છે.

"સ્વાભિમાન ગુણોકા યહ પ્રવર્તક,<br>
વીરતા કી શાન હૈ,<br>
આત્મ ઉત્થાન ઈતિહાસ મેં<br>
ઈસ દશહરે કા અતિમાન હૈ."

• • •

## તમારી વચનસુધા

**રચયિતા : બા. બ્ર. અલકાબેન**

તમારી વચન સુધા ગુરુરાજ મિટાવે જનમ જનમની પ્યાસ;<br>
શમાવી વિષ અનાદિનો, કરાવે અમર પદમાં વાસ.<br>
કરોડો કંઠથી ગાઉં છતાં ના સંભવે ગુણગાન,<br>
સમન્દરની કરી સ્યાહી લખું તો ના લખાય વખાણ;<br>
ચરણરજ શબ્દસિન્ધુની બનું તો ભવ સફલ થઈ જાય.<br>
વિશદ વાણી અનુપમ આ, નથી લેખન કે ના રચના,<br>
યુગો યુગના આ યોગીની, વહે છે આત્મની સ્ફૂરણા;<br>
સુગંધી વીર વાણીની વચનમાં આપના પ્રસરાય.<br>
સજાવી ભાવ રત્નોંથી, હૃદયના સ્વર્ણ પત્રક પર,<br>
મંઢાવું ગુરુ અનુગ્રહથી, વચન આ આત્મજ્યોતિર્કર;<br>
અનુભવ શબ્દમૂર્તિનું કરી પામું સ્વરૂપ વિશ્રામ.

# પુસ્તક સમાલોચના

**મિતેશભાઈ એ. શાહ**

(નોંધ : આ વિભાગ માટે ગ્રંથ કે પુસ્તકની બે નકલ મોકલવા વિનંતી)

**[૧] પુસ્તકનું નામ : ધ્યેય-સિદ્ધિ**

**લેખક :** બા.બ્ર.પૂજ્યશ્રી ગોકુળભાઈ ● **પૃષ્ઠ :** ૬૭૬ ● પ્રથમ આવૃત્તિ, ૨૦૧૮ ● મૂલ્ય : આત્મકલ્યાણ

**પ્રકાશક :** સહજાત્મસ્વરૂપ પરમગુરુ ટ્રસ્ટ

**પ્રાપ્તિસ્થાનો :** (૧) શ્રી નરેશભાઈ શાહ, અમદાવાદ - મો. ૯૮૨૫૦૨૭૦૭૨, (૨) શ્રી ધારિણીબેન, અમદાવાદ - મો. ૦૯૪૨૮૬૧૨૨૦૫, (૩) ડૉ. મિહિરભાઈ, મુંબઈ - મો. ૦૯૩૨૪૦૩૭૧૭૩

આકર્ષક મુખપૃષ્ઠ. આ પુસ્તકમાં પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી રચિત વીસદોહરા, યમનિયમ, છ પદનો પત્ર, ક્ષમાપના, દુર્લભ એવો મનુષ્યદેહ, ત્રણ મંત્રની માળા વગેરેનું તત્ત્વસભર, ચારેય અનુયોગોના સમન્વય સહ દૃષ્ટાંત યુક્ત માહિતી આપવામાં આવી છે. સાધનાપંથે આગળ વધવા ઇચ્છતા મુમુક્ષુઓએ આ પુસ્તક અવશ્ય વાંચવા જેવું છે.

**[૨] પુસ્તકનું નામ : પંથ પરમપદ**

**લેખક :** બા.બ્ર.શ્રી સુરેશચંદ્ર ● પૃષ્ઠ : ૪૧૬ ● **આવૃત્તિ :** પ્રથમ, ૨૦૧૮ ● **મૂલ્ય :** રૂા. ૬૦/-

**પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :** શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા.

પૂજ્યશ્રી આત્માનંદજીની નિશ્રામાં તૈયાર થયેલ ઉત્તમ સાધક બા.બ્ર.શ્રી સુરેશજીની સાધનાની ફળશ્રુતિના ભાગરૂપે આ પુસ્તક સમાજને પ્રાપ્ત થયું છે. આ પુસ્તકમાં તત્ત્વાર્થ બોધ, સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપ વગેરે વિષયો પર શાસ્ત્રોક્ત આધારે તત્ત્વસભર, મનનીય માહિતી પીરસવામાં આવી છે. આત્મકલ્યાણ ઇચ્છુક સર્વેને આ પુસ્તક વાંચવા ભલામણ છે.

**[૩] પુસ્તકનું નામ : અપૂર્વ અવસર**

**પ્રવચનકાર :** પૂજ્ય ભાનુવિજયજી મહારાજ ● **પૃષ્ઠ :** ૨૩૨ ● **આવૃત્તિ :** પ્રથમ, ૨૦૧૮

**મૂલ્ય :** રૂા. ૧૦૦/- (સ્વાધ્યાય અર્થે અમૂલ્ય)

**પ્રકાશક :** શ્રી સત્શ્રુત અભ્યાસ વર્તુળ, સર્વમંગલમ્ આશ્રમ, સાગોડિયા

**પ્રાપ્તિસ્થાન :** (૧) શ્રી સર્વમંગલમ્ આશ્રમ, સાગોડિયા ફોન : ૭૪૯૦૦ ૦૬૧૦૭
(૨) શ્રી જગદીશભાઈ વોરા મો. ૦૯૮૨૧૧૩૦૩૦૭

સને ૧૯૯૯માં પૂજ્યશ્રી ભાનુવિજયજી મહારાજના શ્રીમદ્ રાજચંદ્રજી રચિત 'અપૂર્વ અવસર' પદના આધારે પ્રવચનમાળા યોજાયી હતી. આ પ્રવચનમાળાના આધારે આ પુસ્તકની રચના કરવામાં આવી છે. પૂજ્ય મહારાજશ્રીએ શ્રીમદ્જીના તત્ત્વસભર કાવ્યના મર્મનું આધ્યાત્મિક શૈલીમાં સુંદર નિરૂપણ કર્યું છે.

**(અનુસંધાન પાના નં. ૧૧ પર...)**

# જીવનસૌંદર્ય : દિવાળી પુસ્તિકા

## વિ. સં. ૨૦૭૫

(૧) કવર સાથે **'જીવનસૌંદર્ય'** ગુજરાતી પુસ્તિકાની પડતર કિંમત એક નંગના રૂા.૮/- (આઠ રૂપિયા પૂરા) રાખેલ છે.

(૨) નામ-સરનામું છાપવા માટે ઓછામાં ઓછો ૫૦૦ પુસ્તિકાઓનો ઓર્ડર હોવો જરૂરી છે. તેનો પ્રિન્ટીંગ ખર્ચ એક નંગના રૂા. ૧/- (અંકે એક પૂરા) ચૂકવવાના રહેશે.

(૩) ઓર્ડરફોર્મ મુજબ પુસ્તિકાની કિંમત તથા પ્રિન્ટિંગ ચાર્જ તેમજ પોસ્ટેજ ખર્ચની રકમ રૂબરૂ અથવા ડ્રાફ્ટ કે મનીઓર્ડર દ્વારા **શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા**ના સરનામે ઓર્ડરફોર્મ સાથે જ મોકલવાની રહેશે. **ઓર્ડરફોર્મ સાથે જેમનું પેમેન્ટ આવશે, તેમના ઓર્ડર જ સ્વીકારવામાં આવશે તેની ખાસ નોંધ લેવી.**

(૪) તા. ૨૦-૧૦-૨૦૧૮ સુધીમાં ઑર્ડરફોર્મ મોકલી આપવા વિનંતી છે. નામ અને સરનામું અંગ્રેજી કે ગુજરાતીમાં જે રીતે છાપવાનું હોય તે પ્રમાણે જ ફોર્મ ભરવું. **સંપર્ક : શ્રી વિજયભાઈ પટેલ : મો. ૯૩૨૭૦૯૦૩૯૩, ૭૬૯૮૭૫૭૩૧૯**

### દિવાળી પુસ્તિકા માટેનું ઓર્ડરફોર્મ

**કેટલા નંગનો ઑર્ડર છે ? ____________ નામ છાપવાનું છે ? ________હા/________ના**

**નામ/એડ્રેસ જે પ્રમાણે છાપવાનું હોય તેની વિગત આ બોક્સમાં બની શકે તો ટાઈપ કરીને આપો.**

**તમારું ઇ-મેલ એડ્રેસ :______________________________ ફોન: ______________**

### નીચેના સેવાભાવી મહાનુભાવો પાસેથી દિવાળી પુસ્તિકાઓ પ્રાપ્ત થઈ શકશે.

## સંપર્કસૂત્રો :

**AHMEDABAD**

(૧) **શ્રી મુકેશભાઈ આર. શેઠ**
શેઠ સન્સ : ફોન : (ઓ) ૨૫૩૫૬૬૪૬
(ઘર) ૨૬૪૦૧૨૫૧
મો. ૯૮૨૫૫ ૧૮૮૦૦

(૨) **ડૉ. રાજેશભાઈ સોનેજી,** સોનેજી હૉસ્પિટલ
ફોન : ૨૫૩૨૩૪૫૪, ૯૮૨૪૦ ૪૭૬૨૧

(૩) **શ્રી જયેશભાઈ શાહ,** શાલિભદ્ર સ્ટેશનર્સ
ફોન : ૨૫૬૨૧૪૯૭, ૨૫૬૨૧૭૪૮
મો. ૯૯૦૯૦ ૦૬૦૪૮

(૪) **શ્રી સદ્ગુરુપ્રાસાદ** - પુષ્પવીલા, મીઠાખળી.
ફોન : ૨૬૫૬૮૪૨૩
ભૂપતભાઈ : મો. ૯૯૨૪૬૩૫૨૬૧

**MUMBAI**

(૧) **શ્રી કાંતિભાઈ કારાણી** (રૂપમ ડ્રાયફ્રુટ્સ)
મોબાઈલ : ૯૦૦૪૦ ૪૪૪૦૫
ફોન : (૦૨૨)૨૮૮૨૯૨૪૯ / ૨૮૮૯૭૩૮૦

(૨) **શ્રી દીનાબેન નગીનભાઈ પંચમિયા**
વિનોદ ટી સેન્ટર, મો.૦-૯૨૨૨૦૭૭૬૩૯
ફોન : (૦૨૨) ૨૫૦૧૧૮૯૭
મો. ૦-૯૨૨૪૪૧૨૪૧૨

(૩) **શ્રી પુનિતભાઈ એસ. મહેતા**
C/o. મહેતા બ્રધર્સ એન્ડ કંપની
ફોન : (૦૨૨) ૨૨૬૭૪૯૪૦
મો. ૦-૯૮૨૦૪ ૦૦૨૬૭

(૪) **શ્રી નીતિનભાઈ પારેખ**
ફોન : (૦૨૨) ૨૪૦૭૬૨૦૦
મો. ૦-૯૮૨૦૩ ૨૯૨૭૭

**BANGLORE**
**શ્રી જયેશભાઈ જૈન** (સુજય એન્ટરપ્રાઈઝ)
ફોન : (૦૮૦) ૨૨૮૭૨૯૮૯,
મો. ૦-૯૩૪૧૦૪૧૮૪૭
૦-૯૯૪૫૮ ૨૨૮૫૬, ૦-૯૯૮૦૭ ૨૪૬૧૯

**CHENNAI**
**શ્રી નવનીતભાઈ પી. શાહ**
ફોન : (૦૪૪) ૨૮૩૪૦૭૩૦
મો. ૦-૯૮૪૦૯ ૮૫૦૯૮

**HIMATNAGAR**
**શ્રી જયંતીભાઈ કે. શાહ**
ફોન : (૦૨૭૭૨) ૨૩૪૬૪૮, મો. ૯૩૭૭૪ ૬૭૯૫૬

**KOLKATA**
**શ્રી અશ્વિનભાઈ ભાનુભાઈ દેસાઈ**
૩૫-૧, જવાહરલાલ નહેરુ રોડ,
કૈલાસ બિલ્ડીંગ, ફ્લેટ નં. ૧૧એ, કોલકાતા.
મો. ૦-૯૩૩૧૦ ૮૫૮૪૯/૪૭

**LAXMIPURA**
**શ્રી લાલજીભાઈ પટેલ** - ફોન : (૦૨૭૭૫) ૨૪૧૩૭૪
મો. ૯૯૨૪૭૪૨૨૭૫, ૭૬૯૮૨૮૪૭૪૫

**LIMBDI**
**શ્રી ડૉ. હેમંતભાઈ ડગલી**
ફોન : (૦૨૭૫૩) ૨૬૦૨૯૮૦
મો. ૯૩૭૬૬૫૫૭૦૧, ૯૩૭૬૬૫૫૫૦૨

**PUNE**
**શ્રી શૈલેષભાઈ પ્રતાપભાઈ મહેતા**
ફોન : (૦૨૦) ૨૪૪૫૪૪૬૪, ૦-૯૭૬૩૭૨૮૨૮૯

**RAJKOT**
**શ્રી નરેન્દ્રભાઈ વૃજલાલ શાહ**
ફ્લેટ નં. ૨, કૃતિ ગોલ્ડ એપાર્ટમેન્ટ,
૪, બાલમુકુંદ પ્લોટ, નિરમલા કોન્વેન્ટ રોડ,
રાજકોટ. ફોન : (૦૨૮૧) ૨૫૮૫૧૯૦
મો. ૯૪૨૭૨ ૫૪૫૫૯

**RAKHIYAL**
**શ્રી રામજીભાઈ પટેલ** (લોકનાદ શિક્ષણ સંકુલ)
ફોન : (૦૨૭૧૬) ૨૬૭૬૩૩, ૯૮૨૫૪૮૪૭૯૫

**SURENDRANAGAR**
**શ્રી અપૂર્વભાઈ સુરેશભાઈ શેઠ**
વર્ધમાન મૂળજી એન્ડ સન્સ
ફોન : (૦૨૭૫૨) ૨૩૨૩૦૬, ૨૮૫૧૭૮
મો. ૯૮૨૫૩ ૫૫૯૨૧,૯૪૨૬૭ ૫૫૧૬૬

**VADODARA**
**શ્રીમતી શિલ્પાબેન પુલકિતભાઈ મહેતા**
C/o. ભારત ઉદ્યોગ હાટ
ફોન : (૦૨૬૫) ૨૪૨૬૭૯૭,
(ઘર) ૨૪૮૧૭૩૮, મો. ૯૩૭૬૨ ૧૬૨૬૬

**OVERSEAS**

**U. K. (0044)**
1. Mrs. Shrutiben Malde - Ph. 208-668-3057
2. Mr. Vinaybhai K. Shah
Ph. 208-951-5424, 740-711-9456
3. Mr. Harshadbhai Sanghrajka
Ph. 208-954-9632, 192-324-9898
M. 0044-796-972-2109

**U.S.A. (001)**
4. Mr. Prafulbhai Lakhani
Ph. 631-423-9647, (O) 516-679-1200
M. 516-901-9368
5. Mr. Mahedrabhai Khandhar
Ph. 714-894-2930, 714-376-5112
6. Mr. Birenbhai Pravinbhai Mehta
Ph. 714-389-3672

**KENYA**
7. Mr. Manubhai S. Shah, Ph. 254-2375-1679

**CANADA (Toronto)**
8. Mr. Jyotindrabhai Soneji, Ph. 905-669-5318

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા

| તારીખ | તિથિ | વાર | વિગત |
|---|---|---|---|
| ૨૫-૧૦-૨૦૧૮ | આસો વદ એકમ | ગુરુવાર | શ્રી આત્મસિદ્ધિ રચનાદિન તથા લઘુરાજ સ્વામીની જન્મતિથિ |
| ૫-૧૧-૨૦૧૮થી ૮-૧૧-૨૦૧૮ | આસો વદ તેરસથી કાર્તિક સુદ એકમ | સોમવારથી ગુરુવાર | દીપાવલી આરાધના શિબિર |
| ૧૨-૧૧-૨૦૧૮ | કાર્તિક સુદ પાચમ | સોમવાર | શ્રી જ્ઞાનપંચમી |
| ૨૩-૧૧-૨૦૧૮ | કાર્તિક સુદ પૂનમ | શુક્રવાર | પરમકૃપાળુદેવની જન્મજયંતિ (દેવદિવાળી) |
| ૧-૧૨-૨૦૧૮થી ૩-૧૨-૨૦૧૮ | - | શનિવારથી સોમવાર | ડિસેમ્બરની આધ્યાત્મિક શિબિર |

## પૂજ્ય આચાર્ય ૧૦૮ શ્રી સુનિલસાગરજીની સસંઘ આપણા સાધના કેન્દ્રમાં સંભવિત યાત્રા

આપણી સંસ્થામાં તા. ૧૫-૧૧-૨૦૧૮ થી તા. ૨૫-૧૧-૨૦૧૮ દરમ્યાન તપસ્વી સમ્રાટ પૂ. આચાર્ય ૧૦૮ શ્રી સન્મતિસાગરજીના પટ્ટશિષ્ય સૌમ્યમૂર્તિ, અધ્યાત્મ હૃદયી, પ્રાકૃતાચાર્ય પૂજ્ય ૧૦૮ આચાર્યશ્રી સુનિલસાગરજી મહારાજના સસંઘ શુભાગમનની સંભાવના છે. આ સમાચારથી કોબાધામ પરમ સૌભાગ્ય અને ધન્યતા અનુભવી રહ્યું છે. આ પુનિત પ્રસંગે સમસ્ત ધર્મપ્રેમી ભાઈ-બહેનોને કોબા પધારી સમસ્ત સંઘની સેવાનો લાભ તથા આચાર્યશ્રીના પ્રવચનો અને સાન્નિધ્યનો લાભ લેવા સાદર નિમંત્રણ પાઠવીએ છીએ. આચાર્યશ્રી પાંચથી દસ દિવસ સુધી સસંઘ સ્થિરવાસ કરે તેવી સંભાવના છે. આ દરમિયાન તેઓના પ્રવચન, આહારદાન, વૈયાવચ્ચ આદિ અનેક પ્રકારથી ધર્મલાભ પ્રાપ્ત કરવાનો સુઅવસર છે. વિશેષ એ કે આ મંગલ પ્રસંગ નિમિત્તે જેઓને અર્થદાન કરવાની કલ્યાણકારી ભાવના હોય તો 'સાધુ વૈયાવચ્ચ ફંડ'માં દાનરાશિ જમા કરાવી શકે છે. આચાર્યશ્રીના કોબામાં સ્થિરવાસ દરમિયાન સમસ્ત ધર્મપ્રેમીઓ માટે નિઃશુલ્ક ભોજનવ્યવસ્થા રહેશે. આ પ્રસંગે સ્વામિવાત્સલ્ય આપવાનો લાભ લેવો હોય તે સહર્ષ લઈ શકે છે. એક દિવસની દાનરાશિ રૂા. ૩૫,૦૦૦/- રાખવામાં આવેલ છે. વિશેષ માહિતી માટે સંપર્કસૂત્રો : (૧) શ્રી વિજયભાઈ પટેલ (મેનેજરશ્રી) - ૯૩૨૭૦ ૯૦૩૯૩, (૨) ડૉ. રાજેશભાઈ સોનેજી - ૯૮૨૪૦ ૪૭૬૨૧, (૩) શ્રી કપિલભાઈ - ૯૪૨૭૩ ૦૬૪૭૩.

## સંસ્થામાં પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વની આરાધના ધર્મોલ્લાસમય વાતાવરણમાં સાનંદ-સંપન્ન

સંસ્થામાં પૂજ્યશ્રી આત્માનંદજીની પાવન નિશ્રામાં તા. ૬-૯-૨૦૧૮ થી તા. ૧૩-૯-૨૦૧૮

દરમિયાન શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના સંપન્ન થઈ. અનેક મુમુક્ષુ ભાઈ-બહેનોએ અષ્ટદિવસીય આરાધના દ્વારા આત્મિક લાભ મેળવ્યો. સમગ્ર કાર્યક્રમોનું સુંદર અને સફળ સંચાલન પ્રતિભાસંપન્ન મુમુક્ષુ આદ. શ્રી શરદભાઈ ડેલીવાળાએ કર્યું હતું.

● **સ્વાધ્યાય :** પૂજ્યશ્રી આત્માનંદજીના સ્વાધ્યાય વીડિયો કેસેટના આધારે થયા હતા.

આદ. બા.બ્ર. પંડિતશ્રી સુમતપ્રકાશજીએ પોતાની આગવી ગમ્મત સાથે જ્ઞાનની શૈલીમાં સરળ છતાં સચોટ ભાષામાં પ્રભાવશાળી સ્વાધ્યાય આપ્યા હતા. 'પાંચ સમવાય કારણ' (સ્વભાવ, પુરુષાર્થ, નિયતિ, કાળલબ્ધિ અને નિમિત્ત)ના આધારે સ્વાધ્યાય આપતા તેઓશ્રીએ જણાવ્યું કે કોઈ પણ કાર્ય થવાના પાંચ કારણો છે, જેને સમવાય કારણો કહે છે. જે ત્રણેય કાળ રહે તે સ્વભાવ છે. છ દ્રવ્યો પોતપોતાની મર્યાદામાં રહે છે. સ્વભાવ સહજ, અકૃત્રિમ હોય છે. સુખ તારામાં (આત્મામાં) છે, છતાં તેને બહાર શોધે છે ! ઉપાદાનનો આશ્રય કરો તો તે સુખી કરવામાં સમર્થ છે. જીવ સિવાય અન્ય પાંચ દ્રવ્યોમાં વિભાવ નથી. વિભાવ હોય ત્યાં સ્વભાવ પ્રગટ કરી શકાય. દ્રવ્ય અનંત શક્તિઓમય, અપરિવર્તનીય, ત્રિકાલી ઉપાદાન છે. ગુણ દ્રવ્યના સંપૂર્ણ ભાગ અને અવસ્થાઓમાં વ્યાપ્ત છે. ગુણોનું પરિણમન થતું રહે છે. દ્રવ્યનો મહિમા સમજાવવા ગુણો છે અને પર્યાય તો નિરંતર બદલાતી રહે છે.

'કિસીકો બૂરા લગ જાયેગા' એ વાતનું નહિ પરંતુ 'કિસીકા બૂરા ન હો જાયે' એ વાતનું ગુરુ ધ્યાન રાખે છે. પુદ્‌ગલનો આશ્રય કરવાથી દુઃખની પ્રાપ્તિ થાય છે. સાધના માટેનો સમય જીવ ટી.વી. આદિ પર પદાર્થોમાં ગુમાવી દે છે. આકુળતામાં દુઃખ અને નિરાકુળતામાં સુખ છે. તત્સમયની યોગ્યતા વિના સમ્યગ્‌દર્શન થતું નથી. વીર્યગુણ આત્માના અનંત ગુણોને પાવર (શક્તિ) સપ્લાય કરે છે. 'હું મજબૂર જ્ઞાતા નહિ, પણ મજબૂત જ્ઞાતા છું' તેમ માનો. ચૈતન્ય હીરાની કિંમત અમૂલ્ય છે. તેમાંથી અનંત કાળ સુધી અનંત અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ થઈ શકે છે. થવા યોગ્ય થાય છે. આપણા કરવાથી થતું નથી. આપણી ઈચ્છા અનુસાર દ્રવ્ય અને પર્યાયમાં પરિવર્તન થતું નથી. છ દ્રવ્યો પોતપોતાની રીતે પુરુષાર્થ કરી રહ્યા છે. 'બધા પ્રભુ છો, બધા પ્રભુ થાઓ' મહાપુરુષો પુણ્યની સામગ્રીઓને લાત મારી મુનિ બને છે. છ દ્રવ્ય પોતાનું કાર્ય કરવા સમર્થ છે એટલે કતૃત્વપણાનો ભાવ ન રાખવો. પ્રત્યેક પર્યાયની સ્વતંત્રતાને સમજો. ધ્યાન એટલે ઈચ્છારહિત થવું. જેટલી ઈચ્છા તેટલું દુઃખ. ભલી-બૂરી હોનહાર અનુસાર બુદ્ધિ બદલાઈ જાય છે. શુદ્ધાત્માને જાણ્યો તેણે સમગ્ર વિશ્વને જાણ્યું. ત્રિકાલી ધ્રુવ આત્માનો આશ્રય કરવાનો છે. જો પર્યાય શુદ્ધ આત્મા પ્રત્યે વળે તો સુખની પ્રાપ્તિ થાય. સમ્યગ્‌દર્શન પ્રાપ્ત થયું એટલે મોક્ષની ટિકિટ કન્ફર્મ થઈ ગઈ. અભેદ આત્માનો અનુભવ થાય છે. વિશ્વની સૌથી પ્રભાવશાળી ભાષા મૌન છે. કષાયનું શમન, આત્મામાં મગન.

જે કાળમાં કાર્ય થાય છે તે કાર્યલબ્ધિ છે. દ્રવ્ય સદાવર્તી, ગુણ સહવર્તી અને પર્યાય ક્રમવર્તી છે. મુનિદશા એટલે રત્નત્રયનો હાર. તત્ત્વાભ્યાસ કરીને તત્ત્વનો નિર્ણય કરો. નિયત સમયે થનાર પર્યાયને નિયતિ કહે છે. ભવિતવ્ય એટલે થવા યોગ્ય થાય છે. પરમાંથી એકત્વ-મમત્વ-કતૃત્વ-ભોકતૃત્વ બુદ્ધિ ઘટે તો મોક્ષમાર્ગની સિદ્ધિ થાય. ધર્માત્માઓને સંકટ આવે છે કારણકે તેમના પાપકર્મોની નિર્જરા થવાની છે. દેવ-ગુરુ-શાસ્ત્ર તેમના માટે નિમિત્ત છે કે જેઓ સમ્યક્ પુરુષાર્થ કરે છે. છ દ્રવ્યના પરિજ્ઞાનથી ગૃહિત મિથ્યાત્વ અને તત્ત્વને યથાર્થ સમજવાથી અગૃહિત મિથ્યાત્વ ટળે છે. ઈચ્છાઓની પૂર્તિ નહિ, ઈચ્છાઓનું

નિયંત્રણ કરો. ગુરુ આલોચના કરતા રહે ત્યાં સુધી શિષ્ય સુરક્ષિત છે. અન્યાય, અનીતિ અને અભક્ષ્યના ત્યાગ વિના સમ્યક્ત્વ થાય નહિ.

આદ. બા.બ્ર.શ્રી સુરેશજીએ વચનામૃત પત્રાંક-૨૫૪ના આધારે મનનીય સ્વાધ્યાય આપતા જણાવ્યું કે મુમુક્ષુનું ધ્યેય આત્માનુભૂતિ છે. મુમુક્ષુ માટે વૃત્તિને અંતર્મુખ કરવાનો પ્રયત્ન કર્તવ્ય છે. ક્રિયામાં કરુણા, પરિણામમાં શાંતિ અને અભિપ્રાયમાં વીતરાગતા એ મહાપુરુષોના લક્ષણો છે. નિઃશંકતા આવે ત્યારે સાત પ્રકારના ભય ચાલ્યા જાય. છદ્મસ્થનો ઉપયોગ મતિ-શ્રુતજ્ઞાન રૂપે હોય છે. આત્માનો વિષય કરે ત્યારે જ્ઞાન અંતર્મુખ થાય છે અને વિષયોને વિષય કરે ત્યારે બહિર્મુખ થાય છે. યથાર્થ વસ્તુનું ગ્રહણ થાય તેનું નામ સદ્‌વિચાર. દુઃખથી સંપૂર્ણ મુક્ત થવાનો 'ભાવ' નથી થતો તે મોટો દોષ છે. દર્શન મોહનીયને પ્રથમ વખત ઉપશમ કરવા મુનિ જેવો વૈરાગ્ય જોઈએ. શક્તિની અભિવ્યક્તિ કેવી રીતે કરવી તેનો વિચાર મુમુક્ષુને કર્તવ્ય છે. સત્‌દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે અંતરમાં અહોભાવ નથી જાગતો તે પ્રગાઢ દર્શન મોહનીય કર્મને સૂચવે છે. સુખ ચાર પ્રકારે ઉત્પન્ન થાય છે : (૧) વિષયસેવનથી, (૨) વેદનાના અભાવથી, (૩) પુણ્યના ઉદયથી, (૪) (કર્મોથી) મુક્ત થવાથી. વ્યક્તિગત રાગ નહિ, ગુણાનુરાગી બનો. પ્રત્યક્ષમાં દિવ્યતા જોવાનો અભ્યાસ કરીશું તો પરમ વિનય ગુણ પ્રગટશે.

દેવના લક્ષણ - સર્વજ્ઞ, વીતરાગી, ૧૮ દોષોથી રહિત

ગુરુના લક્ષણ - નિર્ગ્રંથ અને રત્નત્રયધારી

શાસ્ત્રના લક્ષણ - અનેકાંતમય, અહિંસા અને વીતરાગતાને પોષક

ધર્મનું લક્ષણ - સ્વભાવની સિદ્ધિ કરે તે ધર્મ.

● **તત્ત્વજ્ઞાન પ્રશ્નોત્તરી :** પર્વ દરમિયાન મુમુક્ષુ ભાઈ-બહેનો દ્વારા તત્ત્વજ્ઞાનને લગતા પૂછાયેલા પ્રશ્નોનું સુંદર સમાધાન આદ. પં.શ્રી સુમતપ્રકાશજીએ કર્યું હતું.

● **ધર્મકથા :** પર્વ દરમિયાન બા.બ્ર.આદ. નિખિલભૈયાએ ગદ્ય-પદ્યયુક્ત શૈલીમાં ધન્ય મુનિરાજની કથાનું અમૃતપાન કરાવ્યું હતું. બા.બ્ર.આદ. શ્રી સુરેશજીએ જ્ઞાનસભર રસપ્રદ શૈલીમાં ભગવાન મહાવીરના જીવનચરિત્રને પ્રસ્તુત કર્યું હતું.

● **ધ્યાનનો અભ્યાસ :** પર્યુષણપર્વ દરમિયાન બા.બ્ર.આદ. સુરેશજીએ સવારે સૌને ધ્યાનનો અભ્યાસ કરાવ્યો હતો.

● **ભક્તિસંગીત :** તા. ૬-૯-૨૦૧૮ના રાત્રે મુમુક્ષુ ભાઈ-બહેનોએ ભાવવાહી ભક્તિપદો પ્રસ્તુત કર્યા હતા. તા. ૧૧-૯-૨૦૧૮ના રાત્રે આદ. શ્રી મોનિકાબેને સ્વર, લય અને ભાવના ત્રિવેણી સંગમમાં ભક્તિરસ પીરસીને સૌના અંતરના તારને પ્રભુ-ગુરુ પ્રેમથી ઝંકૃત કરી દીધા હતા.

● **જીવનસૌંદર્ય - દિવાળી પુસ્તિકાનું વિમોચન :** નૂતન વર્ષાભિનંદન પાઠવવા સંસ્થા પ્રકાશિત ૩૮ મી દિવાળી પુસ્તિકા 'જીવનસૌંદર્ય' નું વિમોચન તા. ૯-૯-૨૦૧૮ના રોજ બા.બ્ર.આદ.પં.શ્રી સુમતપ્રકાશજીના વરદ હસ્તે કરવામાં આવ્યું. શ્રી શરદભાઈ ડેલીવાળાએ સંક્ષિપ્તમાં પુસ્તિકા વિશે માહિતી આપી. એક મુમુક્ષુ બહેન તરફથી આ પુસ્તિકાની પ્રભાવના કરવામાં આવી.

● **સાંસ્કૃતિક કાર્યક્રમો :** તા. ૭-૯-૨૦૧૮ના રાત્રે સંસ્થા સંચાલિત ગુરુકુળના બાળકોએ 'છ લેશ્યા' આધારિત નાટિકા તથા અણુવ્રત વિષયક અભિનયગીત પ્રસ્તુત કર્યું. આદ. મુરબ્બી શ્રી સુસ્મિતાબેન શાહે (મુંબઈ) બાળકોને સુંદર તૈયારી કરાવી હતી. બા.બ્ર.આદ. ડૉ. રાગિણીબેને અમૃતાદેવી સ્મૃતિ પુરસ્કાર, વિશ્નોઈ પ્રજા, પર્યાવરણ સુરક્ષા અર્થે વૃક્ષારોપણ અને વૃક્ષોની કાળજી અંગેનો નિર્ણય વગેરે બાબતે સુંદર ચર્ચા કરી હતી. મુંબઈના મુમુક્ષુઓએ 'આપણા કૃપાળુદેવ, આપણા સદ્ગુરુદેવ' નાટક સુંદર અભિનય સાથે પ્રસ્તુત કર્યું હતું.

● **ધાર્મિક ક્વીઝ :** તા. ૧૨-૯-૨૦૧૮ના રાત્રે બા.બ્ર.આદ. શ્રી સુરેશજી રચિત 'પંથ પરમપદ' પુસ્તક અંતર્ગત 'મુનિઓના આચાર (સકલ ચારિત્ર)' વિષયના આધારે ક્વીઝ યોજાયી હતી. ક્વીઝ માટેની સુંદર તૈયારી અને સંચાલન પ્રતિભાસંપન્ન યુવામુમુક્ષુ બ્ર.શ્રી કપિલભાઈએ કર્યું હતું. નિર્ણાયક તરીકે બા.બ્ર.સુરેશજી, બા.બ્ર. અલકાબેન, આદ. શ્રી ચંપકભાઈ પરમાર્થી તથા શ્રી કીંતનભાઈ મણિયારે સેવાઓ આપી હતી. ક્વીઝમાં ૧૨ મુમુક્ષુ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ ગ્રુપ પૈકી દર્શન ગ્રુપે આગવું સ્થાન મેળવ્યું હતું. દર્શન ગ્રુપ (૧) ડૉ. રાગિણીબેન શાહ, (૨) શ્રી અનુપમભાઈ શાહ, (૩) શ્રી પૂર્ણિમાબેન શાહ.

● **પ્રકીર્ણ :** પૂર્વ દરમિયાન આજ્ઞાભક્તિ, જિનાભિષેક, જિનપૂજા, દેવવંદન અને બૃહદ્ આલોચના જેવા કાર્યક્રમો યોજાયા હતા. સંસ્થાના પ્રકાશનો, ડીવીડી વગેરે પર ૫૦% ડિસ્કાઉન્ટ જાહેર કરવામાં આવ્યું હતું. સંવત્સરીના દિવસે સાંવત્સરિક પ્રતિક્રમણ કરીને એકબીજાને મિચ્છામિ દુક્કડમ્ પાઠવી, જીવદયા ક્ષેત્રે યથાશક્તિ ફાળો નોંધાવીને સૌ છૂટાં પડ્યાં. આ દિવસે આદ શ્રી ઈન્દિરાબેન ઝવેરી તરફથી શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી.

## શ્રી પર્યુષણ પર્વ નિમિત્તે સંસ્થામાં તપની આરાધના

तपसा निर्जरा च । તપ કરવાથી કર્મોની નિર્જરા થાય છે. कर्मक्षयार्थम् तप्यते इति तपः । કર્મક્ષયના લક્ષ્યપૂર્વક સંસ્થામાં મુમુક્ષુ ભાઈ-બહેનોએ ઉપવાસ, એકાસણા, ઊણોદરી, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ જેવી વૈવિધ્યપૂર્ણ તપશ્ચર્યા કરી હતી. પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ હસ્તે તપસ્વીઓના પારણા થયા હતા. સંસ્થા તપસ્વી ભાઈ-બહેનોના તપની અનુમોદના કરે છે અને ધન્યવાદ પાઠવે છે :

(૧) શ્રી મીનાબેન અનિલકુમાર મહેતા - ૧૧ ઉપવાસ, (૨) શ્રી રેખાબેન સુરેશભાઈ શાહ - ૮ ઉપવાસ, (૩) શ્રી શરદભાઈ જશવાણી - ૫ ઉપવાસ, (૪) શ્રી પારુલબેન જશવાણી - ૫ ઉપવાસ, (૫) શ્રી સંતોષકુમાર જૈન - ૪ આયંબિલ, ૧ ઉપવાસ, (૬) શ્રી સુરેશભાઈ પારેખ (બેંગ્લોર) - ૪ આયંબિલ, ૧ ઉપવાસ, (૭) શ્રી મયંકભાઈ કારાણી - અઠ્ઠમ તપ, (૮) પૂજ્ય બહેનશ્રી - છઠ્ઠ, (૯) શ્રી નિર્મળાબેન રસિકલાલ મહેતા - છઠ્ઠ.

સંસ્થાના સાધક આદ.શ્રી અનુપમભાઈ શાહના સુપુત્રી આદ.શ્રુતિબેને દશલક્ષણપર્વ દરમિયાન ૧૦ ઉપવાસ કર્યા હતા. શ્રી મહાવીર સ્વામી દિગંબર જૈન મંદિર, કાંદીવલી, મુંબઈમાં શ્રી દશલક્ષણપર્વનું વિધાન ભણાવવામાં આવ્યું હતું. પૂનમના દિવસે આ સ્થળે તપસ્વીઓના પારણાનો પ્રસંગ સંપન્ન થયો હતો. શ્રી શ્રુતિબેન આપણી સંસ્થામાં અવારનવાર પધારીને સત્સંગ-ભક્તિનો લાભ લે છે. સમગ્ર કોબા પરિવાર શ્રુતિબેનના તપની અનુમોદના કરે છે.

## સંસ્થામાં પૂજ્ય મુનિ ભગવંતોનું આગમન

સંસ્થામાં તા. ૧૦-૯-૨૦૧૮ના રોજ પૂજ્ય આચાર્ય ૧૦૮ શ્રી સુનિલસાગરજી મહારાજના શિષ્યરત્ન પૂ. મુનિ ૧૦૮ શ્રી સુશ્રુતસાગરજી તથા પૂ. મુનિ ૧૦૮ શ્રી શ્રુતાંશસાગરજી મહારાજ પધાર્યા હતા. મુનિઓના આગમનથી સંસ્થામાં હર્ષનું વાતાવરણ સર્જાયું. સૌએ મુનિભગવંતોનું હૃદયના ઉમળકાથી સ્વાગત કર્યું. પૂજ્ય મુનિ ભગવંતે પ્રવચનમાં પુરુષાર્થનો મહિમા, ધર્મનું મહત્ત્વ, જિનવાણીનું શરણ, મહાવ્રતોનું મહત્ત્વ, આત્માનુભવ વગેરે મુદ્દાઓ વિશે સમજણ આપી હતી. સવારે નિત્યભક્તિ બાદ પૂ. મુનિશ્રીએ ધ્યાનનો અભ્યાસ કરાવ્યો હતો.

## પૂજ્ય ભાનુવિજયજી મહારાજ વિરચિત 'અપૂર્વ અવસર' પુસ્તકનું સંસ્થામાં વિમોચન

પરમકૃપાળુદેવના 'અપૂર્વ અવસર' (ગુણસ્થાનક આરોહણક્રમ)ના આધારે પૂ. ભાનુવિજયજી મહારાજના પ્રવચનો થયા હતા. આ પ્રવચનોના સંગ્રહરૂપ 'અપૂર્વ અવસર' પુસ્તકનું વિમોચન તા. ૧૩-૯-૨૦૧૮ના રોજ સંસ્થામાં પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ હસ્તે કરવામાં આવ્યું. પુસ્તકના વેચાણ પર ડિસ્કાઉન્ટ જાહેર કરવામાં આવ્યું હતું.

## ડૉ. રાગિણીબેનને અમૃતાદેવી સ્મૃતિ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો

રાજસ્થાન સરકારના વનવિભાગ દ્વારા પ્રતિવર્ષ વનવિકાસ, વનસંરક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય કરનારને પ્રતિષ્ઠિત અમૃતાદેવી વિશ્નોઈ સ્મૃતિ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે. વર્ષ-૨૦૧૭નો આ પ્રતિષ્ઠિત એવોર્ડ બાંસવાડા (રાજસ્થાન)ના પર્યાવરણપ્રેમી અને આપણી સંસ્થાના ઉત્તમ મુમુક્ષુ ડૉ. રાગિણીબેનને એનાયત કરવામાં આવ્યો છે; જે આપણા સૌના માટે આનંદ અને ગૌરવની બાબત છે. ડૉ. રાગિણીબેને કેટલાય વર્ષોથી બાંસવાડા જિલ્લામાં વૃક્ષારોપણ કરીને સૂકી ભૂમિને નવપલ્લવિત કરીને પર્યાવરણક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. આ મહત્ત્વપૂર્ણ યોગદાન બદલ રાજસ્થાનના વનમંત્રી શ્રી ગજેન્દ્રસિંહ ખીવસરના વરદ હસ્તે તા. ૨૮-૮-૨૦૧૮ના રોજ આયોજિત વનમહોત્સવ પ્રસંગે ડૉ. રાગિણીબેનને પ્રશસ્તિપત્ર તથા રૂા. ૫૦,૦૦૦/-નો ચેક અર્પણ કરવામાં આવ્યો. આ પ્રસંગથી પર્યાવરણ પ્રેમીઓમાં હર્ષની લાગણી વ્યાપી છે.

ડૉ. રાગિણીબેને વિનય, વિવેક, સરળતા, કરુણા, ત્યાગ, વૈરાગ્ય, સમતા જેવા અનેકવિધ સદ્‌ગુણોની પ્રાપ્તિ દ્વારા સદ્‌ગુણોની સુવાસ ફેલાવી છે. આધ્યાત્મિક વિકાસ સાથે તેઓએ સમાજસેવા અને પર્યાવરણ ક્ષેત્રે પણ નોંધપાત્ર પ્રદાન કર્યું છે. સ્વ-પર કલ્યાણમય જીવન જીવતા ડૉ. રાગિણીબેનનું જીવન સૌના માટે પ્રેરણાદાયી છે. સંસ્થા દ્વારા ડૉ. રાગિણીબેનના સદ્‌ગુણોની અનુમોદના કરી, શાલ ઓઢાડીને તેઓનું અભિવાદન કરવામાં આવ્યું. ડૉ. રાગિણીબેન સ્વ-પર હિતકારી જીવન દ્વારા અભ્યુદયને પ્રાપ્ત કરતા રહે તેવી સમગ્ર કોબા પરિવારની પ્રભુને પ્રાર્થના છે.

## સંસ્થામાં શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર પૂજા-પારાયણ સંપન્ન

આપણી સંસ્થામાં સ્વ. ચંદુલાલ પારેખની પુણ્યતિથિ નિમિત્તે તા. ૧૬-૯-૨૦૧૮ના રોજ આદ. શ્રીમતી સરોજબેન ચંદુલાલ પારેખ પરિવાર (રાજકોટ) તરફથી શ્રી આત્મસિદ્ધિ પૂજા-પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. કોબાના યુવાસાધકો બા.બ્ર.શ્રી સુરેશજી, બા.બ્ર. શ્રી અલકાબેન તથા બ્ર.શ્રી

કપિલભાઈએ મધુર કંઠે ભાવયુક્ત સંગીત સહ ઉપરોક્ત પારાયણ કરાવ્યું હતું. પારાયણ અંતર્ગત શ્રી આત્મસિદ્ધિ માટે પૂર્ણાર્ધ ચઢાવવામાં આવ્યા હતા. શ્રી આત્મસિદ્ધિ પૂજા, જયમાલા અને આરતી બાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.

પૂજ્યશ્રી આત્માનંદજીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ... ગાથાના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે પોતાના સાચા સ્વરૂપની ઓળખાણ ન હોવાને કારણે જીવ અનાદિકાળથી સંસારમાં રખડે છે. જીવ શરીરને પોતાનું માની ભ્રમમાં પડીને દુઃખી થાય છે. આત્માને જાણી, શ્રદ્ધી અને તેનું જ રટણ કરવાથી આત્માનો અનુભવ થાય છે. વારંવાર ચિંતન અને ધ્યાનથી આત્માનું સ્વરૂપ અનુભવમાં આવે છે અને જીવ ધન્ય બની જાય છે.

આદ. સરોજબેન પારેખ પ્રસંગોપાત સંસ્થામાં પધારીને સત્સંગનો લાભ લે છે. આ પ્રસંગે શ્રી સરોજબેનના સુપુત્રો શ્રી શૈલેશભાઈ, શ્રી અશ્વિનભાઈ તથા સુપુત્રી શ્રી રૂપલબેન પરિવાર સહ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના સિનિયર મુમુક્ષુ આદ. શ્રી મનહરભાઈ જશવાણીએ સંસ્થા વતી પધારેલા મહેમાનોનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે આદ. શ્રી સરોજબેન ચંદુલાલ પારેખ પરિવાર તરફથી સંસ્થાને રૂા. ૮૨,૦૦૦/-નું દાન, સ્વામિવાત્સલ્ય તથા રૂા. ૧૦/-ની પ્રભાવના રાખવામાં આવ્યા હતા. આ ઉપરાંત આદ. શ્રી શશીકાંતભાઈ સંઘવી તરફથી સ્વ. પ્રવીણાબેનની ૨૨ મી પુણ્યતિથિ નિમિત્તે સંસ્થાને રૂા. ૫૧,૦૦૦/-નું દાન જાહેર કરવામાં આવ્યું હતું.

## સંસ્થામાં દશલક્ષણ પર્વની ઉજવણી

સંસ્થામાં તા. ૧૪-૯-૨૦૧૮ થી તા. ૨૩-૯-૨૦૧૮ દરમિયાન દશલક્ષણ પર્વની ઉજવણી કરવામાં આવી. પર્વ દરમિયાન જિનાભિષેક, જિનપૂજા, સ્વાધ્યાય, ભક્તિ આદિ કાર્યક્રમો યોજાયા હતા. તા. ૧૪-૯-૨૦૧૮ના દિવસે પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં સાંવત્સરિક પ્રતિક્રમણ કરવામાં આવ્યું. પ્રતિક્રમણ બાદ સૌએ એકબીજાને 'મિચ્છા મિ દુક્કડમ્' પાઠવ્યા હતા.

## અદ્‌ભુત તપસ્વી પૂજ્ય ૧૦૮ મુનિશ્રી પ્રસન્નસાગરજી

પૂજ્ય મુનિશ્રી ૧૦૮ તરુણસાગરજી જેવા અનેક મહાયશસ્વી સંતોના ગુરુવર પૂજ્ય ૧૦૮ આચાર્યશ્રી પુષ્પદંતસાગરજીના શિષ્ય મહાતપસ્વી અંતર્મના પૂજ્ય ૧૦૮ મુનિશ્રી પ્રસન્નસાગરજીના ૬૪ દિવસના ઉપવાસવાળા ૬૪ ઋદ્ધિ અનુષ્ઠાનની નિર્વિઘ્ને પૂર્ણાહુતિ થઈ. પંચમકાળમાં આવું મહાન તપ કરવું એ આશ્ચર્યકારક છે.

ઉલ્લેખનીય છે કે મુનિશ્રીએ એક વર્ષ પહેલાં અતિશયક્ષેત્ર શ્રી પદ્‌મપુરામાં સૌથી દુર્ઘટ 'સિંહનિષ્ક્રીડિત' વ્રતનું અનુષ્ઠાન કર્યું હતું. આ વ્રતમાં ૧૮૦ દિવસમાં માત્ર ૨૭ દિવસ જ આહાર ગ્રહણ કર્યો હતો અને દરરોજ આશરે ૧૮ થી ૨૦ કલાક જ્ઞાન-ધ્યાન-તપમાં વ્યતીત કરતા હતા. સમસ્ત કોબા પરિવાર મુનિશ્રીના તપયુક્ત જીવનની અનુમોદના કરીને ભાવપૂર્વક વંદન કરે છે.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

**ભોજનાલય :** ૧. સ્વ. ઈન્દુમતીબેન મનસુખલાલ ગોસલિયા (કાયમી તિથિ) રૂ.૧,૫૦,૦૦૦/-
હસ્તે : શ્રી કમલેશભાઈ મનસુખલાલ ગોસલિયા, ચેન્નાઈ

૨. સ્વ. શારદાબેન ચીમનલાલ શાહ (કાયમી તિથિ) રૂ.૧,૫૦,૦૦૦/-
હસ્તે : શ્રી વીણાબેન કમલેશભાઈ ગોસલિયા, ચેન્નાઈ

૩. શ્રી મંજુબેન ધીરુભાઈ ડગલી (કાયમી તિથિ) ૨૧૦૦ ડોલર
હસ્તે : ડૉ. રાજેશભાઈ ધીરુભાઈ ડગલી (યુ.એસ.એ.)

૪. શ્રી નયનાબેન એસ. દોશી, મુંબઈ રૂ. ૧૧,૧૧૧/-

**ગુરુકુળ :** ૧. શ્રી કિરીટભાઈ રેવાશંકર સંઘવી (રાજકોટ) રૂ. ૫૧,૦૦૦/-
હસ્તે શ્રી હર્ષદ રેવાશંકર સંઘવી (પંખીચણ, છાશકેન્દ્ર, મેડિકલ સેન્ટર)

**મેડિકલ સેન્ટર :** ૧. સ્વ. ચંદુભાઈ પારેખની ૧૫મી પુણ્યતિથિ નિમિત્તે રૂ. ૮૨,૦૦૦/-
હસ્તે શ્રી સરોજબેન પારેખ, રાજકોટ
(દિવ્યધ્વનિ સહાય, ભોજનાલય, શ્રી આત્મસિદ્ધિ પૂજા)

૨. સ્વ. પ્રવીણાબેન શશીકાંતભાઈ સંઘવી રૂ. ૨૫,૦૦૦/-
હસ્તે શ્રી શશીકાંતભાઈ રેવાશંકર સંઘવી, રાજકોટ

**ભાવપૂજા કેસેટ :** ૧. શ્રી દિવ્યેશભાઈ બાટવિયા, બેંગ્લોર રૂ. ૩૧,૦૦૦/-

**દૈનિકભક્તિ સી.ડી. :** શ્રી સરલાબેન બકુલભાઈ પારેખ, ચેન્નાઈ રૂ. ૨૧,૦૦૦/-

**મંદિરજી સેવા :** ૧. શ્રી સુધાબેન પ્રફુલભાઈ લાખાણી, કોબા રૂ. ૧૧,૦૦૦/-

**ઓડિયો-વીડિયો - પૂજ્યશ્રી પ્રોજેક્ટ :**

૧. શ્રી બિરેન પ્રવીણભાઈ મહેતા (CA, USA) ૩૧૦૦ ડોલર
(મેડિકલ, ભોજનાલય, ગુરુકુળ)


૨. શ્રી પ્રદીપભાઈ અને હાર્દિકાબેન શાહ (CA, USA) ૨૦૦૦ ડોલર
(મેડિકલ, ભોજનાલય, ગુરુકુળ)

## વૈરાગ્ય સમાચાર



**[૧] ખજૂરાહો :** પૂજ્ય આચાર્યશ્રી વિદ્યાસાગરજી મહારાજ (સસંઘ)ના સાન્નિધ્ય અને નિર્દેશનમાં દસ પ્રતિમાધારી **શ્રી જયસુખભાઈ વસાણી** (સી.એ., મુંબઈ)ની સંલેખના છેલ્લા ૨૫ દિવસથી ચાલી રહી હતી. તા. ૨૩-૯-૨૦૧૮ અનંત ચૌદસના દિવસે ૭૮ વર્ષની વયે સંથારો સીજી ગયો છે. છેલ્લા ૨૦ વર્ષોથી તેઓ વ્રતીજીવન જીવતા હતા. ૧૬ જળ ઉપવાસ અને ૬ ઉપવાસ (અંતસમયે) સાથે તેઓએ મૃત્યુને મહોત્સવ બનાવી દીધું. એક શ્રાવક વ્રતોના પાલન દ્વારા અને અંતમાં

ગરિમાપૂર્ણ સલ્લેખના ગ્રહણ કરીને ઉત્કૃષ્ટ શ્રાવકજીવન કેવી રીતે જીવી શકાય તેનું ઉત્તમ ઉદાહરણ શ્રી જયસુખભાઈએ પૂરું પાડ્યું છે, જે આપણા સૌના માટે અનુકરણીય અને પ્રેરણાદાયક છે. તેઓશ્રીના ધર્મપત્ની સરોજબેન ૭ પ્રતિમાધારી છે અને તેઓશ્રીની સુપુત્રી બા.બ્ર. તેજલદીદી તથા બા.બ્ર.એકતાદીદી જબલપુર (મ.પ્ર.) 'પ્રતિભાસ્થલી'માં બહેનો માટે સંસ્કારસિંચનનું કાર્ય કરી રહ્યા છે. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે અને આગામી થોડા ભવોમાં પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને ભાવપૂર્વક પ્રાર્થના છે.



**[૨] બાપુપુરા (તા. માણસા) :** આપણી સંસ્થાના સન્નિષ્ઠ કાર્યકર્તા શ્રી હરીશભાઈ ચૌધરીના માતુશ્રી **જતનબેન જોઈતાભાઈ ચૌધરી**નું તા. ૧૬-૯-૨૦૧૮ના દિવસે ૯૦ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓ પ્રસંગોપાત સંસ્થામાં પધારતા. પૂજ્યશ્રી પ્રત્યે તેઓને અત્યંત અહોભાવ હતો. પ્રભુભક્તિ તેઓને પ્રિય હતી. તેઓ ધર્મવૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતા. સરળતા એ તેઓના વ્યક્તિત્વની વિશેષતા હતા. આનંદમાં રહેવું ને બીજાને આનંદમાં રાખવા એ તેઓની ખાસિયત હતી. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

## સમાધિતંત્ર - અમૃતરસપાન

**(પાના નં. ૧૩ પરથી ચાલુ...)**

બંધાયેલ છે. તે છૂટવા માગે તો છૂટી શકે છે. જેમ ઘરમાં રહેતો માણસ અનેક કાર્યોમાં, ઉપાધિઓમાં, જંજાળમાં ફસાયેલો છે પણ માણસ તરીકે છૂટો છે; તેમ જીવ વિભાવની જાળમાં બંધાયેલ છે, ફસાયેલ છે પણ પ્રયત્ન કરે તો પોતે છૂટો જ છે એમ જણાય. ચૈતન્ય પદાર્થ તો છૂટો જ છે. ચૈતન્ય તો જ્ઞાન-આનંદની મૂર્તિ-જ્ઞાયકમૂર્તિ છે પણ પોતે પોતાને ભૂલી ગયો છે. વિભાવની જાળ પાથરી છે. વિભાવની જાળમાં ફસાઈ ગયો છે. પણ પ્રયત્ન કરે તો છૂટો જ છે. દ્રવ્ય બંધાયેલ નથી.

પૂ. આચાર્યદેવે આ શ્લોકથી તત્ત્વ અને મન વિષયક સ્પષ્ટતા ઉત્તમ રીતે દર્શાવી છે. અવિક્ષિપ્ત મન નિર્વિકલ્પ સ્વરૂપ છે અને વિક્ષિપ્ત મન રાગદ્વેષાદિ તરંગો રૂપ છે. બુંદમાં સમુંદ મૂક્યો છે.

- અવિક્ષેપી મન આત્મા, વિક્ષેપી આત્મ ભ્રાન્તિ જો;  
  અવિક્ષેપી કરો ચિત્ત, તેથી વિક્ષેપી ના રહો.  
  **- પૂ. બ્રહ્મચારીજી**
- અવિક્ષિપ્ત મન તત્ત્વ નિજ, ભ્રમ છે મન વિક્ષિપ્ત;  
  અવિક્ષિપ્ત મનને ધરો, ધરો ન મન વિક્ષિપ્ત.  
  **- શ્રી છોટાલાલભાઈ જી. ગાંધી**
- संक्षोभ-हीन मन आतम का स्वभाव,  
  संमोह-मति-मय-मानस है विभाव ।  
  सारे अतः मलिन मानस को धुलाओ  
  आदर्श सादृश विशुद्ध उसे सजाओ ॥  
  **- પૂ. આચાર્ય વિદ્યાસાગરજી મહારાજ**

**(ક્રમશઃ)**

• • •

**ચક્રવર્તીની સમસ્ત સંપત્તિ કરતાં પણ જેનો એક સમયમાત્ર પણ વિશેષ મૂલ્યવાન છે એવો આ મનુષ્યદેહ અને પરમાર્થને અનુકૂળ એવા યોગ સંપ્રાપ્ત છતાં જો જન્મમરણથી રહિત એવા પરમપદનું ધ્યાન રહ્યું નહીં તો આ મનુષ્યત્વને અધિષ્ઠિત એવા આત્માને અનંતવાર ધિક્કાર હો ! - શ્રીમદ્ રાજચંદ્રજી**

# સંસ્થામાં પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વની ઉજવણી વેળાની તસવીરો
## (તા. ૬-૯-૨૦૧૮ થી તા. ૧૩-૯-૨૦૧૮)



સંસ્થામાં પૂજ્ય મુનિભગવંતોનું આગમન



સાંવત્સરિક પ્રતિક્રમણ વેળાએ



તપસ્વીઓના પારણા



શ્રી અનુપમભાઈ શાહના સુપુત્રી શ્રુતિબેનના પારણા



સંસ્થા દ્વારા ડૉ. રાગિણીબેનનું અભિવાદન



ડૉ. રાગિણીબેનને એનાયત થયેલ અમૃતાદેવી સ્મૃતિ પુરસ્કાર (તા. ૨૮-૮-૧૮)







સ્વ. ચંદુલાલ પારેખ (રાજકોટ)ની પુણ્યતિથિ નિમિત્તે સંસ્થામાં શ્રી આત્મસિદ્ધિ પૂજા પારાયણ (તા.૧૬-૯-૧૮)

**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
**Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal Regd. No. : GAMC - 309/2018-2020**
**issued by SSP Ahmedabad valid upto 31-12-2020 - Publication Date 15th of every month**

## સંસ્થા પ્રકાશિત દિવાળી પુસ્તિકા 'જીવનસૌંદર્ય'નું વિમોચન કરતા બા.બ્ર.આદ. શ્રી સુમતપ્રકાશજી
(તા. ૯-૯-૨૦૧૮)






દિવાળી પુસ્તિકા
'જીવનસૌંદર્ય'નું મુખપૃષ્ઠ

### આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

૧ 'દિવ્યધ્વનિ' ઓક્ટોબર - ૨૦૧૮ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ
**સ્વ. સુશીલાબેન ભોગીભાઈ શાહ** (અમદાવાદ), હસ્તે આદ.ડો. અજયભાઈ બી. શાહ પરિવાર
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

૨ 'દિવ્યધ્વનિ' ઓક્ટોબર - ૨૦૧૮ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ
**સ્વ. નલીનકાંત હઠીચંદ દોશી** (બગસરા, હાલ મુંબઈ), હસ્તે શ્રીમતી સુભદ્રાબેન દોશી પરિવાર
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

**Printed & Published by** Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
**Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra** - Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat).
Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah

To,